સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૭૪ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in pratapdarpan_official pratapdarpansrt@gmail.com pratapdarpan_official11

# ગેસનો પુરવઠો બંધ : દેશભરમાં હોટેલ-રેસ્ટોરાં ઉદ્યોગ પર સંકટ

## મહારાષ્ટ્રમાં ગેસ આધારિત સ્મશાનો પણ બંધ કરવા પડ્યા

નવી દિલ્હી, તા. ૧૦

મધ્ય પૂર્વમાં સર્જાયેલી યુધ્ધની પરિસ્થિતિના કારણે ક્રુડ તેલ અને ગેસના પુરવઠાને મોટી અસર થઈ છે અને એક તરફ સરકારે ઘરેલું ગેસમાં ભાવવધારો કર્યો છે અને કોમર્શીયલ ગેસને પણ મોંઘા બનાવ્યા છે તથા હાઉસહોલ્ડ એલપીજીના બુકીંગના નિયમો પણ ફેરવ્યા છે. પરંતુ ૧૯ કિલોના કોમર્શીયલ ગેસ સીલીન્ડરના પુરવઠા પર મોટી અસર થતાં અને સરકારે ઘરેલું ગેસ સપ્લાયને અગ્રતા આપવાની જાહેરાત કરતાં દેશભરમાં હોટલ-રેસ્ટોરા માટેના કોમર્શીયલ ગેસની સપ્લાય ખોરવાતા કર્ણાટક, રાજસ્થાન, મહારાષ્ટ્ર સહિતના રાજ્યોમાં રેસ્ટોરા અને હોટલો ધડાધડ બંધ થવા લાગ્યા છે.

નેશનલ રેસ્ટોરન્ટ એસો. ઓફ ઈન્ડિયા પેટ્રોલિયમ મંત્રાલયને એક પત્ર લખીને કોમર્શીયલ ગેસ સીલીન્ડરની અછતના કારણે જે અભૂતપૂર્વ પરિસ્થિતિ ઉભી થઈ છે તેના સંદર્ભમાં તાત્કાલીક કેન્દ્ર સરકારની દરમ્યાનગીરી માંગી છે.

દેશભરમાં પાંચ લાખથી વધુ રેસ્ટોરાઓ માટે આ ૧૯ કિલોના ગેસ

## બેંગલોરમાં આજથી તમામ હોટેલોને તાળા મારી દેવાયા



## કેન્દ્રની દરમિયાનગીરી માંગતુ હોટેલ-રેસ્ટોરાં એસોસીએશન

સીલીન્ડર એ ઈંધણનો મહત્વપૂર્ણ પુરવઠો બની ગયો છે અને યુધ્ધના કારણે ગેસની સપ્લાય જે રીતે મર્યાદિત બની છે તેમાં સરકારે ઘરેલું માંગને પહોંચી વળવા માટે કોમર્શીયલ ગેસ સીલીન્ડરના પુરવઠાને બંધ કરતાં કે મર્યાદિત કરતાં તેના કારણે હોટલ-રેસ્ટોરા ઉદ્યોગો પર મોટી આફત જેવી સ્થિતિ છે.

બેંગ્લોરમાં હોટલ અને રેસ્ટોરા એસો.એ ગેસના પુરવઠામાં કાપને કારણે આજથી હોટલ-રેસ્ટોરા બંધ કરવા નિર્ણય લીધો છે અને તેને કારણે લાખો લોકોની રોજગારીને પણ મોટી અસર થશે. તેલ કંપનીઓએ આગામી ૭૦ દિવસ સુધી પુરવઠાને કોઈ આંચ આવશે નહી તેવી જાહેરાત કરી હતી પરંતુ અચાનક જ ગેસ પુરવઠો રોકી દેતા સૌ પ્રથમ અસર હોટલ અને રેસ્ટોરાના વ્યાપારીઓ પર પડી છે અને એટલું જ નહી અનેક સ્મશાન ગૃહો પર જે ગેસ આધારીત છે તેને પણ પુરવઠો ખોરવાતા બંધ કરવાની ફરજ પડી છે. પુનામાં કોર્પોરેશન સંચાલિત ૧૮ સ્મશાન ગૃહોમાં હવે લાકડાથી મૃતદેહોને અંતિમ સંસ્કાર અપાશે તેવી જાહેરાત કરી છે. દેશભરમાં એક

અનુસંધાન પાના ૭ પર

## કોમર્શીયલ ગેસ વિતરણ માટે કેન્દ્ર સરકારે સમિતિ બનાવી

નવી દિલ્હી, તા. ૧૦

દેશભરમાં હોટેલ-રેસ્ટોરા ઉદ્યોગને કોમર્શીયલ ગેસ સીલીન્ડરની અછતનો સામનો કરવો પડી રહ્યો છે તે વચ્ચે સર્જાયેલી પરિસ્થિતિ બાદ કેન્દ્ર સરકારે હવે કોમર્શીયલ ગેસ સીલીન્ડરની હોટેલ-રેસ્ટોરા ઉદ્યોગને સપ્લાય કરવા માટે એક કમીટી બનાવવાની જાહેરાત કરી છે. જેમાં આ ઉદ્યોગના પ્રતિનિધિઓને પણ જોડી દેવાશે. કેન્દ્રીય પેટ્રોલીયમ મંત્રાલય દ્વારા આ અંગે જે રીતે દેશભરમાં પરિસ્થિતિ સર્જાઈ છે તેનો પડઘો દિલ્હીમાં પડ્યો છે.ખાસ કરીને સરકાર દ્વારા આ અંગે ઓઈલ કંપનીઓ પાસેથી તાત્કાલીક માહિતી મેળવાઈ છે અને તે ડેટા આવ્યા બાદ સરકાર ૧૯ કિલોના સીલીન્ડરોની સપ્લાય અંગે કોઈ નીતિ નિશ્ચિત કરશે. મંત્રાલયે અગાઉ લખ્યું હતું કે હાલ ઘરેલું ગેસ સપ્લાયને મહત્વ આપવામાં આવી રહ્યું છે અને તે મુજબ હાઉસહોલ્ડ ગેસમાં પણ નોંધણીનો ગાળો વધારાયો છે. સરકાર પરિસ્થિતિ પર સતત નજર રાખી રહી છે પરંતુ જે કાંઈ પુરવઠો ઉપલબ્ધ છે તે મળશે.

# પાક.માં પેટ્રોલ-ડીઝલની કારમી અછતથી લોક ડાઉનનો અમલ

### સ્કૂલો બે અઠવાડિયા માટે બંધ, કર્મચારીઓ માટે વર્ક ફ્રોમ હોમ અને મંત્રીઓના પગાર-વિદેશ પ્રવાસો પર રોક

નવી દિલ્હી, તા. ૧૦

પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે સોમવારે વધતી ઓઈલ કિંમતોને ધ્યાનમાં રાખીને ખર્ચમાં કાપ મૂકવાની યોજનાની જાહેરાત કરી છે. આ અંતર્ગત સરકારી કચેરીઓ અઠવાડિયામાં માત્ર ચાર દિવસ ખુલશે અને અડધા કર્મચારીઓ વર્ક ફ્રોમ હોમ કરશે. આ અઠવાડિયાના અંતથી શાળાઓ બે અઠવાડિયા માટે બંધ રહેશે.પાકિસ્તાની ન્યૂઝ ચેનલ જિયો ન્યૂઝ અનુસાર, મંત્રીઓ અને સલાહકારોના વિદેશ પ્રવાસો રોકી દેવામાં આવ્યા છે. મંત્રીઓ બે મહિના સુધી પગાર નહી લે અને સાંસદોના પગારમાં ૨૫%નો ઘટાડો થશે.તેમજ, પાકિસ્તાનમાં હવે બે મહિના સુધી સરકારી વાહનોને ૫૦% ઓછું ઈંધણ મળશે. ૬૦% સરકારી વાહનો ચાલશે નહી. તમામ સરકારી વિભાગો પોતાના ખર્ચમાં ૨૦%નો ઘટાડો કરશે.

શરીફે કહ્યું કે અમેરિકા-ઈઝરાયલ-ઈરાન સંઘર્ષને કારણે ક્રૂડ ઓઈલની કિંમત ૬૦ ડોલરથી વધીને ૧૦૦

અનુસંધાન પાના ૭ પર

### પેટ્રોલ પંપો પર ભીડ જામી

કિંમતોમાં વધારાના સમાચાર આવ્યા પછી તરત જ પાકિસ્તાનના મોટા શહેરો જેવા કે લાહોર અને કરાચીમાં પેટ્રોલ પંપો પર ભારે ભીડ જામી ગઈ. લોકો કલાકો સુધી પોતાની વારીની રાહ જોતા જોવા મળ્યા. લોકોને ડર છે કે આવનારા દિવસોમાં ક્યાંક ઓઈલની અછત ન સર્જાય.

# યુદ્ધ ક્યારે પુરુ કરવું તે અમે નક્કી કરીશું : ઈરાનનો દાવો

### હોર્મુઝ જળમાર્ગ બંધ કરવા પણ ઈરાન મક્કમ

નવી દિલ્હી, તા. ૧૦

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હવે ઈરાનની લશ્કરી તાકાત ખત્મ થઈ છે અને યુદ્ધ બહુ જલ્દી પુરુ થશે તેવા ટ્રમ્પના દાવા પર વળતો જવાબ આપતા ઈરાને જાહેર કર્યુ કે યુદ્ધ અમેરિકાએ શરૂ કર્યુ હતું પણ ખત્મ અમો કરીશું.

યુદ્ધ કયારે ખત્મ કરવું તે અમો નકકી કરશું. ઈરાનના ઈસ્લામીક રીવોલ્યુશનરી ગાર્ડ કોપ્સ એ જાહેર કર્યુ કે, આ ક્ષેત્ર (મધ્યપુર્વના) સમીકરણો અને ભવિષ્યમાં કેવી સ્થિતિ હશે તે હવે તહેરાનના હાથમાં છે.

અમેરિકી સેના યુદ્ધ ખત્મ કરી શકે નહી. ઈરાને જણાવ્યું કે જો અમેરિકા હળવા ચાલુ રાખશે તો અમો તેલનું એક ટીપુ પણ અહીથી પસાર થવા દેશુ નહી. અગાઉ ટ્રમ્પે જાહેર કર્યુ હતું કે જો હોર્મુઝ પરથી એક ડ્રોન પણ ઉડશે તો અમો ૨૦ ગણી તાકાતથી ત્રાટકશું.

# વિપક્ષ દ્વારા ભારે ધાંધલ-ધમાલ લોકસભા બપોર સુધી મોકૂફ

### વિપક્ષે મોદી હટાવો નારા લગાવી પશ્ચિમ એશિયા સંકટ પર ચર્ચાની માંગ કરી

નવી દિલ્હી, તા. ૧૦

સંસદના બજેટ સત્રના બીજા તબક્કાનો બીજો દિવસ ફક્ત ૩૫ મિનિટ ચાલ્યો. લોકસભા શરૂ થતાં જ, વિપક્ષે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધ, ભારત પર તેની અસર અને દેશના ઉર્જા ક્ષેત્રની સ્થિતિ પર ચર્ચાની માંગણી સાથે હોબાળો મચાવ્યો.

લોકસભામાં વિપક્ષી સાંસદો 'દેશ કો બચાના હૈ, મોદી કો હટાના હૈ' વોટ ચોર ગદ્દી છોડ ના સૂત્રોચ્ચાર કરી રહ્યા છે. તેમણે ચૂંટણી પંચ પર વોટની દલાલી કરવાનો આરોપ પણ લગાવ્યો. આ દરમિયાન, કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે ખેડૂતો અને કૃષિ સંબંધિત પ્રશ્નોના જવાબ આપ્યા હતા.

તેમણે કહ્યું કે ભારતે ચોખા અને ઘઉંના ઉત્પાદનમાં ચીનને પાછળ ધકેલી દીધું છે. શિવરાજ સિંહના ભાષણ દરમિયાન વિપક્ષે હોબાળો ચાલુ રાખ્યો, જેના પર શિવરાજ સિંહે કહ્યું કે દેશ વિપક્ષનો તમાશો જોઈ રહ્યો છે. તેમણે કહ્યું કે પશ્ચિમ બંગાળમાં કેન્દ્ર સરકારની યોજનાઓને લાગુ થવા દીધી નહી.

વિપક્ષના સતત હોબાળા વચ્ચે, સ્પીકરે લોકસભા બપોરે ૧૨ વાગ્યા સુધી સ્થગિત કરી દીધી. આજે લોકસભામાં સ્પીકર ઓમ બિરલા સામે વિપક્ષના "અવિશ્વાસ પ્રસ્તાવ" પર ચર્ચા શક્ય છે.

આજે લોકસભામાં સ્પીકર ઓમ બિરલા વિરુદ્ધ વિપક્ષના 'નો કોન્ફિડન્સ મોશન' પર ચર્ચા શક્ય છે. સૂત્રો અનુસાર, વિપક્ષ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ પણ 'નો કોન્ફિડન્સ મોશન' લાવવાની તૈયારીમાં છે. તેનો ડ્રાફ્ટ તૈયાર થઈ ગયો છે. આવતા અઠવાડિયે પ્રસ્તાવ રજૂ કરવામાં આવશે.સત્રના પહેલા દિવસે રાજ્યસભા-લોકસભામાં વિપક્ષે અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન યુદ્ધની

અનુસંધાન પાના ૭ પર

# મધ્ય-પૂર્વના યુદ્ધ અંગે ટ્રમ્પ દ્વારા પુતિન સાથે વાતચીત

### રશિયા યુક્રેન સાથેનું યુદ્ધ સમાપ્ત કરેતો ઘણું સારુ : ટ્રમ્પ

નવી દિલ્હી, તા. ૧૦

અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન યુદ્ધનો ૧૧મો દિવસ છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે તેમણે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે ફોન પર વાત કરી છે. ટ્રમ્પના મતે આ વાતચીતમાં ઈરાન યુદ્ધ અને યુક્રેનની સ્થિતિ પર ચર્ચા થઈ.ટ્રમ્પે જણાવ્યું કે પુતિને કહ્યું છે કે રશિયા, ઈરાન યુદ્ધ સમાપ્ત કરવામાં મદદ કરવા માગે છે. જોકે ટ્રમ્પે તેમને કહ્યું કે જો તેઓ રશિયા-યુક્રેન યુદ્ધ સમાપ્ત કરવામાં મદદ કરે તો તે વધુ સારું રહેશે.ટ્રમ્પે એવો પણ દાવો કર્યો હતો કે ઈરાન સામે ચાલી રહેલી કાર્યવાહીમાં અમેરિકાએ ૫૧ ઈરાની જહાજો ડુબાડી દીધા છે અને હજારો સૈન્ય ઠેકાણાઓને નિશાન બનાવ્યા છે.

અનુસંધાન પાના ૭ પર

# યુદ્ધ જલ્દી પુરુ થવાના ટ્રમ્પના સંકેતને પગલે ક્રુડ ઓઈલ ૯ ટકા સસ્તુ બન્યું

### વૈશ્વિક બાજારમાં બ્રેન્ટ ક્રૂડના ભાવો ઘટીને ૯૨.૫૦ ડોલર પ્રતિ બેરલ બોલાયો

નવી દિલ્હી, તા. ૧૦

ગ્લોબલ માર્કેટમાં ક્રૂડ ઓઈલના ભાવમાં આજે એટલે કે ૧૦મીએ મોટો ઘટાડો જોવા મળ્યો છે. એશિયામાં શરૂઆતી કારોબાર દરમિયાન બ્રેન્ટ ક્રૂડના ભાવ લગભગ ૮.૫% ઘટીને ૯૨.૫૦ ડોલર પ્રતિ બેરલ પર આવી ગયા. આ પહેલા ગઈકાલે તે ૧૧૫ ડોલરની નજીક પહોંચી ગયો હતો.

જ્યારે અમેરિકી તેલ (WTI) પણ લગભગ ૯% ઘટીને ૮૮.૬૦ ડોલર પ્રતિ બેરલના સ્તરે આવી ગયું છે. તેલના ભાવમાં આ ઘટાડો અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના તે નિવેદન પછી આવ્યો છે, જેમાં તેમણે યુદ્ધ જલદી સમાપ્ત થવાની વાત કહી હતી.


ક્રૂડ તેલના ભાવમાં આવેલા આ ઘટાડાનું મુખ્ય કારણ ડોનાલ્ડ ટ્રમ્પનું તાજેતરનું નિવેદન માનવામાં આવે છે. સોમવારે ટ્રમ્પે કહ્યું હતું કે ચાલી રહેલું યુદ્ધ 'ખૂબ જ જલ્દી' સમાપ્ત થઈ જશે. તેમના આ નિવેદનથી ગ્લોબલ સપ્લાય ચેઈનને લઈને જે અનિશ્ચિતતા હતી, તેમાં ઘટાડો થયો છે અને રોકાણકારોનો વિશ્વાસ વધ્યો છે. જોકે, વર્તમાન કિંમતો હજુ પણ યુદ્ધ શરૂ થતાં પહેલાંના સ્તર કરતાં લગભગ ૩૦% વધુ છે.

તેલના ભાવમાં ઘટાડાની સીધી સકારાત્મક અસર એશિયન શેરબજારો પર જોવા મળી છે. મંગળવારે સવારે જાપાનનો બેન્ચમાર્ક ઈન્ડેક્સ નિક્કેઈ ૨૨૫ લગભગ ૨.૮%ના વધારા સાથે કારોબાર કરી રહ્યો હતો.

જ્યારે, દક્ષિણ કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ ૫% થી વધુ ઉછળ્યો. નિષ્ણાતોનું કહેવું છે કે સસ્તું તેલ એશિયન અર્થતંત્ર માટે બૂસ્ટરનું કામ કરે છે કારણ કે આ ક્ષેત્રના મોટાભાગના દેશો ખાડી દેશોમાંથી તેલના મોટા ખરીદદારો છે.

એશિયન બજારોમાં આવેલી આ તેજી પાછળનું એક મોટું કારણ એ છે કે તાજેતરના દિવસોમાં તેલના વધતા ભાવે આ દેશોની

અનુસંધાન પાના ૭ પર



# ભારે ગરમીના કારણે ઈન્દોર એરપોર્ટનો રન-વે પીગળ્યો

### રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્રમાં ૪૦ ડીગ્રી તાપમાન

નવી દિલ્હી, તા. ૧૦

જમ્મુ-કાશ્મીરમાં હવામાન વિભાગે ૧૦ અને ૧૧ માર્ચ માટે ભારે વરસાદ અને કરા પડવાની ચેતવણી જાહેર કરી છે. વિભાગના જણાવ્યા અનુસાર, એક નવા પશ્ચિમી વિક્ષોભને કારણે પશ્ચિમી હિમાલય ક્ષેત્રમાં ૧૫ માર્ચ સુધી હળવા વરસાદ અને હિમવર્ષાની સંભાવના છે.હિમાચલ પ્રદેશ, ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને ગોવામાં ભારે ગરમી અને હીટવેવની ચેતવણી આપવામાં આવી છે. હવામાન વિભાગે મહારાષ્ટ્ર અને રાજસ્થાનમાં તાપમાન ૪૦ ડિગ્રીથી ઉપર રહેવાનો અંદાજ વ્યક્ત કર્યો છે.

અનુસંધાન પાના ૭ પર

### હીટવેવ ક્યારે ગણાય?

હવામાન વિભાગ મુજબ, હીટવેવ ત્યારે ગણાય છે, જ્યારે મેદાનોમાં તાપમાન ૪૦ ડિગ્રી કે તેથી વધુ પહોંચી જાય. જો સામાન્ય તાપમાન કરતાં ૪ થી ૬ ડિગ્રી વધુ નોંધાય. આવી સ્થિતિમાં લોકોના સ્વાસ્થ્ય પર પણ અસર પડી શકે છે અને લૂ લાગવાનો ખતરો વધી જાય છે.

### આગામી ૨ દિવસ હવામાનની સ્થિતિ

૧૧ માર્ચ- કેરળ અને આંધ્રપ્રદેશ (ખાસ કરીને દરિયાકાંઠાના વિસ્તારો) માં પણ કેટલાક વિસ્તારોમાં હળવો વરસાદ અથવા ગાજવીજ સાથે હળવો વરસાદ થઈ શકે છે.૧૨ માર્ચ- હિમાચલ અને જમ્મુ-કાશ્મીરમાં વરસાદનું અનુમાન, પૂર્વોત્તરમાં કેટલાક સ્થળોએ ગાજવીજ સાથે હળવો વરસાદ અથવા વીજળી પડવાની સંભાવના છે.

# મધ્ય-પુર્વ યુદ્ધને પગલે હવાઈ મુસાફરી ભાડામાં તોતિંગ વધારો

### ખાડી દેશોમાંથી ભારત આવવા માટેનું ભાડુ ચાર ગણુ

નવી દિલ્હી, તા. ૧૦

પશ્ચિમી એશિયામાં યુધ્ધની સ્થિતિ વચ્ચે વિમાન યાત્રા ઘણી હદ સુધી મોંઘી થઈ ગઈ છે. યુધ્ધ દરમિયાન અનેક આંતરરાષ્ટ્રીય હવાઈ માર્ગ બંધ છે, જેના કારણે વિમાનોએ લાંબા રૂટે પ્રવાસ કરવો પડે છે, આ સ્થિતિમાં વિમાન ભાડામાં ભારે વધારો જોવા મળી રહ્યો છે અનેક રૂટ પર વિમાન ભાડુ ચાર ગણુ થઈ ગયું છે.બીજી બાજુ ખાડી દેશોમાં ફસાયેલા ભારતીયોને લાવવા માટે સંચાલિત થઈ રહેલી ઉડાન સેવા વચ્ચે વચ્ચે રોકાઈ રહી છે હુમલાની સ્થિતિમાં ઘણીવાર કલાકો સુધી વિમાન મથકે તો હવામાં રાહ જોવી પડી રહી છે. જેથી સમય અને ઈંધણનો ખૂબ જ વપરાશ થઈ રહ્યો છે.

ખાસ કરીને ખાડી દેશોમાંથી પાછું ફરવું ખુબ જ મોંઘુ થઈ ગયું છે. એટલે ખાડીમાં ફસાયેલા ભારતીયોએ વધુ કિંમત ચૂકવવી પડી રહી છે. બીજી બાજુ ફાડી માર્ગોથી આવનારી સેંકડો ઉડાનો રદ થઈ ચૂકી છે.સોમવારે દિલ્હીથી અબુધાબીની વિમાન ટીકીટ ૧૧૮૭૫થી ૧૭ હજારમાં મળતી હતી, જયારે અબુધાબીથી દિલ્હી પાછા કરવાનું વિમાન ભાડુ ૪૨૯૯૦ હતું. સુરક્ષાના કારણે ખાડી દેશોથી થઈ યુરોપ, અમેરિકા જતા વિમાન લાંબા રૂટથી જઈ રહ્યા છે, આથી વૈશ્વિક સ્તરે ભાડામાં વધારો થયો છે. મધ્યપૂર્વમાં યુધ્ધને પગલે અત્યાર સુધીમાં ૨૭ હજાર ઉડાનો રદ મધ્ય પૂર્વમાં વધતા જતા તનાવના કારણે વૈશ્વિક હવાઈ પરિવર્તનને ખરાબ અસર થઈ છે. અનેક દેશોએ પોતાનું એરસ્પેસ પૂરી રીતે અથવા આંશિક રીતે બંધ કરી દીધુ છે, જેથી આંતરરાષ્ટ્રીય ઉડાનોનું નેટવર્ક બાધિત થયુ છે. ૨૮ ફેબ્રુઆરીથી અત્યાર સુધીમાં લગભગ ૨૧થી ૨૭ હજાર ઉડાનો રદ થઈ ચૂકી છે.

# હોર્મુઝ ખાડી માર્ગ બંધ કરી દેવાતા ઈરાનને ફ્રાન્સની સીધી ચેતવણી

### હોર્મુઝ સપ્લાય ચેઈન માર્ગ શરૂ કરવા ફ્રાન્સે યોજના બનાવી

નવી દિલ્હી, તા. ૧૦

ઈરાનનો અમેરિકા-ઈઝરાયેલ બાદ હવે ફ્રાન્સ સાથે વિવાદ થયો છે. અમેરિકા-ઈઝરાયલના ભયાનક હુમલા બાદ ઈરાને વિશ્વના મુખ્ય જળમાર્ગ હોર્મુઝમાંથી કોઈપણ કન્ટેનરના આવવા-જવા પર પ્રતિબંધ લગાવી દીધો છે, જેના કારણે ફ્રાન્સ ગુસ્સે થયું છે. ફ્રાન્સના રાષ્ટ્રપ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોને ઈરાનને કડક શબ્દોમાં ચેતવણી આપી છે. અમેરિકા-ઈઝરાલના હુમલા બાદ ઈરાને પોતાના હોર્મુઝ જળમાર્ગને સંપૂર્ણ બંધ કરી લીધો છે. આ રસ્તો વિશ્વનો સૌથી મહત્તવનો વેપારી માર્ગ છે અને તે બંધ થવાના કારણે તેલની કિંમતમાં ધરખમ ઉછાળો થયો છે. હોર્મુઝમાં અનેક દેશોના કન્ટેનરો ફસાઈ જતા, સપ્લાય ચેન સંપૂર્ણ બંધ થતા વિશ્વભરના અનેક દેશો હોર્મુઝ ખોલવાની માંગ કરી રહ્યા છે.હોર્મુઝ મામલે ફ્રાન્સ રાષ્ટ્રપ્રમુખ મેક્રોની ટિપ્પણીની માહિતી આપતા લારિજાનીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યું છે કે, 'અમેરિકા-ઈઝરાયલે ઈરાનમાં યુદ્ધ ભડકાવ્યું છે, જેના કારણે હોર્મુઝમાં કોઈપણ પ્રકારની સુરક્ષા વ્યવસ્થા ઉભી કરવી મુશ્કેલ પડી ગઈ છે. ખાસ કરીને હોર્મુઝ ખોલવાની યોજના તે લોકો કરી રહ્યા છે, જેઓ યુદ્ધનું સમર્થન કરી રહ્યા છે અને યુદ્ધને ભડકાવવાનું કામ કરી રહ્યા છે.'મેક્રોને કહ્યું છે કે, 'ફ્રાન્સ હોર્મુઝ જળમાર્ગમાં કન્ટેનર જહાજો અને તેલ ટેન્કરોની સુરક્ષા માટે સૈન્ય એસ્કોર્ટ મિશન શરૂ કરવા ઈચ્છે છે. જોકે જ્યાં સુધી મધ્ય-પૂર્વમાં યુદ્ધ ચાલુ છે, ત્યાં સુધી આવું ઓપરેશન શરૂ કરવું અસંભવ છે.હોર્મુઝનો સપ્લાય માર્ગ અટકી જતા તેલની કિંમતોમાં ધરખમ વધારો થયો છે. વિશ્વભરના અનેક દેશો માટે હોર્મુઝ મુખ્ય સપ્લાય માર્ગ છે અને આ જળમાર્ગ પરથી દૈનિક લગભગ ૨૦ ટકા વૈશ્વિક ક્રુડ ઓઈલની સપ્લાય થાય છે.



# સરદાર પટેલ લાઇફ એન્ડ વર્ક વિષયે નેશનલ સેમિનાર યોજાયો

## ગોધરાની શેઠ પી.ટી. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ ખાતે કરવામાં આવ્યું

સુરત, તા.૧૦

તારીખ ૭ માર્ચ, ૨૦૨૬ ના રોજ સરદાર પટેલ લાઇફ એન્ડ વર્ક વિષય પર નેશનલ સેમિનારનો ઉદઘાટન સમારોહ યોજાયો. ઉદ્વાટન સમારોહ ની શરૂઆત દીપ પ્રાગટ્ય અને પ્રાર્થનાથી કરવામાં આવી. ત્યારબાદ કોલેજના માનનીય આચાર્યશ્રી ડો. એમ. બી. પટેલ સાહેબે મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું. નેશનલ સેમિનારના સેક્રેટરી ડો. સુરેશ પટેલ સાહેબે મંચસ્થ મહેમાનોનો પરિચય કરાવ્યો હતો. નેશનલ સેમિનારના અધ્યક્ષ માનનીય વાઈસ ચાંસેલર પ્રો. ડો. હરિભાઈ કાતરીયા સાહેબને ખાદીનો રૂમાલ, સાલ અને મોમેન્ટો આપી સ્વાગત કરવામાં આવ્યું. પંચમહાલ શિક્ષણ પ્રચારક મંડળના પ્રમુખશ્રી ભૂપેશભાઈ શાહ સાહેબનું સ્વાગત ખાદીનો રૂમાલ, સાલ અને મોમેન્ટો આપી કરવામાં આવ્યું. શ્રી ભૂપેશભાઈ શાહ સાહેબે કોલેજના સમગ્ર સ્ટાફને નેશનલ સેમિનારનું આયોજન કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી માનનીય વાઈસ ચાંસેલર પ્રો. ડો. હરિભાઈ કાતરીયા સાહેબે સરદાર પટેલ બાળપણથી જ મક્કમ મનોબળ અને નીડર હતા એવું સરદાર પટેલના જીવનના અનેક પ્રસંગોના ઉદાહરણ આપી સેમિનારમાં ઉપસ્થિત તમામ શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. તેમણે કોલેજ પરિવારને નેશનલ સેમિનારના સુંદર અને સુચારુ આયોજન બદલ અભિનંદન પાઠવ્યા હતા. ત્યારબાદ ઉદઘાટન સમારોહના સમાપન સત્રની આભાર વિધિ ડો. જી.વી. જોગરાણા સાહેબે કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો.વિભાબેન ઠાકોર અને ડો. સમીર સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું.

ઉદઘાટન સમારોહ પહેલા નેશનલ સેમિનારના રિસોર્સ પર્સન તરીકે ડો. શૈલેષ સોલંકી સાહેબે (ડાયરેક્ટર, ગુજરાત સ્ટેટ આર્કાઈવઝ, ગાંધીનગર) સરદાર પટેલના જીવનની મહત્વની ઘટનાઓને યાદ કરી હતી. સાથે તેમણે ગુજરાત સ્ટેટ આર્કાઈવઝમાં સરદાર પટેલના જીવનને લઈને સચવાયેલા પ્રાઈમરિ સોર્સીસની ચર્ચા કરી હતી અને ગુજરાત સ્ટેટ આર્કાઈવઝના સહયોગથી કોલેજ લાઈબ્રેરીમાં સરદાર પટેલના મૂળ- અસલ દસ્તાવેજોનું પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું. ત્યારબાદ ડો. જગદીશ ચૌધરીસાહેબે (પ્રિન્સિપાલ, એસ.વી. આર્ટસ કોલેજ, અમદાવાદ) સરદાર પટેલના જીવન પ્રસંગો પર વ્યાખ્યાન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો. વિભાબેન ઠાકોર અને ડો. સમીર સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું.

# ટીમ ઈન્ડિયાને ભવ્ય જીત અંગે શુભેચ્છા પાઠવતા તનય દેસાઈ

## ઓલપાડના ગામડાઓમાં વિજય ઉત્સવ

સુરત, તા.૧૦

અમદાવાદ ખાતે આવેલ નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ટી-૨૦ વર્લ્ડ કપની ફાઈનલ મેચ ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે રમાય હતી.જેમાં ભારતીય ટીમ ની ઐતિહાસિક જીત થઈ હતી.સમગ્ર ભારત દેશની અંદર ઠેરઠેર આ ઐતિહાસિક જીતની સમગ્ર ભારતવાસીઓ દ્વારા ધૂમધામ પૂર્વક ફટાકડા ફોડી ડી.જે તાલ સાથે મીઠાઈ વેહચી ઉજવણી કરવામાં આવી હતી.અને ખાસ કરીને સુરત શહેર નો ભાગળ વિસ્તાર હજારો ની સંખ્યા માં ક્રિકેટના ચાહકો રાષ્ટ્રીય ધ્વજ લઈ,ઢોલ નગારા ના નાદ સાથે ફટાકડા ફોડી ભારત માતાનો જય જય કારકડી ઉજવણી કરી હતી.અને મેચ અમદાવાદ નરેન્દ્રમોદી સ્ટેડિયમ નહી પરંતુ સુરત ખાતે યોજાઈ રહી હોય તેવો માહોલ જોવા મળ્યો હતો.આ ઉજવણી માત્ર સુરત શહેર નહી. સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના વિવિધ ગામડાઓમાં પણ આ ઐતિહાસિક ક્ષણ ની ધૂમ-ધામ પૂર્વક ગામડાઓમાં તેમજ ઓલપાડ ટાઉન માં પણ ઉજવણી કરવામાં આવી હતી અને કેટલીક જગ્યાઓ સોસાયટી નાં રહીશો



દ્વારા બહાર પ્રોજેક્ટર લગાવી સોસાયટીના રહીશો ભેગા થઈ પ્રોજેક્ટર ઉપર મેચ નિહાળી હતી.ઓલપાડ તાલુકા ગાંમડાઓમાં પણ ક્રિકેટના રશિયાઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.ઓલપાડ તાલુકા નાં અંભેટા ગામનાં સહકારી યુવા આગેવાન ટીમ મોદી ગુજરાત રાષ્ટ્રીય ને સમર્પિત ટીમ સુરત જિલ્લા સંયુક્ત મંત્રી તરીકેની જવાબદારી સંભાળતાં તનય દેસાઈ દ્વારા તેમના મિત્રો સહિત સોસાયટીના રહીશો સાથે ભેગા મળી એલ.ઈ.ડી સ્કિન ઉપર મેચ નિહાળી હતી ફટાકડા ફોડી દિવાળીની જેમ તનય દેસાઈ અને તેમનાં મિત્રો દ્વારા ફટાકડા ફોડી ઢોલ નગારા સાથે ઉજવણી કરી હતી.અને વધુ માં તેમણે જણાવ્યું હતું કે કેટલાક લોકો નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ને પનોતી એટીએમ કહેનારાઓની ભારતીય ટીમના ખેલાડીઓએ બોલતી બંધ કરી દીધી હતી.અશક્ય ને ભારતીય ટીમ ખેલાડી ઓએ શક્ય કરી બતાવીયુ હોવાનું જણાવ્યું હતું.



# SCET ખાતે નોન-ટેક ઇવેન્ટ 'Exuberance'2K26'નું આયોજન

## બે દિવસીય કાર્યક્રમમાં ૧૫૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો

સુરત, તા.૧૦

Sarvajanik College of Engineering and Technology (SCET) ખાતે Art & Intellect Committee દ્વારા તા. ૬ અને ૭ માર્ચ દરમિયાન બે દિવસીય નોન-ટેક ઈવેન્ટ "Exuberance'2K26"નું આયોજન કરવામાં આવ્યું. આ વર્ષની થીમ "Fusion Fiesta – Traditional Art with Modern Twist" રાખવામાં આવી હતી, જેમાં પરંપરાગત કલાને આધુનિક અભિવ્યક્તિ સાથે જોડતી સર્જનાત્મક ઉજવણી કરવામાં આવી.

Exuberance કોલેજની પ્રતિષ્ઠિત ઓળખ બની ગઈ છે. ઈવેન્ટનો મુખ્ય હેતુ ઈન્જિનિયરિંગ વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા, વિચારોની સ્વતંત્ર અભિવ્યક્તિ અને સર્વાંગી વ્યક્તિત્વ વિકાસને પ્રોત્સાહિત કરવાનો છે. બે દિવસ સુધી ચાલેલા આ કાર્યક્રમમાં ૧૫૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. બીજા દિવસે કુલ્લડ પેઈન્ટિંગ ઈવેન્ટ આકર્ષણનું કેન્દ્ર બની હતી. જેમાં વિદ્યાર્થીઓએ માટીના કુલ્હડ઼ પર વિવિધ આર્ટ ફોર્મને રજુ કરતી કૃતિઓ બનાવી હતી. આ સિવાય આર્ટ સ્વેપ, કન્વિનસિન્ગ બેટલ, ુહ ઓફ બેતરાય, મહેંદી, ટ્રેઝર હન્ટ, મીમ ક્રિએશન જેવી ઈવેન્ટમાં વિદ્યાર્થોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. Exuberance'2K26ના આયોજનમાં કોલેજની વિદ્યાર્થી નેતૃત્વ ટીમનો મહત્વપૂર્ણ ફાળો રહ્યો હતો. Exuberance'2K26 દ્વારા પરંપરા અને આધુનિકતાના સંકલન સાથે વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ, નેતૃત્વ અને સર્જનાત્મકતાને પ્રોત્સાહિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

# ઉધના ભીડભંજન મહાદેવ મંદિર દ્વારા મહિલા દિવસની ઉજવણી

## ગોવાલક ખાતે કાર્યક્રમમાં મહિલાઓનું સન્માન

સુરત, તા.૧૦

તા. ૮ મી માર્ચ, ૨૦૨૬, રવિવારના રોજ આંતરાષ્ટ્રીય વિશ્વ મહિલા દિવસ નિમિત્તે મહંત શ્રી જયેશભાઈ એચ ભટ્ટ ( શ્રી ભીડભંજન મહાદેવ તથા બળિયા બાપજી મંદિર, ઉધનાગામ ) દ્વારા આયોજિત મહિલા સન્માનનો કાર્યક્રમ સુરત શહેરના બમરોલી વિસ્તારમાં આવેલ સંત શ્રી રઘુવરદાસ સ્કૂલ, દેવેન્દ્રનગર-૪ , ગોવાલક ના પ્રાંગણમાં ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો હતો કાર્યક્રમનો શુભારંભ દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવ્યો હતો આ પ્રસંગે સુરતના વિવિધ વિસ્તારોમાંથી મહિલાઓ તેમજ શાળાના વાલી મિત્રો પધાર્યા હતા જેમાં સુરત શહેર મહિલા કોંગ્રેસના પ્રમુખશ્રી મમતાબેન સવાણી, સુરત ડિસ્ટ્રીક્ટ મહિલા સંઘના પ્રમુખ અને જાણીતા સામાજિક કાર્યકર એવા ઝહેરા બેન સાયકલવાળા સંસ્થાના આધ્ય સ્થાપક એવા પરમ પૂજ્ય સંત શ્રી રઘુવરદાસજી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મંત્રી શ્રી આશિષ રાયજી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર વિશ્વની જાણીતી અને ક્રાંતિકારી મહિલાઓના સામાજિક પ્રદાન અને તથા તેમના સંઘર્ષમય જીવનને યાદ કરવામાં આવ્યા હતા. તેમજ તેમના જીવનમાંથી પ્રેરણા મેળવવા તથા કન્યાઓને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત થાય તેવો સંકલ્પ કરવામાં આવ્યો હતો . ઉપસ્થિત સૌ મહેમાનોને અલ્પાહાર આપવામાં આવ્યો હતો અને વિશિષ્ટ ઉપલબ્ધિ પ્રાપ્ત કરનાર મહિલાઓને તથા બાલિકાઓને ટ્રોફી આપી સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વ મહિલાઓને તેમજ વાલી મિત્રો બાલિકાઓને ગુલાબના ફૂલ થી તથા બોલપેન આપી સન્માનિત કરવામાં આવ્યા હતા . સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના સિનિયર શિક્ષક શ્રી નાયક સર નાઓએ કર્યું હતું . કાર્યક્રમને સફળ કરવા માટે શાળાના ટ્રસ્ટી શ્રી સદાનંદ યાદવજી , મોહનભાઈ કનોજીયા , શાળાની શિક્ષિકા બહેનઓએ વિશેષ જેહમત ઉઠાવી હતી . કાર્યક્રમને સફળ બનાવવા ઉપસ્થિત મહિલા , પુરુષો , વાલીઓનો આભાર માનવામાં આવ્યો હતો કાર્યક્રમને અંતે શ્રી નાયક સર નાઓએ સૌનો આભાર માની આભાર વિધિ કરી હતી

## ન. પ્રા. શિ. સ., સુરત આયોજિત

# રમતોત્સવમાં મહારાણા પ્રતાપ પ્રા. શાળા ક્ર. ૨૭૨ની જ્વલંત સિદ્ધિ

## રસ્સાખેંચ અને વોલીબોલમાં શિક્ષકો પણ મેદાન મારી ગયા



સુરત, તા.૧૦

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ – સુરત આયોજિત રમતોત્સવમાં મહારાણા પ્રતાપ પ્રાથમિક શાળા ક્રમાંક – ૨૭૨, નાના વરાછાના આચાર્ય શ્રી મિતેશભાઈ પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ વિવિધ રમતોમાં ખૂબ આનંદ અને ઉલ્લાસથી ભાગ લીધો હતો. રમત ક્ષેત્રે ઉત્કૃષ્ટ પરિણામ મેળવવા વર્ષના પ્રારંભથી જ આયોજનપૂર્વક તૈયારી શરૂ કરવામાં આવી હતી. વર્ષના પ્રારંભથી જ સી.પી.એડ. શિક્ષક શ્રી જનકભાઈ નાંદવા, ખેલ સહાયક રેખાબહેન કોલડિયા અને પૂનમબહેન ચોડવડિયાએ ભારે જહેમત ઉઠાવી હતી. તેનાં ફળ સ્વરૂપે ટેબલ ટેનિસ U-૧૪, કુસ્તી U-૧૭, લંગડી ફાળ કૂદ U-૧૭, ૧૦૦ મીટર દોડ U-૧૧, હોકી U-૧૭, બાસ્કેટ બોલ U-૧૪, સંગીત ખુરશી (બાલવટિકા), ૫૦ મીટર દોડ U-૯, કબડ્ડી U-૧૪, ખો-ખો U-૧૪, વૉલીબોલ U-૧૭ વગેરે રમતોમાં બાળખેલાડીઓએ પ્રથમ ક્રમ તેમજ તેર રમતોમાં દ્વિતીય ક્રમ અને છ રમતોમાં તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. કેટલાક રમતવીરોએ રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ શાળાનું પ્રતિનિધિત્વ કરીને શાળાને ગૌરવ અપાવ્યું હતું. રમતોત્સવમાં શિક્ષકોએ પણ અનેરું કૌવત દર્શાવ્યું; શિક્ષિકા બહેનોએ રસ્સાખેંચમાં પ્રથમ ક્રમ અને શિક્ષક ભાઈઓએ વોલીબોલમાં દ્વિતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. તમામ રમતોના મળીને કુલ ૧૩૮ પોઈન્ટ સાથે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની તમામ શાળાઓમાં ભાઈઓના વિભાગમાં પ્રથમ ક્રમ મેળવીને ચૅમ્પિયનશિપનો ખિતાબ હાંસલ કર્યો હતો. આ વિશિષ્ટ સિદ્ધિ મેળવવા બદલ ન.પ્રા. શિ.સ., સુરતના સૌ હોદ્દેદારોએ મહારાણા પ્રતાપ પ્રાથમિક શાળા પરિવારને ચૅમ્પિયનશિપ ટ્રોફી એનાયત કરીને અભિનંદન પાઠવ્યા હતા. મહારાણા પ્રતાપ પ્રા.શાળા પરિવાર દ્વારા તમામ બાળરમતવીરોને ટ્રોફી આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આચાર્ય શ્રી મિતેશભાઈ પ્રજાપતિએ બાળરમતવીરો, શિક્ષકો અને કોચને અભિનંદન પાઠવ્યા હતા.





# ઉર્દૂ શાળાના બાળકોએ ટીમ ઈન્ડિયાને પાઠવેલી શુભેચ્છા

સુરત, તા.૧૦

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સુરત સંચાલિત પક્ષીવિદ ડો.સલીમઅલી ઉર્દૂ પ્રાથમિક શાળા ક્રમાંક ૨૩૧, કમરૂનગર લિંબાયત, સુરત માં ભણતા તમામ નાના નાના વિદ્યાર્થીઓ અને વ્હાલા શિક્ષક મિત્રોએ ભારતીય ક્રિકેટ ટીમને T૨૦ વિશ્વ ચેમ્પિયન બનવા બદ્લ હાર્દિક શુભેચ્છાઓ પાઠવી ઝુમી ઉઠ્યા હતા.. આ તબક્કે હર્ષોલ્લાસ સાથે ટીમ ઈન્ડિયાના તમામ વિજેતા ખેલાડીઓના ફોટાઓ અને બેનરો લઇ ભારત માતા કી જય અને સારે જહાં સે અચ્છા હિન્દુસ્તાં હમારા તેમજ ખેલેગા ઈન્ડિયા તો જીતેગા ઈન્ડિયા જેવા ગગનચુંબી ઉદ્ઘોષ સાથે સમગ્ર શાળા વિસ્તારને ગુંજ્યુ હતું...આ જીતના જશ્નમાં શાળાના વાલીઓ અને સામાજિક અગ્રણીઓ પણ જોડાયા હતા.

## ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા

# ઈલેકશન પ્રચાર કમિટીના ચેરમેન પદે પીરઝાદાની વરણી



સુરત, તા.૧૦

ગુજરાતમાં આવનારી સ્થાનિક સ્વરાજ ચૂંટણી ઓ માટે ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટી દ્વારા ગુજરાતના દિગ્ગજ નેતાઓને મહત્વ જવાબદારી ઓ આપવા મા આવેલ છે જેમાં ગુજરાત પ્રદેશ પબ્લિકસીટી ઈલેક્શન કમિટી ના ચેરમેન પદે સુરત ના પૂર્વ મેયર અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ના કાર્યકારી પ્રમુખ કદીર પીરઝાદાની નિયુક્તિ કરવા માં આવેલ છે ગુજરાતના સિનિયર કોંગ્રેસી આગેવાન કદીર પીરઝાદાને વધુ એક મહત્વ ની જવાબદારી સોંપવા માં આવતા કોંગ્રેસી વર્તુળોમાં હર્ષની લાગણી ફેલાઈ હતી.



**ઉમાપુરમ, ડિંડોલી ખાતે માં ઉમિયા માતાજી મંદિર નો અગિયારમો પાટોત્સવનુ આયોજન કરવામાં આવ્યું હતું ડીડોલી વિસ્તારમાં રહેતા ભક્તો ખુબ મોટીસંખ્યા માં હાજરી આપી હતી પાટોત્સવ નિમિત્તે મંદિરના પ્રાંગણમાં નવચંડી યજ્ઞનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.**



# અંકલેશ્વર પબ્લિક સ્કૂલમાં મહીલા દિવસ ની ઉજવણી

## આજના યુગમાં મહિલાઓ તમામ ક્ષેત્રમાં મહત્વનું યોગદાન આપે છે : નાઝુ ફડવાલા

અંકલેશ્વર, તા.૧૦

અંકલેશ્વર પબ્લિક સ્કૂલ માં આંતર રાષ્ટ્રીય મહિલા દિવસ ની ઉજવણી સોમવારના રોજ કરવામાં આવી.જેમાં મુખ્ય મહેમાન તરીકે શ્રીમતી ગીતા શ્રીવત્સન ,અતિથી વિશેષ તરીકે શ્રીમતી મીસેલ ગણેશની, શ્રીમતી રશ્મી જોષી અને ટ્રસ્ટ ના પ્રમુખ નાઝુ ફડવાલા, પ્રાયમરી અને સેકન્ડરી ના આચાર્ય કવીતા કાલગુડે અને પ્રી પ્રાયમરી અને પ્રાયમરી ના આચાયઁ શ્રદ્ધા પટેલ ત્થા અન્ય ટ્રસ્ટીગણ,સ્કુલ ના શિક્ષકો ની ઉપસ્થીતી માં મહિલા દિવસ નો કાયઁકમ યોજવામાં આવ્યો હતો. શ્રીમતી ગીતા શ્રીવત્સન પોતાના વકતવ્ય માં કહ્યું કે દરેક મહિલા પોતે પ્રતિભાવાન જ હોય છે પરંતુ એને એની અંદર છુપાયેલી પ્રતિભાની શક્તિ ની ખબર નથી હોતી. સ્ત્રીઓએ પોતે જ પોતાની અંદરની શક્તિને ઓળખવી પડે અને સમાજમાં યોગદાન આપવા માટે આગળ આવવું પડશે. અતિથી વિશેષ શ્રીમતી મીસેલ ગણેશની, શ્રીમતી રશ્મી જોષી જણાવ્યુંકે હવે મહિલા કોઈ પણ ક્ષેત્ર માં પાછળ નથી મહિલા ધારે તો ઘણું બધું પોતાના માટે પરિવાર માટે અને

અનુસંધાન પાના ૭ પર

# સોશિયલ મિડીયા દ્વારા સારો ધંધો ઉભો કરી શકાય : અજય તોમર

## સોશિયલ મિડિયાના ઓવરયૂઝને સમજવા ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સેશન યોજાયું



સુરત, તા.૧૦

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શનિવાર, તા. ૭ માર્ચ, ૨૦૨૬ના રોજ સાંજે ૫ઃ૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'ડિકોડિંગ ટુડેઝ યુથ – હાઉ ટુ હેન્ડલ સોશિયલ મિડિયા ઓવરવ્યૂ' વિષય પર એક માહિતીપ્રદ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મુખ્ય વક્તા તરીકે શ્રી અજય તોમર (અદાણી ગૃપના જોઈન્ટ પ્રેસિડેન્ટ અને ગૃપ હેડ – કેડર એકસલન્સ એન્ડ લિડરશિપ ડેવલપમેન્ટ તેમજ ગુજરાત કેડરના નિવૃત્ત ડાયરેકટર જનરલ ઓફ પોલીસ (આઈપીએસ – ૧૯૮૯)એ યુવાનોમાં સોશિયલ મીડિયાના ઉપયોગ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આજના ડિજિટલ યુગમાં સોશિયલ મીડિયા યુવાનોના જીવનનો મહત્વનો ભાગ બની ગયું છે. યુવાનોમાં સોશિયલ મીડિયાનો ઉપયોગ ઝડપથી વધી રહ્યો છે, આથી તેના યોગ્ય તથા સંતુલિત ઉપયોગ અંગે જાગૃતિ લાવવા માટે આ કાર્યક્રમ યોજાયો હતો.

ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી રૂપિન પચ્ચીગરે પ્રાસંગિક સંબોધનમાં જણાવ્યું હતું કે, ટેકનોલોજી અને ડિજિટલ પ્લેટફોર્મ આજે જીવનનો અભિન્ન ભાગ બની ગયા છે, પરંતુ તેની સાથે જોડાયેલા પડકારોને સમજવું અને યોગ્ય માર્ગદર્શન મેળવવું પણ એટલું જ મહત્વપૂર્ણ છે. શ્રી અજય તોમરે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૩માં એક રિસર્ચ પ્રમાણે વ્યક્તિ દરરોજ સરેરાશ અઢી કલાક મોબાઈલફોન પર સોશિયલ મિડિયામાં સમય પસાર કરતો હતો. ટિનેજર અને વિદ્યાર્થીઓ માટે આ આંકડો ચોંકાવનારો છે, તેઓ દરરોજ સરેરાશ સાતથી આઠ કલાક સોશિયલ મિડિયામાં પસાર કરતા હતા. આ રિપોર્ટ વર્ષ ૨૦૨૩માં આવ્યો હતો, ત્યારબાદ દર વર્ષે તેમાં વધારો જ થયો છે. આ બાબતને ધ્યાને લઈએ તો એક વ્યકિત જીવનમાં સરેરાશ સાત વર્ષ સોશિયલ મિડિયામાં પસાર કરી દે છે. જો વ્યકિત ૮૦ વર્ષના થાય તો આઠ કલાક, ૯૦ વર્ષના થાય તો ૯ કલાક અને ૧૦૦ વર્ષની વ્યકિત સરેરાશ જીવનના ૧૦ વર્ષ મોબાઈલફોન પર સોશિયલ મિડિયામાં સમય પસાર કરી દેશે. સુરત ઉદ્યોગોની નગરી છે ત્યારે વ્યકિત આ વર્ષોનો યોગ્ય ઉપયોગ કરે તો સારો બિઝનેસ ઉભો કરી શકે તેમ છે. તેમણે જણાવ્યું હતું કે, સોશિયલ મિડિયા યુવાનો માટે માહિતી, શીખવાની તક અને વૈશ્વિક જોડાણનું મહત્વપૂર્ણ માધ્યમ બની ગયું છે. કનેક્ટિવિટીના શક્તિશાળી સાધન તરીકે

અનુસંધાન પાના ૭ પર

# સુરતમાં મહિલા દિને ૫૦૦થી વધુ મહિલા રમતવીરોએ મેદાન ગજવ્યુ

## કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રાલય દ્વારા દેશના ૨૫૦ જિલ્લાઓમાં રમતગમત દ્વારા મહિલા સશક્તિકરણનો મહાકુંભ




સુરત, તા.૧૦

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રાલયના માર્ગદર્શન હેઠળ 'માય ભારત-સુરત' અને ખેલો ઈન્ડિયા સેન્ટર-સુરતના સંયુક્ત ઉપક્રમે 'અસ્મિતા લીગ-૨૦૨૬ યોજાઈ હતી. મહાનુભાવોના હસ્તે વિજેતાઓને મેડલ અને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. કેન્દ્રીય રમતગમત મંત્રીશ્રી મનસુખ માંડવિયા અને રાજ્ય મંત્રી શ્રી રક્ષા ખડસેના વિઝન હેઠળ દેશના ૨૫૦ જિલ્લાઓમાં સામૂહિક રીતે યોજાયો હતો. સુરતમાં અસ્મિતા લીગમાં ૧૦૦ મીટર, ૨૦૦ મીટર અને ૪૦૦ મીટરની દોડ સ્પર્ધાઓ મુખ્યત્વે ત્રણ શ્રેણીઓ (અંડર-૧૩, ૧૩ થી ૧૮ અને ૧૮ વર્ષથી ઉપર) માં યોજાઈ હતી. જેમાં ૫૦૦ થી વધુ મહિલા એથ્લેટ્સે ઉત્સાહભેર ભાગ લીધો હતો, જ્યારે ૧૦૦૦ થી વધુ મહિલા

અનુસંધાન પાના ૭ પર





# ગુજરાત મેરીટાઇમ બોર્ડ-સુરત અને અદાણી હજીરા પોર્ટના સંયુક્ત ઉપક્રમે હવાઈ ડ્રોન હુમલા કવાયતની 'મોકડ્રીલ' યોજાઈ

## 'હવાઈ ડ્રોન હુમલા' સામે સુરક્ષા સજ્જતા ચકાસવા મોકડ્રીલ

માહિતી બ્યુરો-સુરત, સોમવારઃ હજીરા વિસ્તારમાં આવેલા ઔદ્યોગિક એકમોની સુરક્ષા અને આપત્તિ વ્યવસ્થાપનને વધુ સુદ્રઢ બનાવવાના હેતુથી વર્તમાન સમયમાં વધતા જતા ટેકનિકલ સુરક્ષા જોખમોને ધ્યાનમાં રાખીને ગુજરાત મેરીટાઈમ બોર્ડ-સુરત (GMB) અને અદાણી હજીરા પોર્ટ દ્વારા સંયુક્ત ઉપક્રમે અદાણી હજીરા પોર્ટ-હજીરા ઉપર 'ડ્રોન હુમલા'ની સફળ મોકડ્રીલ યોજાઈ હતી.

અદાણી હજીરા પોર્ટ ઉપર બપોરે ૧૨.૧૦ કલાકે અજાણ્યા શંકાસ્પદ ડ્રોન દ્વારા લિક્વિડ જેટી અને લિક્વિડ ટર્મિનલ પર હવાઈ ડ્રોન હુમલો થયો હતો. કવાયતની શરૂઆત ઓન-સાઈટ ઈમરજન્સી તરીકે થઈ હતી. સતર્કતાના ભાગરૂપે કાર્ગો હેન્ડલિંગ, શિપ મૂવમેન્ટ અને ક્રેન ઓપરેશન તાત્કાલિક ધોરણે બંધ કરી દેવાઈ હતી. પોર્ટ સિક્યુરિટી યુનિટ્સ, CISF અને મરીન પોલીસ 'હાઈ એલર્ટ' થઈ પોર્ટ પરના તમામ કર્મચારીઓને સુરક્ષિત સ્થાને ખસી જવા સૂચના આપી હતી. ત્યારબાદ કેમિકલ કાર્ગો જહાજ અને તેની સાથે જોડાયેલા ટેન્ક ફાર્મ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ડ્રોન હુમલાની કવાયત થઈ હતી. આ હુમલાને કારણે 'હેવી એરોમેટિક કેમિકલ' સાથે સંબંધિત જોખમી સ્થિતિ સર્જાઈ હતી. ઈમરજન્સી પ્રોટોકોલ ધ્યાને લઈ જિલ્લા કલેક્ટરના વડપણ હેઠળ મ્યુચ્યુઅલ એઈડ ટીમોને જવાબદારી સોંપાઈ હતી, જેના દ્વારા સ્થાનિક અને જિલ્લા સ્તરે વિવિધ એજન્સીઓ વચ્ચેના તાલમેલ અને પ્રતિસાદની અસરકારકતાની ચકાસણી કરાઈ હતી.

સમગ્ર મોકડ્રીલની પ્રક્રિયા અદાણી હજીરા પોર્ટ લિ.ના ચીફ ઓપરેટિંગ ઓફિસર પંકજ ઉકેના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. જેમાં સુરત જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદ હેઠળના ડિસ્ટ્રિક્ટ ક્રાઈસિસ ગ્રુપ (DCG), લોકલ ક્રાઈસિસ ગ્રુપ (LCG), ગુજરાત મેરીટાઇમ બોર્ડ (GMB) અને મ્યુચ્યુઅલ એઈડ ગ્રુપ-હજીરાના માર્ગદર્શનમાં સુરત પોલીસ કમિશનર કચેરી, રાજ્ય સરકારના ઔદ્યોગિક સુરક્ષા અને સ્વાસ્થ્ય નિયામક (DISH), ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) અને અન્ય જિલ્લા સ્તરીય આપત્તિ વ્યવસ્થાપનના અધિકારીઓ સહભાગી બન્યા હતા.

મોકડ્રીલમાં હજીરા વિસ્તારની 'મ્યુચ્યુઅલ એઈડ' ઈન્ડસ્ટ્રીઝ જેવી કે શેલ, છરા/દ્રજી, ક્રિભકો, NTPC, રિલાયન્સ, ONGC, GAIL અને હજીરા નોટિફાઈડ ઓથોરિટીના પ્રતિનિધિઓ સહભાગી બન્યા હતા. અદાણી હજીરા પોર્ટ લિ., સરકારી વિભાગો અને સ્થાનિક કંપનીઓએ સાથે મળીને આપત્તિ સામે લડવાની ક્ષમતા, સજ્જતા અને સામુદાયિક સુરક્ષાને મજબૂત બનાવવા અભ્યાસ કર્યો હતો. જે ઈમરજન્સી મેનેજમેન્ટ અને જવાબદાર પોર્ટ કામગીરીમાં મદદરૂપ બનશે. મોકડ્રીલમાં જી.એમ.બી (GMB) પોર્ટ ઓફિસર અમિત કુમાર, અદાણી હજીરા પોર્ટના હેલ્થ, સેફ્ટી અને પર્યાવરણ વિભાગના હેડ આદિત્ય અભિષેક પાંડે, લિક્વિડ ટર્મિનલ હેડ ગૌરાંગ ચુડાસમા, મામલદાર ચોર્યાસી નિરવ પરિતોષ, અદાણી હજીરા પોર્ટ સિક્યુરિટી ટીમ, સ્થાનિક પોલીસ, મરીન પોલીસ અને ફાયર વિભાગના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. અંતે, સમગ્ર મોકડ્રીલનું વિશ્લેષણ કરી સુરક્ષા પ્રોટોકોલમાં વધુ સુધારા અંગે ચર્ચા કરવામાં આવી હતી.

# વડાપ્રધાનશ્રીએ આપેલા "અમૃતકાળ"ના વિઝનને અનુરૂપ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનું મહત્વપૂર્ણ કદમ

**દક્ષિણ ગુજરાતના ગ્રોથ હબ તરીકે સુરત ઈકોનોમિક રિજિયન SERને રોડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશન માટે સૌ પ્રથમ ૧૧૮૫ કરોડ રૂપિયાના કામો મંજૂર કરતા મુખ્યમંત્રીશ્રી**




## વિકસિત ગુજરાતજ૨૦૪૭ના લક્ષ્યો સાકાર કરવા રચવામાં આવેલા ગ્રીટ દ્વારા ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઈનોવેશન, ઈન્ડિવિજુઅલ અને ઈન્સ્ટિટ્યુશન આધારિત લાંબાગાળાના અને પરિણામલક્ષી વિકાસનું મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલનું દિર્ઘ દ્રષ્ટીપૂર્ણ આયોજન

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા વિકસિત ભારત @૨૦૪૭ના સંકલ્પને આ અમૃતકાલમાં વિકસિત ગુજરાત@૨૦૪૭થી સાકાર કરવાનો નિર્ધાર કર્યો છે.

આ હેતુસર રાજ્યના સર્વાંગી વિકાસને ગતિ આપવા ગુજરાત રાજ્ય ઈન્સ્ટિટ્યુશન ફોર ટ્રાન્સફોર્મેશન- ગ્રીટની રચના કરીને ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઈનોવેશન, ઈન્ડિવિજુઅલ અને ઈન્સ્ટિટ્યુશન આધારિત લાંબાગાળાના અને પરિણામલક્ષી વિકાસનું મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે દિર્ઘ દ્રષ્ટીપૂર્ણ આયોજન કર્યુ છે.

મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનમાં ગ્રીટ દ્વારા રાજ્યના સર્વાંગી અને સંતુલિત વિકાસ માટે ૬ ગ્રોથ હબ વિકસાવવા દરેક ક્ષેત્રની જરૂરીયાત મુજબ ખુબ જ ટુંકા ગાળામાં જે રિજનલ ઈકોનોમિક માસ્ટર પ્લાન તૈયાર થયા છે. તેમાં દક્ષિણ ગુજરાતના ગ્રોથ હબ તરીકે સુરત ઈકોનોમિક રિજિયન SER માટે રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશન માટે સૌ પ્રથમ ૧૧૮૫ કરોડ રૂપિયાના કામો મંજૂર કરીને મુખ્યમંત્રીશ્રીએ જે કહેવુ તે કરવુંનો ધ્યેય સાકાર કર્યો છે.

SERમાં સુરત, ભરૂચ, નવસારી, વલસાડ, તાપી અને ડાંગ જિલ્લાનો સમાવેશ થાય છે અને આ વિસ્તારો રાજ્યના કુલ આર્થિક વિકાસમાં ૩૫ ટકાથી વધુ યોગદાન આપે છે.

દેશના આર્થિક વિકાસમાં નોંધપાત્ર ફાળો આપતું ગુજરાત વિકસિત ભારત@૨૦૪૭માં પણ લીડ લે તેવા અભિગમથી વિકસિત ગુજરાતજ૨૦૪૭નો રોડ મેપ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં કાર્યરત થયો છે.

આ રોડ મેપ અંતર્ગત "અર્નિંગ વેલ - લિવિંગ વેલ"નો ધ્યેય પાર પાડવા રાજ્યમાં આર્થિક વિકાસથી અર્થવ્યવસ્થા સુદ્રઢ કરવાની જે નેમ મુખ્યમંત્રીશ્રીએ રાખી છે. તેમા સુરત ઈકોનોમિક રિજિયન લાંબા ગાળાના આર્થિક વિકાસને આગળ ધપાવવાના મુખ્ય વિકાસ કેન્દ્ર તરીકે ઉભરી રહ્યું છે.

આ સ્ટ્રેટેજિક મલ્ટી ડિસ્ટ્રીક આર્થિક ક્ષેત્રના વિકાસ માટેના ઈકોનોમિક માસ્ટર પ્લાનથી અમૃતકાલ વિઝનને પાર પાડવાના મહત્વપૂર્ણ પરિબળ તરીકે રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશન માટે જીઈઈના પાંચ જિલ્લાઓમાં કુલ ૩૮૩ કિલોમીટરના ૨૪ કામો માટે આ ૧૧૮૫ કરોડ મંજૂર કરવામાં આવ્યાં છે.

**રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશન થી શું ફાયદો થશે?**

લોજિસ્ટિક કાર્યક્ષમતા વધશે

આ રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશનના પરિણામે સુરત, તાપી, વલસાડ, ભરૂચ અને નવસારી જિલ્લાના મુખ્ય ઔદ્યોગિક હબ અને જી.આઈ.ડી.સી. વિસ્તારોને જોડતા માર્ગોની સુધારણા થવાથી લોજિસ્ટિક કાર્યક્ષમતા વધશે અને માલસામાન તથા શ્રમિકોની અવર-જવર વધુ સુગમ થશે. એટલું જ નહીં ટેક્સટાઈલ, કેમિકલ્સ, પેટ્રોકેમિકલ્સ અને ડાયમંડ ઈન્ડસ્ટ્રીઝના વિકાસને મજબૂતી મળશે.

**ઈન્ડસ્ટ્રીયલ એક્સપાન્શન - ઔદ્યોગિક વિસ્તરણ**

SERમાં સમાવેશ થયેલા જિલ્લાઓમાં આ રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશનના કારણે ફીશરીઝ, હજીરા પોર્ટ, સુગર ફેક્ટરી, સુમુલ ડેરી, પાપડ ઉદ્યોગ, માઈનિંગ એન્ડ લિગ્નાઈટ પ્રોજેક્ટ જેવા વિવિધ ઉત્પાદન એકમો ધરાવતા ઔદ્યોગિક ક્ષેત્રને સીધો લાભ મળતો થશે. આ ઉપરાંત કડોદ, કડોદરા, જોલવા, માંગરોળ, કોસંબા અને તડકેશ્વર જેવા મહત્વના જી.આઈ.ડી.સી. વિસ્તારોની કનેક્ટિવિટી મજબૂત થવાથી ઔદ્યોગિક વિસ્તરણ દ્વારા વિકાસને પણ વેગ મળશે.

રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર કનેક્ટિવિટી અપગ્રેડેશનથી જીઈઈના જિલ્લાઓની ખેત પેદાશોના પરિવહનમાં ઝડપ આવશે અને ખેડૂતો પોતાના પાક ઉત્પાદનો તથા ચીજ વસ્તુઓ બજાર સુધી સરળતાથી પહોંચાડી શકશે તેમજ કૃષિ ક્ષેત્રને વધુ પ્રોત્સાહન મળશે.

પ્રવાસન વિકાસ - ટુરીઝમ ડેવલપમેન્ટ

દક્ષિણ ગુજરાત પ્રદેશના સિધ્ધનાથ મહાદેવ, શબરીધામ, પાંડવગુફા, અંજનીકુંડ, સંજાણની પારસી અગિયારી જેવા ધાર્મિક સ્થળોએ આવનારા પ્રવાસીઓને આ સંગીન રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશન વધુ સરળતા આપશે. આ ઉપરાંત મહાલના જંગલો, સાપુતારા, વિલ્સન હિલ જેવા ટુરિસ્ટ પ્લેસિસ અને ઈકો ટુરીઝમ સ્થળોએ પહોંચવું સુગમ બનવાથી સમગ્રતયા પ્રવાસન પ્રવૃતિઓને નવી દિશા મળશે.

રોજગારી સર્જનના અવસરો

સુરત ઈકોનોમિક રિજિયનમાં મુખ્યત્વે ડાયમંડ ઈન્ડસ્ટ્રીઝ, પેટ્રોકેમિકલ એન્ડ કેમિકલ, ટેક્સટાઈલ, ફિશરિઝ જેવા પરંપરાગત સેક્ટર્સ ઉપરાંત સેમિકન્ડક્ટર, ગ્રીનહાઈડ્રોજન, લોજિસ્ટિક્સ જેવા ઉભરતા ક્ષેત્રોના વિકાસની નવી તકો આ રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશનથી ઊભી થશે. આના પરિણામે યુવાશક્તિને મોટાપાયે રોજગાર સર્જનના અવસરો મળતા થશે.

**SERને વિકસિત ગુજરાત@૨૦૪૭ માટેનું સ્ટ્રેટેજિક ગ્રોથ એન્જિન બનાવવામાં નવું બળ મળશે**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે SERને વિકસિત ગુજરાત@૨૦૪૭ માટેનું સ્ટ્રેટેજિક ગ્રોથ એન્જિન બનાવવાનો અભિગમ રાખ્યો છે અને ૨૦૪૭ સુધીમાં ૩.૫ ટ્રીલીયન ડોલરની અર્થવ્યવસ્થા બનાવવાના રાજ્યના વિઝનમાં આ SER જી.એસ.ડી.પી.માં ૩૫% થી વધુ યોગદાન આપે તેવી અપેક્ષા છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે SER માટે રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશનની આપેલી આ મંજૂરીને પરિણામે ઈન્ફ્રાસ્ટ્રક્ચર આધારિત આર્થિક વિકાસને નવું બળ મળતું થતાં સર્વગ્રાહી વિકાસના નવા સિમાચિન્હો આ SER સર કરશે.

## મુસાફરીમાં બેચેની થવી...

# ઊલટી થવી, ચક્કર આવવા, માથું દુઃખવું, શ્વાસ લેવામાં તકલીફ થવી, શરીરમાં બેચેની અનુભવવી વગેરે.

કારણ : મુસાફરી દરમ્યાન જયારે આંખ અને કાન દ્વારા મગજને શરીરની ગતિ વિશે વિરોધાભાસી સંકેતો મળે છે, ત્યારે બેચેની થાય છે. જયારે આપણે ગાડી, બસ, સ્ટીમર કે પ્લેનમાં મુસાફરી કરતા હોઈએ ત્યારે આપણે એક જગ્યાએ બેઠા હોવાથી આંખ મગજને શરીરની સ્થિરતાના સંકેતો પહોંચાડે છે. તે જ વખતે વાહનના થતા હલન-ચલન અને વાઈબ્રેશનોના કારણે જાણે શરીર હલન-ચલન કરી રહ્યું છે, એવા સંકેતોને કાન મગજને પહોંચાડે છે. આમ જયારે આંખ અને કાન દ્વારા મગજને વિરોધાભાસી સંકેતો મળે છે ત્યારે મુસાફરી દરમ્યાન શરીરમાં કોઈક રીતે બેચેની કે ગભરામણ અનુભવાય છે.

મુસાફરીમાં બેચેનીના ઉપચારઃ

૧. મુસાફરી પહેલાં આદુંના ૧-૨ નાના ટુકડા ખાઈ લેવા.
૨. મુસાફરી દરમ્યાન મોઢામાં લવિંગ, એલચી કે તજ રાખી ચૂસતા રહેવું.
૩. હૂંફાળા પાણીમાં ૧ ચમચી મધ તથા અડધા લીંબુનો રસ મેળવીને પીવું.
૪. ૧ ગ્લાસ સફરજનનું તાજું જયૂસ પીવું.

મુસાફરી પહેલાં કે તે દરમ્યાન ભારે, તળેલાં,મસાલેદાર અને નશાવાળા (ચા, કોફી વગેરે) પદાર્થો ન લેવા. સાવ ભૂખ્યા પેટે પણ મુસાફરી ન કરવી. માથું શકય હોય એટલું ઓછું હલાવવું. મુસાફરી દરમ્યાન વાંચવાની કે ટી.વી. જોવાની ટેવ ન પાડવી. ગાડીમાં આગલી સીટે બેસવું અને અમુક સમયે બારીમાંથી બહાર જોતા રહેવું. વિમાનની મુસાફરી દરમ્યાન બારીની સાઈડની અને પાંખોની સીટની માગણી કરવી. કેમ કે, ત્યાં ખૂબ જ ઓછા ધક્કાઓ લાગવાની સંભાવના હોય છે. મુસાફરી દરમ્યાન તાજી હવા લેતા રહેવું. જે વાહનોમાં પાછળની સીટોમાં ઓછી બારીઓ હોય છે, ત્યાં હવાનું વ્યવસ્થિત પરિભ્રમણ હોતું નથી. તેથી આ બીમારી અનુભવાતી હોય છે. માટે ગાડીમાં બેઠા હોઈએ ત્યારે માત્ર એ.સી.ની ઠંડી હવા પર નિર્ભર ન રહેતા અમુક સમયે ગાડીની બારીઓ ખોલતા રહેવું. જયારે વધારે મુશ્કેલી અનુભવાય ત્યારે આંખો બંધ કરી ઊંડા શ્વાસ લેવા. શાંત સંગીત સાંભળતા રહેવું. જે વાહનોમાં સામ-સામે સીટો હોય (જેમ કે, ટ્રેન, બોટ) તેમાં વાહન જે દિશામાં જતું હોય તે દિશા તરફની સીટમાં બેસવું. અમુક લોકો પહેલેથી જ એવી માનસિકતા રાખતા હોય છે કે, મુસાફરી દરમ્યાન તેમને તકલીફ થશે જ, પરંતુ તે ખોટી માનસિકતાનો ત્યાગ કરવો.




# કઢી- ભારતીયોની પહેલી પસંદ સુપાચ્ય- રસભરી એક સ્વાદિષ્ટ વાનગી

'કઢી' નામ સાંભળતાની સાથે જ મનમાં તેને ઝટપટ ચાખવાની ઈચ્છા અચૂક થઈ આવે. અત્યંત સરળતાથી બનતી વાનગી એટલે જ 'કઢી'. ફાગણ સુદ પૂનમ એટલે કે હોળીનો રંગભર તહેવાર. વસંતના વધામણાની સાથે હોળીનું પર્વ માનવ-જીવનને નવા રંગોથી ભરી દે છે. ચિંતા-મુક્ત થઈને મસ્ત મજાની જિંદગી જીવવાનું બળ પૂરું પાડે છે.

હોળીમાં મહારાષ્ટ્રમાં એક ખાસ મીઠી વાનગી બનાવવામાં આવે છે. જેનું નામ છે પૂરણપોળી. ગુજરાતમાં તેને 'વડેમી' કહેવામાં આવે છે. તે 'ગળી રોટલી' તરીકે ઓળખાય છે. પૂરણપોળીની સાથે અન્ય વાનગીઓનો ખાસ સમાવેશ થાય છે. જેમાં લચકો દાળ, રીંગણ-બટેકાનું રસાવાળું શાક, સુપાચ્ય તેવી કઢી તથા ગાજર-વટાણાથી ભરપૂર છુટ્ટો ભાત.

ભારતીયો વિવિધ વાનગી બનાવવાના જેટલા શોખીન છે તેટલાં જ વાનગીનું એકબીજા સાથે સંયોજન કરવામાં ચીવટવાળા છે. જેમ કે ઘરમાં લાડુ બનાવવામાં આવે તો તેની સાથે દાળ-ભાત વાલ-બટાકાનું રસાવાળું શાક અચૂક બને. છુટ્ટા મગની સાથે કઢી અચૂક બને. ખીચડી સાથે કઢી બનાવવામાં આવે. મગની છુટ્ટી દાળ સાથે કઢી બનાવવામાં આવે. ઘી નાખેલાં ગરમા-ગરમ ભાતની સાથે લચકો દાળ તથા કઢી ખાવાની મોજ પડી જાય. જે નાનાં બાળકોથી લઈને વડીલોની મનપસંદ વાનગી ગણાય.

રસાવાળા મગ હોય કે મગની દાળ તેની સાથે રોટલી કે રોટલા બને, શાક અચૂક સૂકું બને. ગામડાંમાં બાજરીના રોટલા સાથે રીંગણનો ઓળો-લસણની ચટણી સાથે હોય. સાંજના સમયે ઘેર-ઘેર ખીચડી-કઢીનું સ્વાદિષ્ટ સુપાચ્ય ભોજન બનતું જોવા મળે છે. હોળીમાં ભૂખ્યા રહેવાનો એક આગવો આનંદ હોય છે. સાંજના સમયે હોળીના પ્રાગટ્ય બાદ નાના-મોટા પ્રત્યેક ગરમા-ગરમ પૂરણપોળી સાથે મસ્ત મજાની કઢીનો સ્વાદ સબડકા સાથે માણે છે.

તાજેતરમાં ન્યુરોસાયન્સ દ્વારા કરવામાં આવેલાં સંશોધનના નિષ્કર્ષ મુજબ મગજમાં બીડીએનએફ (બ્રેઈન ડિરાઈવડ્ ન્યુરોટ્રોફિક ફેક્ટર) નામનું પ્રોટીન નવા કોષો બનાવવામાં મદદ કરે છે. આપણી ભારતીય 'કઢી' પ્રોટીનને વધારવા માટેનું 'કુદરતી બૂસ્ટર' છે. તેથી જ તો કહેવાય છે કે કૃત્રિમ પૂરક આહારને બદલે ભારતની વિવિધ પ્રાંતની પૌષ્ટિક્તાથી ભરપૂર થાળી 'સુપર ફૂડ' આહાર બની ગયો છે. જે તન-મનની તંદુરસ્તી જાળવવામાં ભરપૂર મદદ કરે છે.

વિવિધતામાં એકતા ધરાવતો આપણો ભારત દેશ. ભારતીય સુપાચ્ય તેવી કઢીમાં અનેક વિવિધતા જોવા મળે છે. જેમ કે ગુજરાતની મીઠી કઢી, પંજાબની પકોડા કઢી, રાજસ્થાની તીખી કઢી, સિંધી કઢી, ભાટિયા કઢી, મહારાષ્ટ્રિયન કઢી, બિહારી કઢી, હિમાચલી કઢી, કુમાઉ કઢી, બંગાળી કઢી, મૂળી કઢી, ભીંડી કઢી, કોકમ કઢી, લીલવા કઢી.

આજ-કાલ દેશી-વિદેશી મોંઘી દવાઓ કે ટોનિક યાદશક્તિ વધારવા માટે લેવામાં આવે છે. તેના કરતાં ભારતીય દેશી પરંપરાગત વ્યંજનોનો ઉપયોગ આહારમાં કરવાથી તનની સાથે મનની તંદુરસ્તી જાળવવામાં નિઃશંક બદલાવ આવશે.

કઢીમાં વપરાતી વિવિધ વસ્તુઓ વિશે જાણકારી મેળવી લઈએ :

દહીં, ચણાનો લોટ, આદું-મરચાં, તજ-લવિંગ, મેથી દાણા, તમાલપત્ર, મરી, હળદર, કોથમીર, ગોળ-ખાંડ. વઘારમાં રાઈ-જીરું-આખા લાલ મરચાં, હિંગ, મીઠો લીમડો, આખા ધાણા, કોથમીર.

દહીંઃ કઢીમાં ઉપયોગમાં લેવાતું દહીં પ્રોબાયોટીક્સ્નું સારું સ્તોત્ર છે. પેટના સારા બૅક્ટેરિયા વધારે છે. જેથી પેટનું સ્વાસ્થ્ય સુધરે છે. પાચનક્રિયામાં મદદ કરે છે. આપણે ત્યાં તો કહેવત છે કે 'જેનું પેટ સાફ તેનું મગજ સતેજ.' દહીંમાં બ્રેઈન ડિરાઈવડ્ ન્યુરોટ્રોફિક ફેક્ટર (બીડીએનએફ) નામનું પ્રોટીન નવા કોષો બનાવવામાં મદદ કરે છે. આમ કઢી પ્રોટીન વધારવા માટેનું 'કુદરતી બૂસ્ટર' ગણાવી શકાય.

રોગપ્રતિકારક શક્તિ વધારે છે : અનેક ગૃહિણી કઢીમાં થોડી હળદર ઉમેરે છે. હળદરમાં કરક્યૂમિન હોય છે. જે મગજ માટે અત્યંત ઉપયોગી છે, પરંતુ શરીરમાં તે ત્યારે જ શોષાય છે જ્યારે તેની સાથે શુદ્ધ ઘી તથા કાળા મરી ભેળવવામાં આવે. તેથી જ આપણે ત્યાં હળદરવાળું કઢિયેલ મસાલા દૂધ પીવાની પ્રથા શિયાળામાં જોવા મળે છે. અનેક લોકો તો બારેમાસ દૂધમાં હળદર-ઘી-મરીનો ભૂકો ભેળવીને પીવાનું પસંદ કરે છે. કઢીમાં અચૂક ઘીનો વઘાર કરવામાં આવે છે. જે શરીરના સંપૂર્ણ સ્વાસ્થ્ય માટે અત્યંત ઉપયોગી ગણાય છે. શરદી-ખાંસી જેવી બીમારીઓ સામે રક્ષણ આપે છે.

તજ-લવિંગ-આદું-મરચાં : કઢીમાં ઉપયોગમાં લેવામાં આવતું તજ આંતરડામાં ભળીને સોડિયમ બેન્ઝોઈટ બનાવે છે. જે મગજના કોષોને મજબૂત કરવામાં મદદ કરે છે. લવિંગને કારણે ભરપેટ ભોજન કર્યા બાદ અનેક વખત આફરો ચડી જતો હોય છે. તેવી સમસ્યાથી બચી શકાય છે.

શરદી-ખાંસી-દાંતના દુખાવામાં લવિંગ ઉપયોગી ગણાય છે. આદુંનો ઉપયોગ કઢીનો સ્વાદ વધારવાની સાથે મગજ ઉપર તથા શરીરના સાંધા ઉપર થતાં સોજાને ઘટાડવામાં મદદ કરે છે. ગેસ તથા અપચાની તકલીફમાં રાહત આપે છે. લીલા મરચાંમાં કેપ્સાઈસીન નામક તત્ત્વ હોય છે. જે પાચનશક્તિ વધારવાની સાથે લોહીને પાતળું કરવામાં મદદ કરે છે. હૃદયરોગના ખતરાથી બચાવે છે. પાચનશક્તિને વધારવામાં મદદ કરે છે. આપણે જાણીએ જ છીએ કે ગામડાંના લોકો ભોજન કરતી વખતે લીલા મરચાંને રોટલાં સાથે ચાવી-ચાવીને ખાતા હોય છે. જે થાઈરોઈડની સમસ્યાથી બચવામાં મદદ કરે છે.

ચણાનો લોટ અને મેગ્નેશિયમ : ચણાના લોટમાં મેગ્નેશિયમ, પોટેશિયમ હોય છે. જે મગજને તેજ બનાવવામાં મદદ કરે છે. પાચનશક્તિ વધારવાની સાથે વજનને નિયંત્રણમાં રાખવામાં ચણાનો લોટ ગુણકારી ગણાય છે. વઘારમાં કાળા મરીનો ઉપયોગ કરવાથી હળદરની શક્તિ ૨૦૦૦ ટકા વધારી દે છે. કઢીમાં મીઠા લીમડાના પાનનો ખાસ ઉપયોગ સ્વાદ વધારવા માટે કરવામાં આવે છે. મીઠા લીમડાના પાન ઍન્ટિ-ઓક્સિડન્ટથી ભરપૂર હોય છે. જે વાળ માટે ગુણકારી ગણાય છે. લોહીમાં શર્કરાની માત્રાને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે. ગર્ભસ્થ શિશુના વિકાસ માટે ગુણકારી : ગર્ભાવસ્થા દરમિયાન અનેક વખત દાળ ખાવાની ઈચ્છા ઓછી થાય છે. તેની જગ્યાએ કઢી ખાવાનું મન થયા કરે છે. ગર્ભાવસ્થા દરમિયાન કઢી ખાવાથી ગર્ભસ્થ શિશુનો વિકાસ સારો થાય છે. કેમ કે કઢીમાં ફૉલિએટ, વિટામિન બી-૬, આયર્ન જેવાં અનેક પોષક તત્ત્વો સ્વાસ્થ્ય માટે શ્રેષ્ઠ ગણાય છે. એક વાટકી કઢી પીવાથી આરોગ્યની જાળવણીની સાથે અનેક સમસ્યાથી બચી શકાય છે.ગુજરાતી કઢી : પચવામાં હલકી, સ્વાદમાં મીઠી તેવી ગુજરાતી કઢી દેખાવમાં સફેદ રંગની તથા પાતળી હોય છે. તેમાં થોડો ગોળ તથા થોડી ખાંડનો ઉપયોગ કરીને તેને સ્વાદિષ્ટ બનાવવામાં આવે છે.

તંત્રી લેખ...

મંગળવાર, તા. ૧૦ માર્ચ ૨૦૨૬

# આરબ સંઘર્ષથી દુનિયામાં ખાદ્ય સંકટની પણ ભીતિ

આજકાલ દુનિયામાં ઈરાન પર અમેરિકા અને ઈઝરાયલના હુમલાને લીધે ક્રૂડતેલની અછત અને ભાવવધારાની અસરોની ભારે ચર્ચા છે. ઈરાને આરબ દેશોને જે રીતે નિશાન બનાવ્યા છે તેનાથી સમૃદ્ધ આ દેશોમાં વિશ્વના આર્થિક હિતો તારાજ થવાનો ફડકો જાગ્યો છે. હવે આ ચિંતા જગાવતી યાદીમાં ખાદ્ય સલામતીની સામે ઊભા થઈ રહેલાં જોખમનો ઉમેરો થઈ રહ્યો છે. એક તરફ હોર્મુઝ સમુદ્રધૂનીને બંધ કરવાના ઈરાનનાં આક્રમક પગલાંથી દુનિયા માટેનો ચાવીરૂપ દરિયાઈ માર્ગ રુંધાયો છે, તો બીજી તરફ આરબ દેશો તેમાં પણ ખાસ તો કતારનું ખાતર ઉત્પાદન ઠપ થઈ ગયું છે. અખાતના દેશોમાં ક્રૂડતેલની સુવિધાઓને નુકસાન પહોંચ્યું છે તેની સાથોસાથ યુરિયા, સલ્ફર અને એમોનિયાનું ઉત્પાદન બંધ જેવું થઈ ગયું છે. આજની આધુનિક ખેતીમાં ખેડૂતોના પરસેવાની સાથે ખાતર પણ ભારે મહત્ત્વ ધરાવે છે. તેમાં પણ દુનિયમાં સૌથી

વધુ ખાતરનું ઉત્પાદન આ દેશોમાં થાય છે. ઈરાનની આડોડાઈને લીધે ખાતરનું ઉત્પાદન અને હોર્મુઝની ખાડી વાટેનું પરિવહન બન્ને ઠપ છે. હાલની કટોકટી પહેલાં આ ખાડીમાંથી દુનિયાના લગભગ ૩૫ ટકા ખાતરનું પરિવહન થતું હતું. હવે આ સ્થિતિ દુનિયાની ખેતી અને તેમાં પણ ખાસ તો અનાજ નાં વાવેતર માટે જોખમી બની ચૂકી છે. વાવણી થાય, પણ ખાતર ન મળે તો ઉત્પાદન નહીંવત બને એવી ભીતિ દુયિનમાં ખાદ્ય કટોકટીનો પડકાર સર્જી રહી છે. વળી વિશ્વના અનાજ ઉત્પાદક દેશો પાસેથી મોટાપાયે આયાત કરતા દેશો માટે હોર્મુઝની ખાડી બંધ થવાને લીધે માલની આવક બંધ જેવી થઈ ગઈ છે. ભારત સહિતના દેશોના બંદરો પર અનાજ સહિતના ખેત ઉત્પાદનોનો ભરાવો થઈ રહ્યો છે અને તેની આયાતનો ઓર્ડર કરનારા દેશોમાં માલની અછત ઊભી થઈ રહી છે. આમ હોર્મુઝની ખાડી ક્રૂડતેલની કટોકટીની સાથોસાથ દુનિયામાં અનાજ સહિતના ખાદ્ય પદાર્થોની વિચિત્રિ સ્થિતિ સર્જી રહી છે. ભારત જેવા ખેતી પ્રધાન દેશો તેમની ખેતઊપજ માટે યુરિયા સહિતના ખાતર પર ભારે નિર્ભર રહે છે, પણ આરબ દેશોની કટોકટીએ વિવિધ પ્રકારના ખાતરનાં ઉત્પાદન અને પરિવહન બન્નેને ઠપ કરી નાખ્યા છે. સાઉદી અરેબિયા અને ખુદ ઈરાનથી આવતો પુરવઠો બંધ છે. કતાર યુરિયાનાં ઉત્પાદનની મોટી સુવિધા ધરાવે છે, પણ ઈરાનના ડ્રોન હુમલામાં તેના એક સંકુલને નુકસાન થતાં હવે કતારે તેનું ઉત્પાદન સાવ બંધ કરી નાખ્યું છે. યુરિયા, સલ્ફર અને એમોનિયાનું ઉત્પાદન અટકી જતાં દુનિયાના અને તેમાં પણ ભારતના કૃષિ ક્ષેત્રની સામે જોખમ ઊભું થઈ રહ્યંઅ છે. આમે ભારતમાં યુરિયાની સતત અછત રહેતી આવી છે. ગયાં વર્ષે એપ્રિલથી સપ્ટેમ્બર વચ્ચેના સમયગાળામાં ભારતે ૭૦ લાખ ટન યુરિયાની આયાત કરી હતી. તેમાંથી ૪૦ ટકા હિસ્સો મધ્ય-પૂર્વના દેશોમાંથી આયાત થયો હતો. આવામાં ખેતીની નવી મોસમમાં યુરિયાની આયાત ઓછી થાય તો દેશની ખેતઊપજમાં ૫૦ ટકા જેટલો ઘટાડો આવી શકે તેમ છે. આમ થાય તો ક્રૂડતેલની સાથોસાથ ખેતપેદાશો સામેનું જોખમ પણ ચિંતાજનક બની રહેશે.

# રાંધણ ગેસમાં ભાવવધારો

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલાં યુદ્ધનો ભાર આખરે ભારતમાં સામાન્ય નાગરિકો ઉપર પડયો છે! પેટ્રોલ અને ડીઝલનો પૂરતો સ્ટોક આપણા પાસે હોવાની ખાતરી આપ્યા પછી કેન્દ્ર સરકારે રાંધણ ગેસ - લિક્વિફાઇડ પેટ્રોલિયમ ગેસ - એલપીજીના સિલિન્ડર દીઠ રૂા. ૬૦ના વધારાને મંજૂરી આપ્યા પછી ઓઈલ માર્કેટિંગ કંપનીઓ ઇન્ડિયન ઓઈલ કોર્પોરેશન, ભારત પેટ્રોલિયમ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશને અમલ શરૂ કર્યો છે. ભારતમાં રાંધણગેસ - એલપીજીના ગ્રાહકોની સંખ્યા ૩૩ કરોડથી વધુ છે, પણ ઉજ્જવલા યોજના હેઠળ આવતા લોકોને રૂા. ૩૦૦ની રોકડ સબસિડી અપાતી હોવાથી સિલિન્ડર દીઠ રૂા. ૬૧૩ ચૂકવવાના રહેશે. રાંધણગેસના ભાવ વધતાં મધ્યમ અને ગરીબ વર્ગ ઉપર ભારણ વધે છે. રેસ્ટોરાં અને હોટેલો માટે ગેસ મોંઘો પડશે, તેથી ગ્રાહકોને 'બોનસ' આપીને એમના સિલિન્ડર ખરીદવાની પ્રવૃત્તિ વધશે અને ગ્રાહકો માટે સિલિન્ડરની અછત વધે એવી શક્યતા છે, પણ તેની સામે સરકારે એડવાન્સમાં પગલાં લીધાં છે. એસેન્સીઅસ કોમોડિટીઝ એક્ટ હેઠળ વધારાની સત્તા મેળવીને તેલ રિફાઈનિંગ કંપનીઓને તાકીદ કરવામાં આવી છે કે, રાંધણગેસનું ઉત્પાદન વધારો અને એલપીજીનો ઉપયોગ પેટ્રોકેમિકલ પેદાશોના ઉત્પાદન માટે થઈ શકશે નહીં. સરકારે એવો પણ નિયમ કર્યો છે કે, ગેસનો બાટલો ૨૫ દિવસ પછી જ મળશે. રાંધણગેસના ભાવવધારા સામે સંસદમાં વિરોધ થાય અને આગામી રાજ્યોની ચૂંટણીમાં વિપક્ષોને આક્રમક મુદ્દો મળશે. મોંઘવારીનો મુદ્દો હવે વિપક્ષોની વહારે આવશે. આ ભાવવધારો આપણા પાડોશી દેશ-પાકિસ્તાન, શ્રીલંકા અને નેપાળમાં થયેલા વધારાથી ઓછો હોવાની દલીલ થાય છે, પણ તેનાથી રાહત કે સાંત્વના મળે નહીં. વાસ્તવિકતા છે કે, આંતરરાષ્ટ્રીય બજારમાં પ્રવર્તમાન ભાવ છે તે ભારતમાં લાગુ પડાય તો સિલિન્ડર દીઠ રૂા. ૧૩૪ વધારવા પડે! આપણા દેશની ત્રણે ઓઈલ માર્કેટિંગ કંપનીઓની ખોટ આ વર્ષે નવ મહિનામાં જ રૂા. ૨૦ હજાર કરોડ હોવાનો અંદાજ છે. ગયા વર્ષે આ ખોટ ૪૦ હજાર કરોડ હતી અને વર્ષાન્તે સરકારે ૩૦ હજાર કરોડ ખાધ પૂરવા આપ્યા હતા. એલપીજીની આપણી જરૂરિયાતના ૫૦ ટકા આયાત થાય છે અને તેના ભાવ સાઉદી કોન્ટ્રાક્ટ પ્રાઈસ સાથે સાંકળવા પડે છે અને આ સાઉદી કોન્ટ્રાક્ટ પ્રાઈસ આ વર્ષે ૪૬૬ ડોલરથી વધીને ૫૪૨ ડોલર થઈ છે! પણ ભારત સરકારે સ્વદેશી ભાવ અંકુશમાં રાખીને રાહત આપી છે. હવે પશ્ચિમ એશિયામાં યુદ્ધ લંબાઈ રહ્યું છે અને હોર્મુઝ ખાડીની તંગદિલી જોતાં આ સ્થિતિમાં રાહત થવાની આશા નથી. અખાત યુદ્ધની અસર દુનિયાના દેશોના અર્થતંત્રને પડશે. વેપાર-કારોબાર ઠપ થયો છે. અખાત દેશોના બંદર સુમસામ છે અને કચ્છ-ગુજરાત કે દેશના બંદરો પરથી સમુદ્રી વ્યવહાર ખોરવાઈ ગયો છે. હજુ લડાઈ કેટલી ચાલશે એ નક્કી નથી. ભવિષ્યના દિવસો વધુ ડરામણા હોવાની ભીતિ સેવાઈ રહી છે.

**શિવમ દુબેએ તડાફડી કરીને ૨૫૫ રનનો સ્કોર ખડક્યો પછી બોલરોએ મોરચો સંભાળી લીધો.**

# ભારત ફરી ચેમ્પિયન, યાદવની ટીમ ઈન્ડિયાએ રંગ રાખ્યો

**ન્યૂ ઝીલેન્ડમાંથી ખાલી ત્રણ બેટ્સમેન બે આંકડે પહોંચી શક્યા તેના પરથી જ ભારતીય બોલરોના પ્રભુત્વનો અંદાજ આવી જાય.**

ભારતે બે વર્ષથી પણ ઓછા સમયગાળામાં બીજો ટી-૨૦ વર્લ્ડકપ જીતીને ઈતિહાસ રચી દીધો. સૂર્યકુમાર યાદવની ટીમ ઈન્ડિયાએ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાયેલી ટી ૨૦ વર્લ્ડકપની ફાઈનલમાં ન્યૂ ઝીલેન્ડને રીતસર કચડી જ નાંખ્યું. ન્યૂ ઝીલેન્ડે ટોસ જીતીને ભારતને પહેલાં બેટિંગ આપેલી પણ અભિષેક શર્મા, સંજુ સેમસને શરૂઆતની ઓવરોમાં તોફાની બેટિંગ કરીને ન્યૂ ઝીલેન્ડને અહેસાસ કરાવી દીધેલો કે, તમે ટીમ ઈન્ડિયાના યંગસ્ટર્સને આંકવામાં થાપ ખાઈ લીધી છે. પાછળથી ઈશાન કિશને અને છેલ્લે શિવમ દુબેએ તડાફડી કરીને ૨૫૫ રનનો સ્કોર ખડક્યો પછી બોલરોએ મોરચો સંભાળી લીધો. ન્યૂ ઝીલેન્ડનો કિલ્લો ધરાશાયી કરવાની શરૂઆત અક્ષર પટેલે કરી ને પછી જસપ્રિત બૂમરાહ ચડી બેઠો તેમાં ન્યૂ ઝીલેન્ડ પૂરી ૨૦ ઓવર પણ ના રમી શક્યું ને ૧૫૯ રનમાં તો ધરાશાયી થઈ ગયું. ભારતે ટી-૨૦ વર્લ્ડ કપની ફાઈનલમાં સૌથી મોટા ૯૬ રનના માર્જિનથી ચેમ્પિયન બનીને રેકોર્ડ્સની વણઝાર કરી નાંખી. ભારત સારું રમ્યું તેથી ચેમ્પિયન બન્યું એ દેખીતું છે પણ વાસ્તવમાં ટીમ ઈન્ડિયા ફાઈનલના પહેલા બોલથી જ ચેમ્પિયનની જેમ રમ્યું. ભારતે ૧૫ ઓવરમાં તો ૨૦૦ રનનો સ્કોર પાર કરી દીધો હતો. તેના પરથી જ ભારતના શરૂઆતના બેટ્સમેન કેવા પ્રભુત્વ સાથે રમ્યા એ સ્પષ્ટ છે. આઈપીએલમાં પણ આવી બેટિંગ નથી જોવા મળતી. ન્યૂ ઝીલેન્ડના નિશામે મેચની ૧૬મી ઓવરમાં માત્ર ૧ રન આપીને ભારતના ત્રણ બેટ્સમેનને આઉટ કર્યા પછી ભારત થોડુંક દબાણમાં આવેલું તેથી સાવચેતીપૂર્વક રમ્યું. આ કારણે ૧૬મીથી ૧૯મી ઓવર સુધીમાં ચાર ઓવરમાં ભારતે ૨૮ રન જ કર્યા. આ ૪ ઓવરમાં ભારતે કુલ ૪ વિકેટ પણ ગુમાવી. આખી ફાઈનલમાં આ ચાર ઓવર દરમિયાન ન્યૂ ઝીલેન્ડ ઈન્ટરનેશનલ ક્રિકેટ રમતી ટીમ હોય એવું લાગેલું, બાકી ભારતે ન્યૂ ઝીલેન્ડને સાવ વામણી ટીમ સાબિત કરતી રમત બતાવી. શિવમ દુબેએ છેલ્લી ઓવરમાં ૨૪ રન ઝૂડીને આ ચાર ઓવરની કસર તો પૂરી કરી જ પણ ભારતને પરેશાન કરી ગયેલા નિશામને પણ ટીમ ઈન્ડિયાની તાકાતનો પરચો આપી દીધો. બેટિંગમાં પણ ન્યુઝેન્ડની એ જ હાલત થઈ. ઓપનર વિકેટકીપર ટીમ સેઈફર્ટે સંજુ સેમસન, અભિષેક અને ઈશાનની યાદ અપાવતી તોફાની બેટિંગ કરી પણ અક્ષર પટેલ અને જસપ્રિત બૂમરાહે બીજો છેડો ખાલી કરવા માંડ્યો તેમાં રન રેટનું દબાણ વધતાં સેઈફર્ટ પણ ઘાંઘો થયો ને વિકેટ ખોઈ દીધી. ઈશાન કિશને સેઈફર્ટનો બાઉન્ડ્રી પર જોરદાર કેચ પકડ્યો એ સાથે જ મેચ પતી ગયેલી. છેલ્લે છેલ્લે કેપ્ટન મિશેલ સેન્ટનરે મરણિયા બનીને મથામણ કરી પણ મેળ ના પડ્યો. ન્યૂ ઝીલેન્ડમાંથી ખાલી ત્રણ બેટ્સમેન બે આંકડે પહોંચી શક્યા તેના પરથી જ ભારતીય બોલરોના પ્રભુત્વનો અંદાજ આવી જાય. બૂમરાહ માત્ર ૧૫ રનમાં ચાર વિકેટ ઝડપીને કાળ સાબિત થયો તો અક્ષરે ૨૭ રનમાં મહત્વની ત્રણ વિકેટો લીધી. ભારતે ૨૦૨૪માં ટી-૨૦ વર્લ્ડ કપ જીત્યો પછી રોહિત શર્મા, વિરાટ કોહલી અને રવિન્દ્ર જાડેજાએ ટી ૨૦માંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી હતી. એ વખતે ત્રણ ધુરંધરોની ગેરહાજરીમાં ભારતીય ટીમનું હવે શું થશે એવી ચિંતાઓ કરાતી હતી. ભારતને હવે નવી ચેમ્પિયન ટીમઊભી કરતાં બીજાં ચાર-પાંચ વર્ષ લાગી જશે એવી વાતો પણ થતી હતી પણ સૂર્યકુમારની ટીમે બે વર્ષથી ઓછા સમયમાં ફરી વર્લ્ડ કપ જીતીને સાબિત કર્યું છે કે, ભારતમાં ટેલેન્ટની જરાય કમી નથી અને કોઈના વિના કશું અટકી જતું નથી. જસપ્રિત બૂમરાહ, અક્ષર પટેલ, સંજુ સેમસન કે હાર્દિક પંડ્યા જેવા ગણ્યાગાંઠ્યા અનુભવીઓ સિવાયના બાકીના તદ્દન નવા અને છેલ્લાં બે વર્ષમાં જ ચમકેલા ક્રિકેટરોના જોરે ભારત ફરી ચેમ્પિયન બની ગયું છે. ઈશાન કિશન, અર્શદીપસિંહ કે મોહમ્મદ સિરાજ જેવા ક્રિકેટરો છેલ્લાં ચાર-છ વર્ષથી ટીમમાં આવનજાવન કર્યા કરે છે પણ અભિષેક શર્મા, તિલક વર્મા, રિન્કુ સિંહ વગેરે તદ્દન નવા ખેલાડીઓ છે. સંજુ સેમસન અને કેપ્ટન સૂર્યકુમાર યાદવ બંને ત્રીસી વટાવી ચૂક્યા છે પણ ટીમમાં તેમનું સ્થાન પાકું તો છેલ્લાં પાંચેક વર્ષમાં જ થયું છે. સંજુએ તો છેક ૨૦૧૫માં પહેલી આંતરરાષ્ટ્રીય મેચ રમી હતી પણ જૂના ખેલાડી ખસતા જ નહોતા તેથી તક જ નહોતી મળતી. સંજુ મૂળ વિકેટકીપર છે પણ મહેન્દ્રસિંહ ધોની જામી ગયેલો તેથી સંજુનો નંબર નહોતો લાગતો. એવું જ સૂર્યકુમારનું હતું. સૂર્યકુમાર તો ૩૫ વર્ષનો છે ને આઈપીએલમાં જોરદાર રમતો હતો, રણજી ટ્રોફી સહિતની સ્થાનિક ટૂર્નામેન્ટ્સમાં પણ સારું રમતો પણ કહેવાતા ધુરંધરો ખસતા નહોતા તેના કારણે તક નહોતી મળતી. તક મળતાં જ સૂર્યકુમારે પોતાની બેટિંગનો પાવર પણ સૌને બતાવી દીધો ને નેતૃત્વની ક્ષમતા પણ સાબિત કરી દીધી. આ જીત સાથે ભારતીય ક્રિકેટ એક નવા યુગમાં પ્રવેશ્યું છે કેમ કે ભારતે છેલ્લી ત્રણ આઈસીસી ટૂર્નામેન્ટ્સ જીતી છે. ૨૦૨૪માં ટી-૨૦ વર્લ્ડ કપ, ૨૦૨૫માં ચેમ્પિયન્સ ટ્રોફી અને હવે ૨૦૨૬માં ફરી ટી ૨૦ વર્લ્ડ કપ જીતીને ભારતીય ટીમે જીતની હેટ-ટ્રિક કરી છે. ભારત માટે અસલી પડકાર આ વર્ચસ્વ જાળવી રાખવાનો છે. ભૂતકાળમાં ૧૯૮૦ના દાયકામાં વેસ્ટ ઈન્ડિઝ અને પછી ૨૦૦૦ના દાયકામાં ઓસ્ટ્રેલિયાનો વિશ્વ ક્રિકેટમાં સંપૂર્ણ દબદબો હતો. ભારતે જીતની હેટ-ટ્રિક પછી આ દબદબો કઈ રીતે ઊભો થાય એ વિશે વિચારવું જોઈએ. ભારતે પોતાનું પ્રભુત્વ ઊભું કરવા માટે બોલિંગના વિકલ્પો વિશે વધારે ધ્યાન આપવું જોઈએ. ભારત પાસે સ્ફોટક બેટ્સમેનની કમી નથી પણ બોલિંગમાં ભારતના વિકલ્પો હજુય મર્યાદિત છે. તેમાં પણ પેસ બોલિંગમાં તો ભારત હજુય જસપ્રિત બૂમરાહના મેજિક પર જ નિર્ભર છે. ન્યુઝીલેન્ડ સામેની ફાઈનલની જીતમાં બૂમરાહના મેજિક સ્પેલનો ફાળો બહુ મોટો હતો. બૂમરાહ અત્યારે ૩૨ વર્ષનો છે એ જોતાં આવતા વરસે વન ડે ઈન્ટરનેશનલના વર્લ્ડ કપમાં રમશે ને હવે પછીના ટી-૨૦ વર્લ્ડ કપમાં પણ કદાચ રમી નાંખે પણ તેનાથી વધારે ખેંચે એવી શક્યતા નથી. મોહમ્મદ સિરાજ સારો બોલર છે, પણ સિરાજ પણ ૩૧ વર્ષનો છે તેથી એ પણ બે-ચાર વર્ષમાં નિવૃત્ત થશે એ જોતાં અર્શદીપસિંહ સિવાય ભારત પાસે બીજો કોઈ સારો પેસર જ નથી. ક્રિકેટમાં સૌને હીરો બેટ્સમેન લાગે છે કેમ કે બેટ્સમેન ચોગ્ગા-છગ્ગા ફટકારીને સૌનું મનોરંજન કરે છે પણ મેચ તો બોલરો જ જીતાડે છે ને તેમાં સૌથી મહત્વનો રોલ પેસરનો હોય છે કેમ કે બોલિંગ ની શરૂઆત કરનાર બેટ્સમેનને હાવી ના થવા દે તો વિરોધી ટીમ દબાણમાં આવી જતી હોય છે. બૂમરાહ, સિરાજ ને અર્શદીપે છેલ્લાં ચાર-પાંચ વર્ષમાં આ કામગીરી અસરકારક રીતે નિભાવી છે પણ હવે તેમનાથી આગળ વિચારવાનો સમય આવી ગયો છે.

**આ પરિવર્તનમાં ડિજિટલ શિક્ષણ, ઇન્ટરનેટ, સોશ્યલ મીડિયાની પણ સારી એવી ભૂમિકા રહી છે.**

# તોરી છોરી મેં તો ગજબ કી ટેલન્ટ હૈ

- **આઇઆઇટી, આઇઆઇએસસી તથા અન્ય મુખ્ય વિજ્ઞાન સંસ્થાનોમાં જઈને જોશો તો પુરુષો જેટલી જ હાજરી મહિલાઓની જોવા મળશે. ક્યાંક તેમની હાજરી ઓછી જણાશે, પરંતુ મહિલાઓ વિજ્ઞાન-ટેક્નોલોજી ક્ષેત્રે માત્ર સર્વોત્તમ અભ્યાસ જ નથી કરતી,**

દેશમાં અનેક ક્ષેત્રે મહિલાઓ પુરુષોની સમોવડી છે તો અમુક ક્ષેત્રોમાં તેમનાથી આગળ નીકળી ગઈ છેકર્નલ સોફિયા કુરેશી, વિંગ કમાંડર વ્યોમિકા સિંહ, મહિલા ક્રિકેટ ટીમની વાઈસ કેપ્ટન સ્મૃતિ મંધાના, સુનીતા વિલયમ્સ (અવકાશયાત્રી)પરોઢિયે ચાર વાગ્યા છે અને આ છે હરિયાણાનું એક નાનું ગામ જેમાં ૧૯ વર્ષની એક છોકરી પોતાના શૂઝ સાફ કરી રહી હતી અને એની દોરી કસીને સરખી કરી રહી છે. તેની આ પ્રવૃત્તિ જોવા માટે સામે ન તો કોઈ દર્શક છે અને કોઈ કેમેરા. બસ, ફક્ત એક લાંબો રનિંગ ટ્રેક છે અને તેના દિલોદિમાગમાં છે એક મસ્તમજાનું સપનું. આ સપનું છે દોડવાની હરીફાઈમાં કંઈક કરી બતાડવાનું. આ સપનું માત્ર કોઈ એક હરિયાણવી છોકરીનું નહીં, પરંતુ ભારતની લાખો યુવા મહિલાઓનું છે એવું જ માની લો. આપણા મહાન દેશની લાખો યુવાન મહિલાઓની આંખોમાં ખેલકૂદથી લઈને સંરક્ષણ ક્ષેત્ર તથા વિજ્ઞાન જેવા ક્ષેત્રે યોગદાન આપવાનું સપનું છે અને આપણે એ જ વાત અહીં પેલી હરિયાણવી છોરીનું ઉદાહરણ લઈને કરી રહ્યા છીએ. આ તમામ જટિલ ક્ષેત્રે એક સમયે પુરુષોનું વર્ચસ્વ હતું જેમાં હવે મહિલાઓ પણ પોતાની ક્ષમતા અને કૌશલ્ય બતાવી રહી છે. આ સંબંધમાં વર્ષ ૨૦૨૬નું ભારત ઐતિહાસિક તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે, કારણકે આજે એવું એકેય ક્ષેત્ર નથી જેમાં યુવા મહિલાઓએ પડકાર ન ફેંક્યો હોય. દેશમાં હવે એવું એક પણ ક્ષેત્ર નથી જેને એક્સક્લૂઝીવલી પુરુષોના પ્રભુત્વવાળું ક્ષેત્ર ગણાવી શકાય. આજે તમામ ક્ષેત્રે ભારતીય પુરુષો સાથે દેશની મહિલાઓ ખભેખભા મિલાવીને ઊભી છે. તો ચાલો, કેટલાક ક્ષેત્રે યુવા મહિલાઓએ કેવી રીતે સફળતાની પરિભાષા જ બદલી નાખી છે. આ એવું ક્ષેત્ર છે જેમાં દાયકાઓ સુધી પુરુષોનું વર્ચસ્વ રહ્યું હતું. વધુ સારા શબ્દોમાં કહીએ તો એવું જ મનાતું હતું કે આ ક્ષેત્ર તો પુરુષોનું જ કહેવાય, પરંતુ (આજના આંતરરાષ્ટ્રીય મહિલા દિને ખાસ કહેવાનું કે) થોડા દશકાઓમાં યુવા મહિલાઓએ એ ધારણા બદલી નાખી છે. હરિયાણા, પંજાબ, ઉત્તર પ્રદેશ, ગુજરાત, મહારાષ્ટ્ર, પૂર્વોત્તર ભારત વગેરે રાજ્યોની યુવા મહિલા ઍથ્લીટોએ ઑલિમ્પિક્સ, એશિયન, કૉમનવેલ્થ સ્પર્ધાઓ તેમ જ વિશ્ર્વ સ્પર્ધાઓમાં સફળતાનો ડંકો વગાડ્યો છે. ૨૦૨૪ની પૅરિસ ઑલિમ્પિક્સમાં ભારતની મહિલા ખેલાડીઓએ અમુક ચંદ્રકો જીતવામાં મહત્ત્વનું યોગદાન આપ્યું અને એ અગાઉ કેટલીક વિશ્ર્વ સ્પર્ધાઓ એવી થઈ ગઈ જેમાં ભારતને મહિલાઓએ જ સફળતા અપાવી હતી. આજે બૅડમિન્ટન, શૂટિંગ, ક્રિકેટ, હૉકી, મુક્કાબાજી, વેઈટલિફ્ટિંગ વગેરે ક્ષેત્રે ભારતની છોકરીઓનું શાસન છે. હવે તો દેશને ગામડાંઓ યુવા મહિલા પહેલવાન અને મુક્કાબાજો આપી રહી છે. રમતગમતમાં વધુને વધુ મહિલાઓ ભાગ લઈ રહી છે અને પોતાની અનોખી ટૅલન્ટ બતાવી રહી છે એનું એક મહત્ત્વપૂર્ણ કારણ છે. રમતોમાં હવે જે અનેક સંગીન સરકારી યોજનાઓ શરૂ કરવામાં આવી છે એનાથી મહિલા સમુદાયને અને ભારતીય રમતગમત ક્ષેત્રને ઘણો ફાયદો થયો છે. એમાં મુખ્ય યોજના છે, ખેલો ઇન્ડિયા. આ યોજનામાં વધુ સારા પ્રશિક્ષણને લીધે ભારતીય છોકરીઓ દુનિયામાં ઠેર-ઠેર પોતાની ટૅલન્ટ બતાવી રહી છે અને કારકિર્દીને સફળ બનાવી રહી છે. ૨૦૨૫ના અંતમાં અને ૨૦૨૬ના આરંભ સુધીના ગણતરીના મહિનાઓમાં ભારતની મહિલાઓ બબ્બે ક્રિકેટ વર્લ્ડ કપ જીતી હતી. પહેલાં તો હરમનપ્રીત કૌરની કૅપ્ટન્સીમાં અને સ્મૃતિ મંધાનાની વાઇસ-કૅપ્ટન્સીમાં ભારતે પહેલી જ વખત વન-ડેનો વિશ્ર્વ કપ જીતી લીધો હતો અને ત્યાર બાદ જોઈ ન શક્તી મહિલાઓ માટેના બ્લાઇન્ડ વર્લ્ડ કપમાં ભારતે પહેલી વખત ટ્રોફી પર કબજો કર્યો હતો. છોકરીઓ તો પોતાની ક્ષમતા અને કૌશલ્ય બતાવી જ રહી છે, સૌથી મોટું પરિવર્તન એ આવ્યું છે કે આવી છોકરીઓના પરિવારની માનસિકતામાં બદલાવ જોવા મળ્યો છે. હવે તો ગામડાંઓમાં પણ દીકરીઓને તેમના મમ્મી-પપ્પા ખેલનાં મેદાનોમાં ખુશીથી મોકલી રહ્યા છે. એક સમય હતો જ્યારે તેમને માત્ર લગ્ન માટે જ ઉછેરવામાં આવતી હતી. હવે છોકરીઓ ખેલકૂદ ક્ષેત્રમાં કુશળતા બતાવીને અને એમાં બે પૈસા કમાઈને તેમના પરિવારોને મદદરૂપ થઈ રહી છે. ગામડાંઓમાં તેમ જ નાનાં શહેરોમાં છોકરીઓની સફળતા જોઈને તેમના પરિવારોને લોકો કહી રહ્યા છે, 'તોરી છોરી મેં તો ગજબ કી ટૅલન્ટ હૈ'. ઘણા દાયકાઓ સુધી આ ક્ષેત્રે ભારતીય મહિલાઓનું નહીં જેવું યોગદાન હતું, પણ થોડા દાયકાઓથી સ્થિતિમાં ઝડપથી ફેરફાર આવ્યો છે. હવે તો યુવા મહિલાઓ સંરક્ષણ ક્ષેત્રે જોડાયા બાદ બહુ ઝડપથી (ગણતરીનાં વર્ષોમાં) સૈન્યની અધિકારી બની રહી છે. એટલું જ નહીં, ફાઈટર પ્લેન પણ ઉડાવી રહી છે. ભારતના હવાઈ ક્ષેત્રે મહિલા ફાઈટર વિમાનોની સંખ્યા સતત વધી રહી છે. ૨૦૦૩ની સાલમાં મહિલાઓએ નૅશનલ ડિફેન્સ ઍકેડમી (એનડીએ)માં પ્રવેશ કર્યો ત્યાર બાદ એમાં ઝડપથી બદલાવ જોવા મળ્યો છે. હવે તો ૧૮-૧૯ વર્ષની છોકરીઓ સીધી એનડીએમાં પ્રશિક્ષણ લઈને લશ્કરની અધિકારી બનવા લાગી છે. રમતગમતની જેમ સંરક્ષણ ક્ષેત્રે પણ છોકરીઓના પ્રવેશની બાબતમાં સામાજિક વિચારધારા બદલાઈ છે. એક સમય હતો જ્યારે લશ્કર (આર્મી) સંપૂર્ણપણે પુરુષો માટે જ ગણાતું હતું, પરંતુ હવે તો એમાં પણ પુરુષો સાથે મહિલાઓ ખભેખભા મિલાવીને દેશની રક્ષામાં યોગદાન આપી રહી છે. નૌકાદળમાં પણ મહિલાઓ યુદ્ધની સંભાવના ધરાવતા સરહદી ક્ષેત્રે ફરજ બજાવી રહી છે. આ ક્ષેત્ર એટલે લાંબી-લાંબી સમુદ્ર યાત્રાઓ અને એમાં મહિલાઓ પણ પોતાની શારીરિક અને માનસિક ક્ષમતા પુરવાર કરી રહી છે. બીજી રીતે કહીએ તો તેઓ પુરુષોથી જરાય ઊતરતી કહેવાય એવી નથી. વિજ્ઞાન અને ટેક્નોલૉજી ક્ષેત્રે પણ દેશની યુવા મહિલાઓ ભાગ લઈને બહુ ઝડપભેર પ્રગતિ કરી રહી છે. ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઑર્ગેનાઇઝેશન (ઇસરો), ડિફેન્સ રિસર્ચ ઍન્ડ ડેવલપમેન્ટ ઑર્ગેનાઇઝેશન (ડીઆરડીઓ) તથા વિભિન્ન વૈજ્ઞાનિક સંસ્થાનોમાં મહિલાઓનું યોગદાન ખૂબ ઝડપથી આગળ વધી રહ્યું છે એ ઉપરાંત અમુક ક્ષેત્રે તો તેઓ પુરુષોથી પણ આગળ વધી ગઈ છે. થોડા સમયથી ચંદ્રયાન અને મંગલયાન જેવા સ્પેસ મિશનમાં ભારતની મહિલા વિજ્ઞાનીઓની સફળતા જોવા મળી રહી છે. એ જ કારણસર દેશના વિજ્ઞાન ક્ષેત્રે ઝુકાવવા માગતી મહિલાઓની લાંબી લાઇન લાગે છે.

ભારત અવકાશી સંશોધનોમાં ખૂબ સક્રિય છે, અનેક દેશો વતી સેટેલાઇટ બનાવીને સફળતાપૂર્વક એને અવકાશમાં પહોંચાડી રહ્યું છે અને એમાં ભારતીય મહિલાઓનું પણ સારું એવું યોગદાન જોવા મળી રહ્યું છે.

**વિશ્ર્વના સૌથી શક્તિશાળી દેશ અમેરિકાને 'તકની ભૂમિ' કહેવામાં આવે છે,**

# અમેરિકામાં કયો ધર્મ સૌથી વધુ શિક્ષિત છે?

**પ્યુ રિસર્ચ સેન્ટરના તાજેતરના 'ધાર્મિક લેન્ડસ્કેપ સ્ટડી' એ આ વાતનો ખુલાસો કર્યો છે. આ ચોંકાવનારો અહેવાલ અમેરિકામાં રહેતા વિવિધ ધાર્મિક જૂથો વચ્ચે શૈક્ષણિક સ્તરમાં મોટો તફાવત દર્શાવે છે.**

અમેરિકાના ધાર્મિક માળખા વિશે એક નવી વાસ્તવિકતા પ્યુ રિસર્ચ સેન્ટરના એક અહેવાલમાં બહાર આવી છે. આ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે શિક્ષણની દ્રષ્ટિએ એક ચોક્કસ ધર્મ અમેરિકાના અન્ય તમામ જૂથોને પાછળ છોડી ગયો છે.

વિશ્ર્વના સૌથી શક્તિશાળી દેશ અમેરિકાને 'તકની ભૂમિ' કહેવામાં આવે છે, જ્યાં વિશ્ર્વભરના લોકો તેમના સપના પૂરા કરવા માટે આવે છે. પરંતુ શું ધર્મ અને શિક્ષણ વચ્ચે કોઈ ઊંડો સંબંધ હોઈ શકે છે?

પ્યુ રિસર્ચ સેન્ટરના તાજેતરના 'ધાર્મિક લેન્ડસ્કેપ સ્ટડી' એ આ વાતનો ખુલાસો કર્યો છે. આ ચોંકાવનારો અહેવાલ અમેરિકામાં રહેતા વિવિધ ધાર્મિક જૂથો વચ્ચે શૈક્ષણિક સ્તરમાં મોટો તફાવત દર્શાવે છે. જ્યારે કેટલાક લઘુમતી સમુદાયો શિક્ષણની દ્રષ્ટિએ સરેરાશ અમેરિકન નાગરિક કરતાં ઘણા આગળ નીકળી ગયા છે, ત્યારે કેટલાક પરંપરાગત જૂથો માટે આ યાત્રા પડકારજનક રહે છે.

અમેરિકામાં શિક્ષણનું ધાર્મિક ગણિત

પ્યુ રિસર્ચ સેન્ટર દ્વારા હાથ ધરવામાં આવેલા એક સર્વેમાં બહાર આવ્યું છે કે યુનાઈટેડ સ્ટેટ્સમાં હિન્દુઓ અને યહૂદીઓ ચાર વર્ષની કોલેજ ડિગ્રી પ્રાપ્ત કરવામાં અન્ય તમામ ધાર્મિક જૂથો કરતાં વધુ દરે છે. માહિતી અનુસાર યુનાઈટેડ સ્ટેટ્સમાં રહેતા ૭૦ ટકા હિન્દુઓ પાસે સ્નાતકની કે તેથી વધુ ડિગ્રી છે.

હિન્દુઓ પછી યહૂદી સમુદાય આવે છે, જેમાં ૬૫ ટકા લોકો ઉચ્ચ શિક્ષણ ધરાવે છે. આ આંકડો નોંધપાત્ર છે કારણ કે એકંદર યુએસ સરેરાશની તુલનામાં ફક્ત ૩૫ ટકા અમેરિકન પુખ્ત વયના લોકો પાસે કોલેજ ડિગ્રી છે. આનો અર્થ એ છે કે હિન્દુ સમુદાયનો શિક્ષણ દર રાષ્ટ્રીય સરેરાશ કરતા બમણો છે.

ખ્રિસ્તી સમુદાયોમાં શિક્ષણમાં ભિન્નતાખ્રિસ્તી ધર્મ યુનાઈટેડ



સ્ટેટ્સમાં સૌથી મોટો ધાર્મિક જૂથ છે, પરંતુ તેના વિવિધ પેટાજૂથોમાં શિક્ષણનું સ્તર નોંધપાત્ર રીતે બદલાય છે. મુખ્ય પ્રોટેસ્ટંટ જૂથોમાં ૪૦ ટકા કોલેજ સ્નાતક છે, જે રાષ્ટ્રીય સરેરાશ કરતા થોડું સારું છે. ખાસ કરીને એપિસ્કોપલ ચર્ચના સભ્યોનો સાક્ષરતા દર ૬૭ ટકા જેટલો ઊંચો હોવાનું જણાય છે, જે યહૂદીઓની નજીક છે. તેનાથી વિપરીત ઈવેન્જેલિકલ પ્રોટેસ્ટંટમાં આ આંકડો ઘટીને ૨૯ ટકા અને ઐતિહાસિક રીતે કાળા પ્રોટેસ્ટંટ ચર્ચમાં માત્ર ૨૪ ટકા થાય છે.

કેથોલિક સમુદાયમાં ૩૫ ટકા કોલેજ સ્નાતક છે, જે બરાબર રાષ્ટ્રીય સરેરાશ છે. જો કે કેથોલિકોમાં નોંધપાત્ર વંશીય અસમાનતાઓ જોવા મળે છે. ૫૩ ટકા એશિયન કેથોલિક અને ૪૩ ટકા શ્વેત કેથોલિક ઉચ્ચ શિક્ષિત છે, જ્યારે હિસ્પેનિક કેથોલિકોમાં આ દર માત્ર ૨૦ ટકા છે.

મુસ્લિમો અને અન્ય ધર્મોની સ્થિતિ

અહેવાલ મુજબ યુનાઈટેડ સ્ટેટ્સમાં મુસ્લિમ સમુદાય અને અન્ય ધાર્મિક જૂથો (જેમ કે બૌદ્ધ અને રૂઢિચુસ્ત ખ્રિસ્તીઓ) નો સાક્ષરતા દર ૩૫ ટકાથી ૪૫ ટકા સુધીનો છે. મુસ્લિમ સમુદાયનો સાક્ષરતા દર રાષ્ટ્રીય સરેરાશની નજીક અથવા તેનાથી થોડો સારો રહે છે.

જો કે હિન્દુઓની તુલનામાં આ તફાવત નોંધપાત્ર રીતે મોટો છે. તે જ સમયે, જે લોકો કોઈ ધર્મનો દાવો કરતા નથી (નાસ્તિક અને અજ્ઞેયવાદી), શિક્ષણનું સ્તર પણ ઘણું ઊંચું છે. ૫૩ ટકા અજ્ઞેયવાદી અને ૪૮ ટકા નાસ્તિક કોલેજ ગ્રેજ્યુએટ છે. તેનાથી વિપરીત, જેઓ 'ખાસ કંઈ નહીં' તરીકે ઓળખાવે છે, તેમાં ફક્ત ૨૯ ટકા ડિગ્રી ધરાવે છે.

નિષ્ણાતો માને છે કે હિન્દુઓના ઉચ્ચ શિક્ષણ દર પાછળ પસંદગીયુક્ત ઈમિગ્રેશન મુખ્ય કારણ છે. ભારતમાંથી અમેરિકા સ્થળાંતર કરનારા મોટાભાગના લોકો ડોક્ટર, એન્જિનિયર, વૈજ્ઞાનિક અથવા આઈટી પ્રોફેશનલ્સ છે જેમની પાસે પહેલેથી જ ઉચ્ચ શિક્ષણની ડિગ્રીઓ છે. યુએસ વિઝા નીતિઓ પણ ઘણીવાર ઉચ્ચ કુશળ વ્યક્તિઓને પ્રાથમિકતા આપે છે.

યહૂદી સમુદાય હંમેશા શિક્ષણને ઐતિહાસિક અને સાંસ્કૃતિક મહત્ત્વ આપે છે, જે તેમના આંકડાઓમાં પ્રતિબિંબિત થાય છે. બીજી બાજુ સામાજિક-આર્થિક પરિબળો, સંસાધનોની મર્યાદિત પહોંચ અને ઐતિહાસિક અસમાનતાઓ કેટલાંક જૂથોમાં શિક્ષણના અભાવ માટે જવાબદાર હોઈ શકે છે.



# સલમાન ખાને દિલ રાજુ અને વામશી પૈડીપલ્લી સાથે એક્શન થ્રિલર સાઇન કરી

સલમાન ખાને દિલ રાજુ અને ઊપિરિ અને મહર્ષિ જેવી ફિલ્મોના નેશનલ એવોર્ડ વિજેતા ડિરેક્ટર વામશી પૈડીપલ્લી સાથે એક એક્શન થ્રિલર ફિલ્મ સાઈન કરી છે. આ અંગેના અહેવાલો અનુસાર આ એક મોટા બજેટની ફિલ્મ છે. જોકે, આ ફિલ્મનું નામ હજુ જાહેર કરવામાં આવ્યું નથી. પરંતુ એપ્રિલથી તેનું શૂટિંગ શરૂ થઈ રહ્યું છે. આ ફિલ્મમાં સલમાન ખાન ક્યારેય જોવા નથી મળ્યો એવા અવતારમાં જોવા મળશે. સુત્રોના જણાવ્યા મુજબ, આ પ્રોજેક્ટને ભવ્ય કક્ષાનો તૈયાર કરવામાં આવી રહ્યો છે અને તેમાં હિન્દી તેમજ સાઉથ ઈન્ડિયન ફિલ્મ ઈન્ડસ્ટ્રીના અનેક મોટા કલાકારોનો સમાવેશ થશે. નિર્માતાઓ હાલ ફિલ્મની લીડ એક્ટ્રેસ માટે એક છ-લિસ્ટ અભિનેત્રી સાથે ચર્ચા કરી રહ્યા છે, પરંતુ ફાઈનલ કાસ્ટિંગ હજુ જાહેર કરવામાં આવ્યું નથી. "સલમાનને સ્ક્રિપ્ટ અને તેમાં રહેલી કમર્શિયલ બાબતો ખુબ ગમી છે. આ એક હાઇ-ઓક્ટેન એક્શન થ્રિલર છે જેમાં મજબુત ભાવનાત્મક બાબતો પણ છે. વામશી પૈડીપલ્લીસલમાન ખાનને સંપૂર્ણ નવા અવતારમાં, અલગ લુક સાથે રજૂ કરવાની યોજના બનાવી રહ્યા છે, જે બાબતે સલમાન પણ ઘણો ઉત્સાહીત છે."આ ફિલ્મ સલમાનની આગામી ફિલ્મ બેટલ ઓફ ગલવાન પછીની તેની આગામી ફિલ્મ હશે. એવા પણ અહેવાલો છે કે સલમાન ખાન તેના અન્ય પૂર્વઆયોજિત કામ પુરા કરીને પછી આ પ્રોજેક્ટ પર કામ શરૂ કરશે. દિલ રાજુ જે પ્રકારના ભવ્ય પ્રોડક્શન માટે જાણીતા છે અને વામશી પૈડીપલ્લીની કમર્શિયલ સ્ટોરીટેલિંગ માટેની પસંદગી સાથે આ કોલબરેશન ઈન્ડસ્ટ્રીને આશ્ચર્યચકિત કરી શકે છે"આ ફિલ્મને મોટા પાયે થિયેટ્રિકલ સ્પેક્ટેકલ તરીકે ડિઝાઈન કરવામાં આવી છે અને તેમાં મજબુત પૅન ઈન્ડિયા અપીલ હશે. શૂટિંગ એપ્રિલમાં શરૂ થવાનું છે અને નિર્માતાઓ ૨૦૨૭માં મોટા પડદા પર ફિલ્મ રિલીઝ કરવાનું લક્ષ્ય રાખી રહ્યા છે." રસપ્રદ વાત એ છે કે, આ એક્શન થ્રિલર પુરી કર્યા બાદ સલમાન ખઆન રાજ નિદિમોરુ અને ક્રિશ્ના ડિ.કે સાથે સુપરમેન પ્રોજેક્ટ પર કામ શરૂ કરી શકે છે, જે એક કોમિક એક્શન સુપરહીરો ફિલ્મ હોવાનું કહેવાય છે. આ રીતે સલમાને પણ હવે સાઉથ તરફ ગતિ કરી હોવાની ચર્ચા છે.

# સ્મૃતિ મંદાના પહેલી ભારતીય ક્રિકેટર જેની પોતાની બાર્બી ડોલ બની

## જ્યારે છોકરીઓને શક્યતા દેખાય છે, તો વધુ મોટાં સપનાં જુએ છે – સ્મૃતિ મંધાના




સ્મૃતિ મંદાનાને વધુ એક સન્માન મળ્યું છે, તે દેશની પહેલી એવી મહિલા ક્રિકેટર બની છે, જેની પોતાની બાર્બી ડોલ બની છે, તેને આ સ્પોર્ટ્સ વીમેન કેટેગરીની બાર્બીનું સન્માન મળવાની ઘટનાએ ઈતિહાસ સર્જ્યો છે.

સ્મૃતિએ આ વાત બાબતે પોતાની ખુશી વ્યક્ત કરતાં સોશિયલ મીડિયા પર પોસ્ટ લખી હતી. તેણે લખ્યું, "હું હજી પણ આ ક્ષણને પચાવી રહી છુંપ મારી સફરથી પ્રેરિત એક અનોખી બાર્બી ડોલને જોવી એ એવી વાત છે જેની મેં બાળપણમાં ક્યારેય કલ્પના પણ નહોતી કરી. ક્રિકેટે મને ઘણું બધું આપ્યું છે અને જો મારી કહાની એક પણ છોકરીને એ માનવામાં મદદ કરે કે મેદાન પર તેનું પણ સ્થાન છે, તો તે મારા માટે બધું જ છે. વિશ્વભરની પોતાના ક્ષેત્રોમાં અવરોધો તોડી રહી છે એવી અદ્દભુત મહિલાઓ સાથે બાર્બીની 'ડ્રીમ ટીમ'નો ભાગ બનવું મારા માટે ગૌરવની વાત છે. જ્યારે છોકરીઓને શક્યતા દેખાય છે, તો તેઓ વધુ મોટાં સપનાં જુએ છે."

આ પહેલી વાર નથી જ્યારે બાર્બીએ વિશ્વ સ્તરે ભારતીય પ્રતિનિધિત્વને ઉજાગર કર્યું હોય. બે વર્ષ પહેલાં અનિતા ડોંગરે અને મેટેલે મળીને દિવાળીથી નિમિત્તે બાર્બી રજૂ કરી હતી, જેમાં બાર્બીને પરંપરાગત રાજસ્થાની પોશાક પહેરાવવામાં આવ્યો હતો. ડાર્ક બ્લુ રંગની સ્લીવલેસ કોટી અને "મૂનલાઇટ બ્લૂમ" લેહેંગા, જેમાં નાની નાની ફૂલોની ડિઝાઈન હતી, આ ડિઝાઈન ડોંગરેની વિશિષ્ટ શૈલીને ખરી રીતે પ્રતિબિંબિત કરતી હતી. આ ડિઝાઈનમાં પિચ્છવાઈ ચિત્ર કલાના તત્વો પણ સામેલ હતાં, જે પરંપરાગત ભારતીય કલા છે અને તેના સુક્ષ્મ ફૂલોના મોટીફ માટે જાણીતી છે.

સૌથી પહેલી ભારતીય બાર્બી ડોલ દીપિકા મૂત્યાલાથી પ્રેરિત હતી, જે લાઇવ ટીન્ટેડ કંપનીનાં સ્થાપક અને સીઈઓ છે — આ કંપનીએ બ્રાઉન સ્કિન મેકઅપને વૈશ્વિક સ્તરે ઓળખ અપાવી છે. તે ઉપરાંત કેટરિના કૈફ સહીત કેટલીક બોલિવૂડ એક્ટ્રેસની બાર્બી ડોલ પણ બની છે.

ભારતમાં મહિલા ક્રિકેટની લોકપ્રિયતામાં સ્મૃતિ મંધાના સહિતની

ખેલાડીઓનો પણ મહત્વનો ફાળો છે, સ્મૃતિ ક્રિકેટના દરેક ઈન્ટરનેશનલ ફોર્મેટમાં સદીઓ ફટકારનારી પહેલી ભારતીય મહિલા ક્રિકેટર છે, જે ક્રિકેટની દુનિયામાં પણ મહત્વની સિદ્ધિ છે.



# શાહરુખ અને સુહાનાએ 'કિંગ' દશેરાના સીન માટે આઠ રાત સુધી એક્શન સિક્વન્સ શૂટ કરી

જયારથી શાહરુખ ખાનની ફિલ્મ કિંગની જાહેરાત થઈ ત્યારથી આ ફિલ્મ હિન્દી સિનેમાના સૌથી વધુ ચર્ચામાં રહેલા આવનારા પ્રોજેક્ટ્સમાંનો એક રહ્યો છે. આ ફિલ્મના બે ટીઝર પણ લોકપ્રિય થયાં છે. ત્યારે હવે એવા અહેવાલો છે કે આ ફિલ્મ માટે શાહરુખ અને તેની પુત્રી સુહાના ખાને વિજયા દશમીની ઉજવણી સાથેના એક ભવ્ય સીનની એક્શન સિક્વન્સ માટે આઠ રાત સુધી શૂટ કર્યું છે.

આ અંગેના અહેવાલો અનુસાર, આ સિક્વન્સને પરંપરાગત દશેરાની યાત્રા અને સરઘસનો માહોલ ઉભો કરીને શૂટ કરવામાં આવી છે. તેના માટે ખાસ સેટ પણ ડિઝાઈન કરવામાં આવ્યો હતો. આ અહેવાલો માટે એક સુત્રએ જણાવ્યું, "ટીમે ઢોલ, રંગો અને વિસર્જનના દિવસે જોવા મળતી ઉત્સાહભરી ભીડ સાથે દશેરાના સરઘસની ભવ્યતા અને ઊર્જાને ફરીથી સર્જી હતી."

આ અંગેના અહેવાલો મુજબ આ સીનમાં વિશાળ ભીડનો સેટઅપ બનાવવામાં આવ્યો હતો, જેમાં સેંકડો બેકગ્રાઉન્ડ આર્ટિસ્ટ્સની પણ મદદ લેવામાં આવી હતી. પિતા-પુત્રીની આ જોડી એ આ ભવ્ય એક્શન સિક્વન્સનું શૂટિંગ આઠ રાત સુધી કર્યું હતું. સુત્રએ વધુમાં ખુલાસો કર્યો કે સુહાનાએ આ સિક્વન્સ માટે અનેક સ્ટન્ટ્સ પણ કર્યા, જે ફિલ્મમાં તેનાં રોલના સૌથી પડકારજનક ભાગોમાંના એક ગણાય છે.


કિંગ પ્રોજેક્ટ શરૂઆતથી જ ચર્ચામાં રહ્યો છે. ખાસ તો જાન્યુઆરી ૨૦૨૪માં આ ફિલ્મ અંગે શરૂ થઈ હતી. શરૂઆતમાં આ ફિલ્મ સુજોય ઘોષ ડિરેક્ટ કરવાના હતા પરંતુ બાદમાં આ પ્રોજેક્ટમાં ફેરફાર થયા અને ૨૦૨૩ની શાહરુખની બ્લોકબસ્ટર ફિલ્મ પઠાણમાં કામ કરી ચૂકેલા સિદ્ધાર્થ આનંદને આ ફિલ્મના ડિરેક્ટર તરીકે જવાબદારી સોંપવામાં આવી.

ફિલ્મમાં વિશાળ કાસ્ટ છે જેમાં રાની મુખર્જી, દીપિકા પાદુકોણ, અભિષેક બચ્ચન, સુહાના ખાન અને અર્શદ વારસી પણ મહત્વના રોલમાં છે. સુહાનાની આ પહેલી થિએટ્રિકલ રિલીઝ છે. આ પહેલાં તેણે ઓટીટી રિલીઝ ધ આર્ચિઝમાં કામ કર્યું હતું. આ ફિલ્મ ક્રિસમસ ૨૦૨૬ દરમિયાન રિલીઝ થશે.

# આલિયા - શરવરીની સ્પાય થ્રિલર 'આલ્ફા' ૧૦ જુલાઈએ રિલીઝ થશે



લાંબા સમયની ઈન્તેઝારીનો હવે અંત આવ્યો છે. આલિયા ભટ્ટની સ્પાય-થ્રિલર હવે જુલાઈમાં રિલીઝ થવા જઈ રહી છે. યશરાજ ફિલ્મ્સ સ્પાય યુનિવર્સની આવનારી ફિલ્મ આલ્ફામાં આલિયા ભટ્ટ સાથે અનિલ કપૂર, બોબી દેઓલ અને શર્વરી વાઘ પણ મહત્વના રોલમાં જોવા મળશે. ઘણી રાહ જોયા પછી આલિયા ભટ્ટની સ્પાય-થ્રિલરને અંતે તેની રિલીઝ તારીખ મળી ગઈ છે. રૂઈહ્વ સ્પાય યુનિવર્સની આ આવનારી ફિલ્મ ૧૦ જુલાઈ ૨૦૨૬એ મોટા પડદા પર રિલીઝ થવાની છે. આ અંગે સત્તાવાર જાહેરાત કરતાં યશરાજ ફિલ્મ્સે અંગ્રેજી 'એ' અક્ષર સાથેનું એક રસપ્રદ પોસ્ટર શેર કર્યું છે.આલિયા ભટ્ટ અને શર્વરી તેમની આવનારી સ્પાય-થ્રિલર આલ્ફા સાથે પ્રસિદ્ધ વાયઆરએફ યુનિવર્સમાં જોડાઈ છે. આ ફ્રેન્ચાઈઝીની આ પહેલી મહિલા-કેન્દ્રિત થ્રિલર ફિલ્મ છે, જેમાં એક થા ટાઈગર, વૉર અને પઠાણ જેવી ફિલ્મોનો સમાવેશ થાય છે. શિવ રવૈલ દ્વારા દિગ્દર્શિત અને આદિત્ય ચોપરા દ્વારા નિર્મિત આલ્ફા ૧૦ જુલાઈએ સિનેમાઘરોમાં રિલીઝ થશે. ફિલ્મનો સ્ક્રીનપ્લે શ્રિધર રાઘવન, શિવ રવૈલ અને ઈશિતા મોઈત્રા જેવા લેખકો દ્વારા લખવામાં આવ્યો છે.અગાઉ એક સુત્રએ જણાવ્યું હતું કે આલિયા અને શર્વરી એક સ્ટાર-સ્ટડેડ ખાસ ગીતમાં જોવા મળશે અને તે એક નવા અને ક્યારેય ન જોવાયેલા અંદાજમાં જોવા મળશે. સુત્રએ જણાવ્યું, "આલિયા અને શર્વરી બંને આ ગીત માટે ખુબ ઉત્સાહિત હતાં. આ ગીત ભવ્ય અને દમદાર છે. વિચાર એ હતો કે એક્શનથી ભરપુર પરિસ્થિતિમાં બંને મહિલા મુખ્ય પાત્રો સાથે એક અદ્ભુત અને એનર્જેટીક ગીત રજૂ કરવું અને તે બિલકુલ એ જ રીતે તૈયાર થઈ રહ્યું છે."ફિલ્મમાં પહેલેથી જ મજબુત કાસ્ટ છે. પરંતુ આ ફિલ્મમાં રિતિક રોશનની પણ ખાસ હાજરી જોવા મળશે. એક અહેવાલ અનુસાર, રિતિક તેના એજન્ટ કબીર પાત્ર સાથે આલ્ફામાં ક્રોસઓવર કરશે.એક સુત્રએ જણાવ્યું, "રિતિક ઉત્સાહિત છે કારણ કે યશરાજના સ્પાય યુનિવર્સમાં તેનું પાત્ર આ પહેલા ક્રોસઓવરમાં જોવા મળશે. લાંબા ગાળાની યોજનાના ભાગરૂપે તે આલિયા ભટ્ટ અને શર્વરીના મેન્ટર તરીકે જોવા મળશે."અગાઉ આલ્ફા ૧૭ એપ્રિલે રિલીઝ થવાની હતી. પરંતુ તે સલમાન ખાનની બેટલ ફ ગલવાન સાથે ક્લેશ થાય એવું હોવાથી ઈન્ડસ્ટ્રીના સુત્રોએ અનુમાન લગાવ્યું હતું કે નિર્માતાઓ નવી તારીખ પસંદ કરી શકે છે.



# રનબીર કપૂરે મુંબઈમાં 'રામાયણ ૨'નું શૂટિંગ શરૂ કર્યું

રનબીર કપૂરે 'રામાયણ ૨' માટે શૂટિંગ શરૂ કરી દીધું છે, સેટ પરથી લાંબા વાળની વીગ સાથે તેના ફોટો પણ વાયરલ થયા હતા. સાથે જ રનબીર કપૂરના કલીન શેવ લૂકની પણ ચર્ચા થઈ હતી. રનબીરે હવે મુંબઈમાં 'રામાયણ ૨'નું શૂટિંગ શરૂ કરી દીધું છે. આવનારા થોડાં દિવસોમાં તે ફિલ્મનાં બીજા ભાગના મહત્વના સીનનું શૂટ કરશે.શરૂઆતમાં રનબીર કપૂર માર્ચમાં 'લવ એન્ડ વૉર'નું શૂટિંગ કરવાનો હતો. પરંતુ તાજેતરમાં ઉઠેલા ભણસાલીની તબિયત અંગેના અહેવાલો પછી તેનું શૂટ થોડું પાછળ ઠેલાયું હોવાના અહેવાલ છે, તેથી ફિલ્મ થોડી પાછી ઠેલાઈ છે. તેથી હવે એવા અહેવાલ છે કે મે ૨૦૨૬માં ફિલ્મનું શૂટ આગળ વધશે.હવે જ્યારે 'લવ એન્ડ વૉર'નું શૂટ પાછું ઠેલાતાં રનબીરે પોતાનું ધ્યાન 'રામાયણ ૨' પર આપવાનું નક્કી કર્યું. સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, "રનબીર માર્ચ અને મે વચ્ચે આ ફિલ્મનું મોટા ભાગનું શૂટિંગ પૂરું કરી નાખવા માગે છે. હેલ તેનો ક્લીન શેવ લૂક પણ રામાયણના શૂટ માટે જ છે. જેનાથી પહેલા ભાગની વાર્તા આગળ વધશે."સન્ની દેઓલ પણ ૨૦ માર્ચથી ફિલ્મનાં શૂટમાં જોડાવાનો છે, જે આ ફિલ્મમાં હનુમાનજીનો રોલ કરે છે. શૂટિંગનાં આ તબક્કામાં રનબીર અને સની વચ્ચે પણ મહત્વના સીનનું શૂટ પૂરું કરવામાં આવશે. આ શૂટ ઘણું મહત્વનું રહેશે, જે રામાયણના મોટા સ્કેલને પણ આકાર આપશે. નિતેશ તિવારીની આ ફિલ્મમાં રનબીર કપૂર અને સાઈ પલ્લવી રામ અને સીતાના રોલમાં જોવા મળશે. આ ફિલ્મ નિર્ણિત મલ્હોત્રા દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી છે. આ ફિલ્મનો પહેલો ભાગ ૨૦૨૬ની દિવાળી પર રિલીઝ થશે.

# અમને ભવિષ્યના કામ માટે ડર હોવો જોઈએ, ડરીશું નહીં તો જ પ્રોબ્લેમ થશે

ગુજરાતી ફિલ્મ 'લાલો: કૃષ્ણ સદા સહાયતે'એ બોક્સ ઓફિસ પર ઈતિહાસ સર્જ્યો છે અને હવે આ ફિલ્મ સોની લિવ પર સ્ટ્રીમ થઈ રહી છે. ત્યારે તેના પ્રમોશનના ભાગરૂપે ફિલ્મના ડિરેક્ટર અંકિત સખિયા અને લીડ એક્ટર લાલાનું પાત્ર ભજવનાર કરણ જોશી નવગુજરાત સમયના મહેમાન બન્યા હતા. તેમણે પોતાની લાગણી વ્યક્ત કરતા કહ્યું, "ગુજરાતી ફિલ્મ બનાવનારને પહેલાં ઘરમાં પણ માન નહોતું મળતું, એના બદલે હવે રાષ્ટ્રિય કક્ષાએ અમને અને ગુજરાતી ફિલ્મને જે માન મળે છે, તેનો અમને વિશેષ આનંદ છે. પહેલાં અમને સપના જેવું લાગતું અને પચાવવું અઘરું પડતું."

અમારા જીવનમાં ફિલ્મ પછી ઘણું બદલાયું છે, કરણ મજાકમાં કહે છે, "ક્યારેક એવું લાગે કે હવે આ ફોન નંબર બદલી નાખવો પડશે. કેટલાંક લોકોના અમે મિત્રો થઈ ગયાં તો કોઈ માટે અમે જીવંત થઈ ગયાં. હવે લોકો અમને વધુ ગંભીરતાથી લે છે." છતાં કરણ એક ડર કે ચિંતા પણ વ્યક્ત કરે છે, તેણે કહ્યું, "આશા રાખીએ કે અમે જેવા છીએ એવા જ રહી શકીએ અને એટલી જ ઈમાનદારીથી કામ કરી શકીએ. અમને ભવિષ્યના કામ માટે ડર હોવો જોઈએ, ડરીશું નહીં તો જ પ્રોબ્લેમ થશે. એ ડર જ અમને જીવંત રાખશે."

૧૦૦ કરોડની કમાણીના આંકડાને પાર કરનાર ફિલ્મની કલ્પના વિશે અંકિત સખિયા જણાવે છે, "અમે તો એવું વિચારેલું કે બસ લોકો સુધી ફિલ્મ પહોંચાડવી છે, લોકો જોવા નહીં આવે તો અમે ગામડે ગામડે ફિલ્મ લઈને જઈશું અને સ્ક્રીનિંગ કરીશું. પછી એમને જે દસ-વીસ રૂપિયા આપવા હોય એ આપે, અમારે કોઈ પણ રીતે લોકો સુધી પહોંચવું છે."

ફિલ્મને મળેલાં પ્રેમ વિશે કરણ જોશી જણાવે છે, "આર વર્લ્ડ સિનેમાના માલિકે અમારી ફિલ્મના પેમ્ફલેટ બનાવ્યા અને ઘરે ઘરે જઈ વહેંચ્યા કે આ ફિલ્મ જુઓ. એ અમારા માટે આવું શું કામ કરે! થિએટરમાં રીવ્યુ આપવા માટે લોકો લાઈન લગાવતા. અમને એક થિએટરના પાર્કિંગ સિક્યોરિટી ગાર્ડે કહેલું, "મેં મારા જીવનમાં પહેલી વખત થિએટરના પાર્કિંગ માટે ટેમ્પોની ટિકિટ ફાડી છે." અમે તો કૃષ્ણનો રોલ પણ નથી કર્યો તો'ય લોકો અમને પગે લાગે, કોઈ ઓવારણા લે કે કોઈ માસી હાથમાં ૫૦૦ રૂપિયા પકડાવી જાય. રાજકોટથી ઘણા થિએટર માલિકોએ અમને કહ્યું કે તમે અમને જીવતા કરી દીધા. ઘણી વખત એવો વિચાર આવે કે આવું આપણી સાથે જ થયું છે ને..!"



અંકિત સખિયા દર્શકોનાં પ્રેમ અને તેનાં ભારને પચાવવાની વાત કરતા જણાવે છે, "શરુઆતમાં અમને ભાર લાગતો કે લોકો આટલો પ્રેમ આપે છે અમને, અમે મોરારી બાપુને પૂછેલું કે અમે તો જીન્સ પહેરીએ છીએ, લોકો પગે લાગે એનું શું કરવું, ત્યારે એમણે સમજાવ્યું, "ઈશ્વરે તમને પસંદ કર્યા છે, એમની ઈચ્છા છે, એને ભારની જેમ ન જુઓ અને આ પ્રશંસા અને પ્રતિસાદની મજા માણતા શીખો."

જ્યારે લાલોની રીમેક માટે વિવિધ મેકર્સની આતુરતા વિશે અંકિત અને કરણ જણાવે છે, "દેશની કોઈ ભાષા બાકી નથી, દરરોજ લગભગ બે કોલ આવે છે, રીમેક માટે. પરંતુ અમે નથી ઈચ્છતા ફિલ્મની સર્જનાત્મકતા અને એસન્સ સાથે કોઈ સમાધાન થાય, અમે ઈચ્છીએ છીએ કે ફિલ્મ સારા હાથમાં જ આપીએ. એટલે ચર્ચા વિચારણા અને પ્રક્રિયાઓ ચાલે છે. હવે અમને સફળતા

અને પૈસા મળી ગયા છે, હવે સારી ફિલ્મ અને લાગણી જળવાય એ અમારું ફોકસ છે.".

હવે જ્યારે ઓટીટી પર ફિલ્મ રિલીઝ થઈ રહી છે, તો અંકિત સખિયા જણાવે છે "અમારી ફિલ્મ અને ગુજરાતી ભાષાને માન મળે, કોઈ એક ફિલ્મની જેમ લાઈબ્રેરીમાં મુકી દે એવા પ્લેટફર્મ પર ફિલ્મ નહોતી આપવી."

ન્દીમાં ફિલ્મ પહોંચ્યા પછી હિન્દી ફિલ્મનાં સુભાષ ઘાઈ, વિધુ વિનોદ ચોપરા, હંસલ મહેતા કે અનુભવ સિંહા જેવા મેકર્સે આ ફિલ્મને વખાણી છે. તે અંગે કરણ જોશી જણાવે છે, "વિધુ વિનોદ ચોપરાએ એક જ બેઠકે અમારી ફિલ્મ જોઈ, વખાણ પણ કર્યા અને અમારી દરેકની ભુલ પણ બતાવી. અમને કહ્યું કે તમે કંઇ નવું બનાવો, ત્યારે કોઈ પણ જરૂર હોય તો કહેજો. બધાએ એક વાત કહી કે, તમે જેવા છો એવા જ રહેજો અને આ જ રીતે બીજી ફિલ્મ બનાવજો. આથી વિશેષ કંઈ જોઈતું જ નથી."

વિધુ વિનોદ ચોપરાના પ્રતિસાદ વિશે અંકિત જણાવે છે, "એમણે કહ્યું કે મેં જુઠ નહી બોલતા, લેકીન ક્યા કરું, તેરી પિક્ચર અચ્છી હૈ. આપણને એવું થાય કે આટલા મોટા વ્યક્તિ આપણને આવું કહે, તો સાચું તો છે ને." જ્યારે આગામી ફિલ્મ વિશે અંકિતે કહ્યું, "ગુજરાતી જ હશે અને આપણી માટીની વાત હશે એ નક્કી છે."

# અમારી સફળતા રાહુલ દ્રવિડ અને લક્ષ્મણને આભારી છે: ગંભીર

## ગંભીરે ટીર૦ વર્લ્ડ કપની જીત દ્રવિડ-લક્ષ્મણને સમર્પિત કરી, જય શાહનો આભાર માન્યો



આઈસીસી ટીર૦ ક્રિકેટ વર્લ્ડ કપમાં રવિવારે રાત્રે ન્યૂઝીલેન્ડને હરાવીને ત્રીજી વખત વર્લ્ડ કપ જીત્યા બાદ ભારતીય ક્રિકેટ ટીમના ચીફ કોચ ગૌતમ ગંભીરે આ સફળતા ભૂતપૂર્વ કોચ રાહુલ દ્રવિડ તથા વીવીએસ લક્ષ્મણને સમર્પિત કરીને આ સફળતાનો યશ તેમને આપ્યો હતો. આ ઉપરાંત ગંભીરે આઈસીસીના ચેરમેન જય શાહનો પણ આભાર માન્યો હતો.

આ ઐતિહાસિક જીત બાદ ભારતીય ટીમના ચીફ કોચ ગૌતમ ગંભીરે આ ટ્રોફી પોતાના પુરોગામી રાહુલ દ્રવિડ અને બીસીસીઆઈના સેન્ટર ઓફ એક્સેલન્સ (સીઓઇ)ના વડા વીવીએસ લક્ષ્મણને સમર્પિત કરી હતી.

ફાઈનલ મેચમાં ભારતના ૯૬ રનના વિજય બાદ પત્રકારો સાથે વાતચીત કરતાં ગૌતમ ગંભીરે જણાવ્યું હતું કે, "સૌ પ્રથમ, હું આ ટ્રોફી રાહુલ ભાઈ અને લક્ષ્મણને સમર્પિત કરવા માંગુ છું. રાહુલ ભાઈએ ભારતીય ક્રિકેટને જે મજબૂત સ્થિતિમાં રાખ્યું છે તે બદલ મારે તેમનો આભાર માનવો જોઈએ. તેવી જ રીતે, વીવીએસ લક્ષ્મણે પડદા પાછળ રહીને ભારતીય ક્રિકેટ માટે ઘણું કામ કર્યું છે. સીઓઈ એ ભારતીય ક્રિકેટની પાઈપલાઈન છે જે નવા ખેલાડીઓ તૈયાર કરે છે." ઉલ્લેખનીય છે કે રાહુલ દ્રવિડના કાર્યકાળ દરમિયાન ભારતે ૨૦૨૪માં ટીર૦ વર્લ્ડ કપ જીત્યો હતો, જ્યારે લક્ષ્મણે યુવા ખેલાડીઓને તૈયાર કરવામાં મહત્વની ભૂમિકા ભજવી છે.

ભારતની ટીર૦ વર્લ્ડ કપની ઐતિહાસિક સફળતાએ મોટા ભાગે શાંત રહેતા ભૂતપૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીને લગભગ બે વર્ષ પછી સોશિયલ મીડિયા પર ફરી સક્રિય કર્યા છે. આ તકે તેણે મુખ્ય કોચ ગૌતમ ગંભીરને એમ પણ કહ્યું હતું કે કોચ સાહબ, તમારા ગંભીર ચહેરા પર સ્મિત કેટલું સરસ લાગે છે. ધોનીની છેલ્લી ઈન્સ્ટાગ્રામ પોસ્ટ ૨૦૨૪માં હતી. અહીં રમાયેલી ફાઈનલ નિહાળ્યા બાદ તેણે પોસ્ટ કર્યું હતું કે "અમદાવાદમાં ઈતિહાસ રચાયો છે, ટીમ અને સપોર્ટ સ્ટાફ તેમ જ વિશ્વભરના ભારતીય ક્રિકેટ ટીમના તમામ ચાહકોને ખૂબ ખૂબ અભિનંદન. તમને બધાને રમતા જોવા એ એક લ્હાવો હતો." આ ફાઈનલમાં ભારતે ન્યૂઝીલેન્ડને ૯૬ રને હરાવીને અભૂતપૂર્વ ત્રીજી વખત ટીર૦ વર્લ્ડ કપ અને સળંગ બીજી વાર ટ્રોફી જીતી હતી. ગંભીરના ગંભીર સ્વભાવનો ઉલ્લેખ કરતા ધોનીએ મજાકમાં લખ્યું, "કોચ સાહેબ, તમારા પર સ્મિત ખૂબ જ સરસ લાગે છે, તીવ્રતા સાથે સ્મિત એક કિલર કોમ્બો છે, ખૂબ સરસ. એન્જોય કરો મિત્રો... બુમરાહ વિશે કંઈ ન લખું તો જ સારું, ચેમ્પિયન બોલર!" ગંભીરે પણ ધોનીને જવાબ આપતા કહ્યું કે સ્ટેડિયમમાં પૂર્વ કેપ્ટનને જોઈને તેને આનંદ થયો. ગંભીરે ટિપ્પણી કરી, "અને સ્મિત કરવાનું કારણ પણ કેટલું અદભૂત છે, તમને મળીને આનંદ થયો." ઉલ્લેખનીય છે કે ગંભીરે ૨૦૦૭ના ટીર૦ વર્લ્ડ કપ અને ૨૦૧૧ વનડે વર્લ્ડ કપ ધોનીના નેતૃત્વમાં ભારતને મળેલી સફળતામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.કોચ ગંભીરે ભાવુક થતા આઈસીસીના ચેરમેન જય શાહનો ખાસ આભાર માન્યો હતો. તેણે જણાવ્યું હતું કે, "જ્યારે ટેસ્ટ ફોર્મેટમાં (ન્યૂઝીલેન્ડ અને સાઉથ આફ્રિકા સામેની ઘરઆંગણેની શ્રેણીમાં) મારો ખરાબ સમય ચાલી રહ્યો હતો ત્યારે મને ફોન કરનારી એકમાત્ર વ્યક્તિ જય ભાઈ હતા. તેમણે મારા પર વિશ્વાસ રાખ્યો તે બદલ હું તેમનો આભારી છું."

ગંભીરે પસંદગી સમિતિના અધ્યક્ષ અજિત અગરકરની પણ પ્રશંસા કરી હતી. તેણે કહ્યું કે અગરકરે ઘણી ટીકાઓ વેઠીને પણ ઈમાનદારીથી ટીમનું નિર્માણ કર્યું છે. ખાસ કરીને ગયા વર્ષે રોહિત શર્માની કેપ્ટન્સીમાં ચેમ્પિયન્સ ટ્રોફી જીત્યા બાદ પણ શુભમન ગિલને વન-ડેમાં કપ્તાની સોંપવા જેવા અઘરા નિર્ણયો લેવા બદલ તેણે અગરકરની પ્રશંસા કરી હતી.

# ફિફાના વડાએ ટીર૦ વર્લ્ડ કપની સફળતા બદલ જય શાહને અભિનંદન પાઠવ્યા

## જિયાની ઇન્ફેન્ટિનોએ આઇસીસીના વડા અને ભારતીય ટીમની પણ પ્રશંસા કરી



ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી) દ્વારા યોજવામાં આવેલા મેન્સ ટીર૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં યજમાન દેશ ભારતે અમદાવાદના ખીચોખીચ ભરેલા નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રવિવારે રમાયેલી ફાઈનલમાં ન્યૂઝીલેન્ડને હરાવીને ઐતિહાસિક ત્રીજું અને સતત બીજું ટીર૦ વર્લ્ડ કપ ટાઈટલ જીત્યું હતું. આ વર્લ્ડ કપના આયોજનની સફળતા બાદ વૈશ્વિક રમત જગત આઈસીસીના ચેરમેન જય શાહના દૂરંદેશી નેતૃત્વની પ્રશંસા કરી રહ્યું છે. રમતને વૈશ્વિક બનાવવા અને ક્રિકેટના આ ફોર્મેટને નવી ઊંચાઈઓ પર લઈ જવાના તેમના પ્રયાસોએ આ ટુર્નામેન્ટને અભૂતપૂર્વ વૈશ્વિક ઉત્સવમાં સફળતાપૂર્વક પરિવર્તિત કરી છે.


ભારત અને શ્રીલંકા દ્વારા સહ-યજમાની કરાયેલી આ એક મહિના લાંબી ટુર્નામેન્ટના વિશાળ સ્કેલ અને ક્ષતિરહિત આયોજનને સમગ્ર રમતગમત જગતમાંથી ભારે પ્રશંસા મેળવી છે. આ ઐતિહાસિક સિદ્ધિને બિરદાવતા ફિફા (વૈશ્વિક ફૂટબોલ સંચાલન સંસ્થા)ના અધ્યક્ષ જિયાની ઈન્ફેન્ટિનોએ જય શાહને હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા છે.

પોતાની ઈન્ટાગ્રામ પોસ્ટમાં ઈન્ફેન્ટિનોએ લખ્યું છે કે "આઈસીસી અને મારા મિત્ર જય શાહને વધુ એક શાનદાર રીતે આયોજિત ટીર૦ વર્લ્ડ કપ માટે અભિનંદન. વધુ એક ટાઈટલ જીતવા બદલ ભારતને ખૂબ ખૂબ અભિનંદન. તમારા અદ્ભૂત દેશની મુલાકાત લીધા પછી હું જાણું છું કે આ તમારા માટે કેટલું મહત્વનું છે."

અગાઉ ગયા ફેબ્રુઆરીમાં જિયાની ઈન્ફેન્ટિનો મિલાનમાં જય શાહને મળ્યા હતા, જે વિશ્વની બે સૌથી લોકપ્રિય રમતો વચ્ચે એક મોટી ક્રોસઓવર ક્ષણ હતી. શાહને મળ્યા પછી ઈન્ફેન્ટિનોએ ઈન્સ્ટાગ્રામ પર આઈસીસી અધ્યક્ષ સાથેનો પોતાનો એક ફોટો શેર કર્યો હતો. જેમાં તેમણે ક્રિકેટના વિકાસમાં તેમના કાર્યની પ્રશંસા કરી હતી અને ૨૦૨૮ના લોસ એન્જલસ ઓલિમ્પિક્સમાં આ રમતના ભવ્ય પુનરાગમન માટે તેમને શુભેચ્છા પાઠવી હતી. રવિવારે પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર ભારતીય જર્સી પકડેલો પોતાનો એક ફોટો શેર કરતા ઈન્ફેન્ટિનોએ ભારતીય ક્રિકેટ ટીમને રેકોર્ડ ત્રીજું મેન્સ ટીર૦ વર્લ્ડ કપ ટાઈટલ જીતવા બદલ પણ અભિનંદન પાઠવ્યા હતા. તેમણે "રમતગમત દ્વારા વિશ્વને એક કરવા" ના તેમના પ્રયાસમાં શાહ સાથે સહયોગ કરવાની ઈચ્છા પણ વ્યક્ત કરી હતી.આઈસીસીના અધ્યક્ષ તરીકેનો કાર્યભાર સંભાળ્યો ત્યારથી જય શાહ ક્રિકેટના વૈશ્વિક વ્યાપને વિસ્તારવામાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે. આઈસીસી દ્વારા યોજવામાં આવેલા આ વર્લ્ડ કપે અત્યાર સુધીની સૌથી વધારે વ્યૂઅરશિપનો નવો કિર્તિમાન સ્થાપિત કર્યો છે. મેન્સ ટીર૦ વર્લ્ડ કપ ૨૦૨૬નું પ્રસારણ ૮૦ કરતાં વધારે પ્રદેશોમાં અને ૧૫ કરતાં વધારે ભાષાઓમાં કરવામાં આવ્યું હતું.

# સૂર્યકુમાર યાદવ-ગૌતમ ગંભીર વચ્ચેની કેમિસ્ટ્રી રંગ લાવી

## ગૌતીભાઈ બે ડગલા આગળ વધ્યા, હું આગળ વધ્યો અને અમે હંમેશા એક જ મતના બની ગયાઃ સૂર્યા



રાહુલ દ્રવિડનો ભારતીય ક્રિકેટ ટીમના મુખ્ય કોચ તરીકેનો કાર્યકાળ પૂરો થયા પછી તત્કાલીન કેપ્ટન રોહિત શર્માએ રમૂજમાં કહ્યું હતું કે તેની પત્ની દ્રવિડને રોહિતની "વર્ક વાઈફ" (સાથે કામ કરનારી જીવનસાથી) જેવી માનતી હતી. બરાબર આ જ વાત ભારતીય ટીમના વર્તમાન કોચ ગૌતમ ગંભીર અને કેપ્ટન સૂર્યકુમાર યાદવને બંધ બેસતી આવે છે. રવિવારે અહીના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતેની ફાઈનલમાં ન્યૂઝીલેન્ડને હરાવીને ભારત ટીર૦ વર્લ્ડ ચેમ્પિયન બન્યું હતું. આમ ઈતિહાસ રચનારી ભારતીય ટીમના કેપ્ટન અને કોચ વચ્ચેની રચાયેલી કેમેસ્ટ્રીએ રંગ લાવ્યો હતો.આ બંનેના ટીર૦ ઉત્તરાધિકારી સૂર્યકુમાર યાદવને વર્તમાન મુખ્ય કોચ ગૌતમ ગંભીર વિશે વાત કરીએ ત્યારે તેમનું સમીકરણ પણ રોહિત અને દ્રવિડ જેવું જ આરામદાયક અને પરસ્પર વિશ્વાસ અને સન્માન પર આધારિત હોય તેમ લાગે છે. રાહુલ દ્રવિડ અને રોહિત શર્માના નેતૃત્વમાં ૨૦૨૪ના ટીર૦ વર્લ્ડ કપની જીત બાદ આ જોડીએ સૌથી ટૂંકા ફોર્મેટમાં ટીમની કમાન સંભાળી છે. ગંભીર સાથેના તેમના સંબંધો વિશે પૂછવામાં આવતા સૂર્યકુમાર યાદવે રવિવારે રાત્રે પત્રકારોને જણાવ્યું હતુ કે "મને લાગે છે કે હું ગૌતી ભાઈ સાથે (કોલકાતા નાઈટ રાઈડર્સમાં) ચાર વર્ષ સુધી ક્રિકેટ રમ્યો છું અને હું જાણતો હતો કે તેઓ કેવી રીતે વિચારે છે. તેઓ બે ડગલાં આગળ વધશે, હું બે ડગલાં આગળ વધીશ અને અમે ક્યાંક વચ્ચે મળીશું."વર્લ્ડ ચેમ્પિયન ટીમના કેપ્ટને જણાવ્યું હતું કે આ બે વર્ષમાં તેમની વચ્ચે ક્યારેય દલીલ થઈ નથી અને આદર્શ પ્લેઈંગ ઈલેવન નક્કી કરવા માટે તેમને ક્યારેય બહુ મહેનત કરવી પડી નથી. શ્રીલંકા શ્રેણીથી લઈને અત્યાર સુધી મને યાદ નથી કે કોઈ ખેલાડીને લઈને અમારી વચ્ચે ક્યારેય દલીલ થઈ હોય.

ભારતીય ક્રિકેટ ટીમે ત્રીજી વખત ટીર૦ વર્લ્ડ કપ જીતીને ઈતિહાસ રચી દીધો છે. આ શાનદાર જીત બાદ સમગ્ર ક્રિકેટ જગત 'મેન ઈન બ્લૂ' પર અભિનંદનનો વરસાદ કરી રહ્યું છે. સચિન તેંડુલકરથી લઈને માઈકલ વોન સુધીના દિગ્ગજોએ આ ટીમને વિશ્વની સર્વશ્રેષ્ઠ ટીમ ગણાવી છે.

સચિન તેંડુલકર: "સતત બીજી વખત વર્લ્ડ કપ જીતવો તે સિદ્ધિ છે અને આમ કરનાર ભારત પ્રથમ ટીમ છે. આ ટીમ ખરેખર ટ્રોફીની હકદાર છે. શું શાનદાર પ્રદર્શન અને ઉત્તમ પ્રકારનું ક્રિકેટ જોવા મળી! વેલ ડન ટીમ ઈન્ડિયા. જય હિન્દ!"

વિરાટ કોહલી: "અમદાવાદમાં ટીમ ઈન્ડિયાની અદભૂત જીત. આખી ટુર્નામેન્ટમાં આપણે જે પ્રકારની વિસ્ફોટક ક્રિકેટ રમી તેનો કોઈ મુકાબલો નથી. મુશ્કેલ પરિસ્થિતિમાં લડત આપી ફરી ચેમ્પિયન બનવા બદલ ખેલાડીઓ અને મેનેજમેન્ટને અભિનંદન."

જય શાહ (આઈસીસી ચેરમેન): "ઈતિહાસ રચવા બદલ ભારતને અભિનંદન. બેક-ટુ-બેક ખિતાબ જીતનારી ભારત પ્રથમ ટીમ બની છે. સૂર્યકુમાર યાદવ અને સમગ્ર સ્ટાફને ખૂબ ખૂબ અભિનંદન."

સૌરવ ગાંગુલી: "ભારતીય ક્રિકેટ અત્યારે સુવર્ણકાળમાં છે. મહિલા ટીમ ચેમ્પિયન, અંડર-૧૯ ચેમ્પિયન અને હવે મેન્સ ટીમ પણ ટીર૦ચેમ્પિયન. આ ટીમ મહત્વની મેચોમાં વધુ નિખરે છે."

# ICC એ ખાસ વિમાનની વ્યવસ્થા કરી દીધી : વિન્ડિઝ ઝિમ્બાબ્વેની ટીમો પરત જશે



યુદ્ધના કારણે ભારતમાં ફસાયેલ વેસ્ટ ઇન્ડીઝ અને દક્ષિણ આફ્રિકાની ટીમો પોતાના દેશોમાં જવા હવે આખરે ૧૦ માર્ચે ભારતથી રવાના થશે. મધ્ય પૂર્વમાં ઇઝરાયલ-ઈરાન યુદ્ધને કારણે ઘણા દેશોના હવાઈ ક્ષેત્ર બંધ થઈ ગયા છે, જેના કારણે આ ટીમો ભારતમાં ફસાઈ ગઈ છે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (ICC) એ હવે બંને ટીમો માટે ચાર્ટર્ડ ફ્લાઈટની વ્યવસ્થા કરી છે. વેસ્ટ ઈન્ડિઝ અને દક્ષિણ આફ્રિકાની ટીમોની આ ફ્લાઈટ આજે એટલે કે ૧૦ માર્ચે બપોરે ૨:૩૦ વાગ્યે ભારતથી જોહાનિસબર્ગ માટે રવાના થશે. જોહાનિસબર્ગ પહોંચ્યા પછી, વેસ્ટ ઈન્ડિઝની ટીમ એન્ટિગુઆ જશે.મધ્ય પૂર્વમાં ચાલી રહેલા તણાવ અને એરસ્પેસ બંધ થવાને કારણે બંને ટીમો ઘણા દિવસોથી ભારતમાં ફસાયેલી હોવાથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. હાલમાં, વેસ્ટ ઈન્ડિઝના કુલ ૧૨ ખેલાડીઓ અને ૧૦ સ્પોર્ટ સ્ટાફ ભારતમાં હાજર છે, જ્યારે દક્ષિણ આફ્રિકાની ટીમના ૧૨ ખેલાડીઓ અને ૨ સ્પોર્ટ સ્ટાફ હાજર છે.અગાઉ, એવા અહેવાલ હતા કે વેસ્ટ ઈન્ડિઝના કોચ ડેરેન સેમી આજે રાત્રે સિંગાપોર થઈને રવાના થઈ શકે છે, જ્યારે ટીમના ત્રણ ખેલાડીઓ કોઈ અન્ય માર્ગે મુસાફરી કરશે.

# ૧૯૮૩ વર્લ્ડ કપ વિજેતા ખેલાડી, તૃણમૂલ કોંગ્રેસ સાંસદનું વિવાદાસ્પદ નિવેદન

## જીત બાદ ટી-૨૦ વર્લ્ડ કપ ટ્રોફીને મંદિરમાં લઈ જવા પર વિવાદ : પૂર્વ ક્રિકેટર કીર્તિ આઝાદે ઉઠાવ્યા ગંભીર પ્રશ્નો - શા માટે ચર્ચ, મસ્જિદ કે ગુરુદ્વારા નથી લઈ જવામાં આવી ?



અમદાવાદ : ભારતે ૨૦૨૬ના ટીર૦ વર્લ્ડ કપ જીતીને ઈતિહાસ રચ્યો છે. કેપ્ટન સૂર્યકુમાર યાદવની આગેવાની હેઠળ ટીમે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ન્યૂઝીલેન્ડને હરાવીને ખિતાબ જીત્યો. જીતને માત્ર ૨૪ કલાક પણ પૂરા થયા ન હતા ત્યાં સુધીમાં ટ્રોફીને અમદાવાદના હનુમાન મંદિરમાં લઈ જવા પર વિવાદ શરૂ થઈ ગયો.

કેપ્ટન સૂર્યકુમાર યાદવ, મુખ્ય કોચ ગૌતમ ગંભીર અને ICC ના પ્રમુખ જય શાહે ટ્રોફી સાથે મંદિરમાં પૂજા-અર્ચના કરી. આ ઘટના પર ૧૯૮૩ વર્લ્ડ કપ વિજેતા ટીમના સભ્ય તેમજ તૃણમૂલ કોંગ્રેસના સાંસદ કીર્તિ આઝાદે તીવ્ર પ્રતિક્રિયા આપી છે. તેમણે આને ભારતીયતા વિરુદ્ધ ગણાવીને પ્રશ્ન ઉઠાવ્યો કે ટ્રોફીને માત્ર મંદિરમાં જ કેમ લઈ જવામાં આવે છે, મસ્જિદ, ચર્ચ કે ગુરુદ્વારામાં કેમ નહીં?

ટીમ ઈન્ડિયા પર શરમ આવે છે. જ્યારે અમે ૧૯૮૩માં કપિલ દેવની કેપ્ટન્સીમાં વર્લ્ડ કપ જીત્યો હતો, ત્યારે અમારી ટીમમાં હિંદુ, મુસ્લિમ, સિક્ખ અને ઈસાઈ ખેલાડીઓ હતા. અમે ટ્રોફીને અમારી ધાર્મિક જન્મભૂમિ, અમારી માતૃભૂમિ ભારત (હિંદુસ્તાન)માં લાવી હતી.

આખરે ભારતીય ક્રિકેટ ટ્રોફીને કેમ ઘસેટવામાં આવી રહી છે? મસ્જિદ કેમ નહીં? ચર્ચ કેમ નહીં? ગુરુદ્વારા કેમ નહીં? આ ટીમ ભારતનું પ્રતિનિધિત્વ કરે છે, સૂર્યકુમાર યાદવ કે જય શાહના પરિવારનું નહીં.

સિરાજે ક્યારેય ટ્રોફીને મસ્જિદમાં લઈ જવાનું નથી કર્યું. સંજુ (સંજુ સેમ્સન)એ ક્યારેય તેને ચર્ચમાં લઈ જવાનું નથી કર્યું. સંજુએ ટુર્નામેન્ટમાં મહત્વની ભૂમિકા ભજવી હતી અને તેમને મેન ઑફ ધ ટુર્નામેન્ટ પસંદ કરવામાં આવ્યા હતા. આ ટ્રોફી ૧૪૦ કરોડ ભારતીયોની છે - જેમાં દરેક ધર્મના લોકો સામેલ છે. આ કોઈ એક ધર્મની જીતના જશ્ન મનાવવાની જગ્યા નથી.

ફાઈનલ જીતના આગળના દિવસે સવારે સૂર્યકુમાર યાદવ, ગૌતમ ગંભીર અને જય શાહે ટ્રોફી સાથે હનુમાન મંદિર પહોંચીને પૂજા કરી હતી. આ પહેલી વખત નથી; ૨૦૨૪ ટીર૦ વર્લ્ડ કપ જીત્યા બાદ પણ રોહિત શર્મા અને જય શાહે મુંબઈના સિદ્ધિવિનાયક મંદિરમાં ટ્રોફી લઈ જઈને પૂજા કરી હતી.

કીર્તિ આઝાદનું કહેવું છે કે, ૧૯૮૩માં કપિલ દેવની ટીમે ટ્રોફીને કોઈ એક ધાર્મિક સ્થળે લઈ જવાનું નહોતું કર્યું, કારણ કે ટીમ વિવિધતા અને એકતાનું પ્રતીક હતી. તેમણે આને ધર્મનિરપેક્ષતા વિરુદ્ધ ગણાવ્યું અને ભાર મૂક્યો કે ભારતીય ક્રિકેટ ટીમ આખા દેશનું પ્રતિનિધિત્વ કરે છે, કોઈ એક ધર્મ કે પરિવારનું નહીં.

આ મુદ્દે સોશિયલ મીડિયા પર મિશ્ર પ્રતિક્રિયાઓ જોવા મળી રહી છે - કેટલાકે તેને વ્યક્તિગત આસ્થાની વાત ગણાવી તો કેટલાકે તેને વિવાદાસ્પદ કહ્યું અને ભારે ટીકા કરી છે.




ટાંકી યુવક મંડળ દ્વારા આયોજિત પાંચમી દામકા પ્રીમિયમ લીગ ફાઈનલ મેચ ટાંકી ક્રિકેટ ગ્રાઉન્ડ ભસ્તા ખાતે રમાડવામાં આવી હતી ,ફાઈનલ મેચ માં ખેલાડીઓ ને ઉત્સાહિત કરવા માટે સમારંભ ના મુખ્ય મેહમાન જયેશ.આર.પટેલ,તુલસી.એન.પટેલ ભગુભાઈ.વી.પટેલ, સુરેશભાઈ.એસ. પટેલ તથા નામી અનામી મહેમાનો એ ભાગ લીધો હતો, પાંચમી દામકા પ્રીમિયમ લીગ માં ૧૨ ટીમો એ ભાગ લીધો હતો ,જય ખોડિયાર V/S જય ભવાની કિંગ વચ્ચે ફાઈનલ જંગ ખેલાયો હતો, જય ભવાની કિંગ ની ટીમે ટોસ જીતી જય ખોડિયાર ટીમ ને બેટિંગ માટે આમતરણ આપ્યું જય ખોડીયાર ૧૦ ઓવર ના અંતે ૭૫/૭ રન બનાવ્યા હતા જવાબ માં જય ભવાની કિંગ ૮.૫ ઓવર માં ૭૮/૭ રન બનાવી પાંચમી દામકા પ્રીમિયમ લીગ નો ખિતાબ મેળવ્યો હતો ટુર્નામેન્ટ નો બેસ્ટ બોલર,ફાઈનલ મેચ નો બેસ્ટ બોલર અને મેન ઓફ ધ સીરીઝ નો એવોર્ડ વિશાલ પટેલ ને એનાયત કરવામાં આવ્યો હતો ફાઈનલ મેચ માં મેન ઑફ ધ મેચ નો એવોર્ડ ધીરેન.વી.પટેલ ને આપવામાં આવ્યો,ફાઈનલ મેચ માં બેસ્ટ બેટ્સમેન નો એવોર્ડ કપિ પટેલ ને આપવામાં આવ્યો હતો , આ ટુર્નામેન્ટ માં વિજેતા ટીમ ને ૩૩,૩૩૩ અને રનર્સ અપ ટીમ ને ૨૨,૨૨૨ નું કેશ ઈનામ આપવામાં આવ્યું હતું, ટાંકી યુવક મંડળ દામકા ગ્રુપ દ્વારા ખૂબ સરસ રીતે આયોજન કરવામાં આવ્યુ હતુ.

### ગલ્ફમાં યુદ્ધની પરિસ્થિતિ વચ્ચે

# ગુજરાત ટેક્ષ્ટાઇલ પોલિસી હેઠળ બાકી રહેલી સબસિડી તાત્કાલિક ચૂકવવા ચેમ્બરની માંગણી

## ચેમ્બરે નાયબ મુખ્યમંત્રી સંઘવી તથા નાણા મંત્રી દેસાઈને પત્ર લખ્યા

સુરત, તા.૧૦

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ગલ્ફ વિસ્તારમાં ચાલી રહેલી યુદ્ધની પરિસ્થિતિ અને માર્ચ મહિનામાં સમાપ્ત થનારા નાણાકીય વર્ષ ૨૦૨૫–૨૬ને ધ્યાનમાં રાખીને ગુજરાત ટેક્ષ્ટાઇલ પોલિસી હેઠળ ઔદ્યોગિક એકમોને મળવાપાત્ર બાકી રહેલી સબસિડી અને પ્રોત્સાહક રકમોની તાત્કાલિક ચૂકવણી કરવા માટે રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવી છે.

આ સંદર્ભે ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી દ્વારા ગુજરાત રાજ્યના માનનીય ઉપ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી અને નાણાં મંત્રી શ્રી કનુભાઈ દેસાઇને પત્ર લખીને જરૂરી કાર્યવાહી કરવા વિનંતી કરાઇ છે. ચેમ્બર દ્વારા રાજ્ય સરકારને રજૂઆત કરવામાં આવી છે કે, સુરત તેમજ સમગ્ર દક્ષિણ ગુજરાતના આર્થિક વિકાસમાં ટેક્ષ્ટાઇલ ઉદ્યોગ મુખ્ય આધારસ્તંભ તરીકે કાર્ય કરી રહ્યો છે અને રોજગારી સર્જન, એક્ષ્પોર્ટ તથા ઔદ્યોગિક વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યો છે. ગુજરાત ટેક્ષ્ટાઇલ પોલિસી હેઠળ આપવામાં આવતા વિવિધ પ્રોત્સાહનોને ધ્યાનમાં રાખીને અનેક ટેક્ષ્ટાઇલના ઔદ્યોગિક એકમોએ આધુનિક ટેકનોલોજી અપનાવવા તેમજ ઉત્પાદન ક્ષમતા વધારવા માટે રોકાણ કર્યું છે, પરંતુ હાલમાં ગલ્ફ વિસ્તારમાં ચાલી રહેલી યુદ્ધની પરિસ્થિતિના કારણે ટેક્ષ્ટાઇલ ઉદ્યોગને અનેક પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે. આ પરિસ્થિતિને કારણે આંતરરાષ્ટ્રીય વેપારનો માહોલ બગડયો છે. એક્ષ્પોર્ટના ઓર્ડર, લોજિસ્ટિકસ અને બજારની સ્થિરતા પર નકારાત્મક અસર પડી રહી છે.

આથી ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા રાજ્ય સરકારને વિનંતી કરવામાં આવી છે કે, ગુજરાત ટેક્ષ્ટાઇલ પોલિસી હેઠળ ઔદ્યોગિક એકમોને મળવાપાત્ર બાકી રહેલી સબસિડી અને પ્રોત્સાહક રકમોની તાત્કાલિક ચૂકવણી કરવામાં આવે. આ પ્રોત્સાહનોની સમયસર ચૂકવણી ઉદ્યોગોને વર્તમાન પરિસ્થિતિમાં જરૂરી લિકિવડિટી ઉપલબ્ધ કરાવવામાં મદદરૂપ બનશે અને તેઓને તેમની નાણાકીય બાંહેધરીઓ પૂર્ણ કરવામાં સહાયરૂપ બનશે.

ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ રજૂઆતમાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા આ બાબતમાં ઝડપી અને સકારાત્મક પગલાં લેવામાં આવશે તો ટેક્ષ્ટાઇલ ઉદ્યોગનો વિશ્વાસ વધુ મજબૂત બનશે તેમજ સુરત અને દક્ષિણ ગુજરાતના આર્થિક વિકાસમાં ટેક્ષ્ટાઇલ ઉદ્યોગનું મહત્વપૂર્ણ યોગદાન સતત જળવાઈ રહેશે.

# એસ્ટેટ પ્લાનિંગની અવગણના વારસદારો માટે સમસ્યા ઉભી કરે છે

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા એસ્ટેટ પ્લાનિંગના મહત્વ વિષે અવેરનેસ સેશન યોજાયું



સુરત, તા.૧૦

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા રવિવાર, તા. ૮ માર્ચ ૨૦૨૬ના રોજ સાંજે ૫ઃ૦૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે એસ્ટેટ પ્લાનિંગના મહત્વ વિષે અવેરનેસ સેશન યોજાયું હતું, જેમાં મુખ્ય વકતા તરીકે પેરાલિગલ કન્સલ્ટન્ટ અને એસ્ટેટ પ્લાનર શ્રી સુરેશ એ. દ્વારા વ્યવસાયિકોને એસ્ટેટ પ્લાનિંગના વિવિધ પાસાઓ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

મુખ્ય વક્તા તરીકે શ્રી સુરેશ એ. દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, એસ્ટેટ પ્લાનિંગ માત્ર ધનવાન લોકો માટે જ નહીં, પરંતુ દરેક વ્યક્તિ માટે મહત્વપૂર્ણ છે. વ્યક્તિ પોતાની સંપત્તિનું વિતરણ, પરિવારની આર્થિક સુરક્ષા અને ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને યોગ્ય નિર્ણય લઈ શકે છે. એસ્ટેટ પ્લાનિંગ એ એવી પ્રક્રિયા છે જેમાં વ્યક્તિ પોતાની સંપત્તિ, રોકાણ અને મિલકતનું સંચાલન અને વિતરણ ભવિષ્યને ધ્યાનમાં રાખીને યોગ્ય રીતે કરે છે. યોગ્ય એસ્ટેટ પ્લાનિંગ દ્વારા પરિવારજનો વચ્ચે થનારા વિવાદો ટાળી શકાય છે અને સંપત્તિ યોગ્ય વ્યક્તિઓ સુધી સરળતાથી અને કાયદેસર રીતે પહોંચે તે સુનિશ્ચિત કરી શકાય છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વસીયત, ટ્રસ્ટ, નોમિનેશન અને કાનૂની દસ્તાવેજો દ્વારા વ્યક્તિ પોતાના પરિવાર માટે આર્થિક સુરક્ષા ઉભી કરી શકે છે. ઘણા લોકો એસ્ટેટ પ્લાનિંગને અવગણે છે, જેના કારણે ભવિષ્યમાં વારસદારોને કાનૂની પ્રક્રિયાઓનો સામનો કરવો પડે છે. તેથી દરેક વ્યક્તિએ સમયસર યોગ્ય સલાહ લઈને એસ્ટેટ પ્લાનિંગ કરવું જોઈએ, જેથી પરિવારની સંપત્તિ સુરક્ષિત રહે અને આગામી પેઢી માટે સકારાત્મક વારસો સર્જી શકાય તેમ છે.

ચેમ્બરના ગૃપ ચેરમેન ડો. અનિલ સરાવગીએ સ્વાગત સંબોધન કરતા જણાવ્યું હતું કે, ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સમયાંતરે આવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ ઉદ્યોગ સાહસિકો, વ્યવસાયિકો અને નાગરિકોને એસ્ટેટ પ્લાનિંગના મહત્વ વિશે જાગૃત કરવાનો હતો, જેથી તેઓ પોતાની સંપત્તિનું વ્યવસ્થાપન અને આગામી પેઢી માટેની સુરક્ષા અંગે યોગ્ય આયોજન કરી શકે. શ્રીજી ફિનમાર્ટના ફાઉન્ડર અને સીઇઓ શ્રી અનુપમ જૈને મુખ્ય વક્તાનો પરિચય કરાવ્યો હતો. આ કાર્યક્રમમાં ચેમ્બરના પૂર્વ પ્રમુખ તેમજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ વાઇસ ચાન્સેલર શ્રી પ્રેમકુમાર શારદા, ઉદ્યોગ સાહસિકો, વ્યાવસાયિકો અને સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.



# ૧૪ માર્ચે ડો. શશિકાંત શાહ વ્યાખ્યાન માળા

સુરત, તા.૧૦

ડૉ. શશિકાંત શાહ સ્મૃતિ ટ્રસ્ટ અને પ્રેસિડેન્સી સ્કૂલના સંયુક્ત ઉપક્રમે શિક્ષણવીદ, કટારલેખક સ્વ.ડૉ. શશિકાંત શાહની સ્મૃતિમાં પ્રતિવર્ષ વ્યાખ્યાનમાળા યોજાય છે. આગામી ૧૪ માર્ચ, ૨૦૨૬ ને શનિવારે સાંજે ૫.૧૫ કલાકે યોજાનાર વ્યાખ્યાનમાળાના છઠ્ઠા મણકામાં જાણીતા કવિ, સાહિત્યકાર, વિવેચક પદ્મશ્રી પ્રવીણ દરજી "સમાજની આંખ, કેળવણીની પાંખ" વિષય પર વક્તવ્ય આપશે. શિક્ષણવીદ્ હિતેન્દ્રભાઈ ચુડાવાળાના સાન્નિધ્યમાં આ કાર્યક્રમ પ્રેસિડન્સી સ્કૂલના સેન્ટ્રલ હોલમાં સમયસર શરૂ થશે. જેમાં રસિક શ્રોતાઓને પધારવા નિમંત્રણ પાઠવાયું છે.

# વનિતા વિશ્રામ યુનિ.માં ન્યુટ્રીશન સ્કેરનિંગ કેમ્પનું આયોજન કરાયું

સુરત, તા.૧૦

લાયન કીર્તિભાઈ શાહ પ્રેસ ॰ પબ્લિસિટી ચેરમેન જણાવતા વનિતા વિશ્રામ વિમેન્સ યુનિવર્સિટી, સુરતમાં ''ન્યુટ્રીશન સ્ક્રીનિંગ કેમ્પ – ડિકોડ યોર બોડી'' નું ૬ અને ૭ માર્ચ, ૨૦૨૬ના રોજ થયેલ સફળ આયોજન. વનિતા વિશ્રામ ટ્રસ્ટ દ્વારા સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ યુનિવર્સિટી, સુરતના ફેકલ્ટી ઓફ સાયન્સ અંતર્ગત ફૂડ એન્ડ ન્યુટ્રીશન વિભાગ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ–૨૦૨૬ નિમિત્તે લાયન્સ ક્લબ ઓફ સુરત મૈત્રીના સહયોગથી ૬ અને ૭ માર્ચ, ૨૦૨૬ના રોજ ''ન્યુટ્રીશન સ્ક્રીનિંગ કેમ્પ – ડિકોડ યોર બોડી''નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં યુનિવર્સિટીની લગભગ ૧૦૦૦ જેટલી વિદ્યાર્થિનીઓ અને ફેકલ્ટી મેમ્બર્સે ઉત્સાહપૂર્વક ભાગ લઈ આરોગ્ય તપાસણીઓ કરાવી હતી. કેમ્પનો મુખ્ય હેતુ વનિતા વિશ્રામને એનિમિયા મુક્ત બનાવવા સાથે શરીરના પોષણ અને આરોગ્ય પ્રત્યે જાગૃતતા વધારવાનો હતો. આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થિનીઓ અને સ્ટાફને નિયમિત આરોગ્ય તપાસ અને સંતુલિત આહાર દ્વારા સ્વસ્થ જીવનશૈલી અપનાવવા માટે પ્રેરણા મળી. આ સ્ક્રીનિંગ દ્વારા ભાગ લેનાર વ્યક્તિઓને તેમના શરીરના પોષણ અને આરોગ્યની સ્થિતિ વિશે ઉપયોગી માહિતી પ્રાપ્ત થઈ. આ કાર્યક્રમનું આયોજન યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડૉ. દક્ષેશ ઠાકર તથા ફેકલ્ટી ઓફ સાયન્સના ડીન અને ફૂડ એન્ડ ન્યુટ્રીશન વિભાગના હેડ ડૉ. મનીષા વ્યાસના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન ડૉ. શિલ્પી અગ્રવાલ, આસિસ્ટન્ટ પ્રોફેસર, ફૂડ એન્ડ ન્યુટ્રીશન વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું.લાયન્સ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રિક્ટ ૩૨૩૨ ક્ષ્૨ ના ગવર્નર લાયન મોનાબેન દેસાઈ, મૈત્રી ક્લબ પ્રમુખ લાયન પ્રીતિબેન કીનારીવાળા, કેબિનેટ સેક્રેટરી લાયન સોનલ દેસાઈ, ઙ્ગ લાયન નિશીથભાઈ કીનારીવાળા, તથા ક્લબના સદસ્યો હાજર રહ્યા હતા.

# વીજપડી ગામે રૂ.૩૪.૮૩ લાખના ગ્રામ પંચાયત ભવનનું ખાતમુહૂર્ત

## ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના હસ્તે ગ્રામ પંચાયત ભવનનું કામ શરૂ

સુરત, તા.૧૦

ગ્રામ્ય વિકાસને વધુ ગતિ – વીજપડીમાં ગ્રામ પંચાયત સચિવાલય ભવનનો શુભારંભ સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામે ગ્રામ્ય વિકાસને વધુ ગતિ આપવા માટે રૂ. ૩૪.૮૩ લાખના ખર્ચે નવી ગ્રામ પંચાયત (સચિવાલય)ના ભવનના નિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત સાવરકુંડલા-લીલીયા વિધાનસભાના જનપ્રિય ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલાના વરદહસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્યશ્રીએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર ગ્રામ્ય વિસ્તારોમાં સુવિધાઓને વધુ મજબૂત બનાવવા માટે સતત પ્રયત્નશીલ છે. નવી ગ્રામ પંચાયત સચિવાલયનું નિર્માણ થવાથી ગામના નાગરિકોને સરકારી કામકાજ માટે સુવિધાજનક વ્યવસ્થા મળશે અને ગ્રામ વિકાસના કાર્યોને વધુ ગતિ મળશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ગ્રામ પંચાયત સચિવાલય ગામના વિકાસનું કેન્દ્ર હોય છે. નવા ભવનના નિર્માણથી પંચાયતના વહીવટી કામકાજ વધુ સુવ્યવસ્થિત રીતે થઈ શકશે તેમજ ગામલોકોને વિવિધ સરકારી સેવાઓનો લાભ સરળતાથી મળશે. આ પ્રસંગે ગામના સરપંચશ્રી, તાલુકા તથા જિલ્લા પંચાયતના સભ્યો, ભાજપના આગેવાનો, સ્થાનિક અગ્રણીઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. તમામ લોકોએ આ વિકાસકાર્ય બદલ રાજ્ય સરકાર અને ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલાનો આભાર વ્યક્ત કર્યો હતો. આ વિકાસકાર્યથી વીજપડી ગામમાં વહીવટી સુવિધાઓ વધુ મજબૂત બનશે અને ગ્રામ વિકાસના કાર્યોને નવી દિશા મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

# મહિલા દિવસ નિમિત્તે બે દિવસીય કાર્યક્રમમાં મહિલાઓને માર્ગદર્શન

## મહિલા દિવસ નિમિત્તે બે દિવસીય કાર્યક્રમમાં મહિલાઓને માર્ગદર્શન અપાયું

સુરત, તા.૧૦

સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત વી. ટી. ચોકસી સાર્વજનિક લૉ કોલેજ, સુરત ખાતે "International Women's Day નિમિતે તા. ૦૬ અને ૦૭ માર્ચ, ૨૦૨૬ ના રોજ "Safety First: Practical Self-Defence fro Women" વિષય પર બે દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

ડૉ. ઈરમલા દયાલ (ઇન્ચાર્જ આચાર્ય, વી. ટી. ચોકસી સાર્વજનિક લૉ કોલેજ, સુરત) ના માર્ગદર્શન હેઠળ કોલેજના ઈન્ટરનલ ક્વોલિટી એશ્યોરન્સ સેલ (IQAC) અને વુમન ડેવલપમેન્ટ સેલ અને વુમન ડેવલપમેન્ટ સેલ દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં એડવોકેટ શ્રી શ્રેયસ દેસાઈ (ચેરમેન, એડમિનિસ્ટ્રેટિવ કમિટી, વી. ટી. ચોકસી સાર્વજનિક લો કોલેજ, સુરત) માર્ગસૂચન મહત્વપૂર્ણ રહ્યું હતું. આ વર્કશોપમાં જાણીતા માર્શલ આર્ટ્સ ટ્રેનર શ્રી પામીર શાહ, ફાઉન્ડર અને હેડ કોચ, Dynamic Warriro Martial Art Academy, દ્વારા વિદ્યાર્થીનીઓને વિવિધ પ્રેક્ટિકલ સેલ્ફ-ડિફેન્સ ટેકનિક્સ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં કોલેજની વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને આત્મરક્ષા અંગે ઉપયોગી માર્ગદર્શન મેળવ્યું હતુ.

# વોર્ડ નં.૨૫ ખાતે ભાજપના નવનિયુક્ત હોદ્દેદારોનું અભિવાદન કરવામાં આવ્યું



સુરત, તા.૧૦

સુરત શહેર ભાજપ માં શહેર કારોબારી સભ્ય તરીકે શ્રી દિવ્યેશ પટેલ અને શ્રીમતી કલ્પનાબેન પટેલ,બક્ષીપંચ મોરચા કારોબારી સભ્ય તરીકે શ્રી સતીશભાઈ ગુર્રમ , એસ.સી.મોરચા શહેર મંત્રી તરીકે શ્રી કિશોર સોલંકી અને કારોબારી સભ્ય તરીકે શ્રી નીતિન સુરતી તેમજ એસ.ટી.મોરચા માં મંત્રી તરીકે શ્રીમતી સુમિત્રાબેન પટેલ શ્રીઓની નિયુક્તિ થવાબદ્દલ વોર્ડ નંબર ૨૫ લિંબાયત,ઉધનાયાર્ડ ભાજપ પરિવાર તરફથી ખેસ પહેરાવી સ્વાગત કરી ઉજવળ ભવિષ્યની શુભકામનાઓ સાથે અભિનંદન આપવામાં આવ્યું. આ પ્રસંગે માજી ડ્રેનેજ કમિટી ચેરમેન શ્રી વિક્રમભાઈ પાટીલ,વોર્ડ પ્રમુખ શ્રી હેમંત મરાઠે,મહામંત્રી શ્રીઓ રાપોલુ બુચિરામુલુ,શ્રી નીતિન શિમ્પી,આઈ ટી સેલ કન્વીનર શ્રી અનિલ સોનકુસરે, સહ કન્વીનર શ્રી અનિલ સપકાળે,કોષાધ્યક્ષ શ્રી રાજુદાદા પાટીલ,શ્રી કિરીટભાઇ,શ્રી રાજુભાઈ,શ્રી અટલ મિશ્રા,શ્રી પ્રભાકર કુરાપાટી,શ્રી જગદીશ ચેલુમલ્લા,શ્રી કનૈયા પ્રજાપતિ,શ્રી કૈલાશ પાટીલ શ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શાહ એન એચ કોમર્સ કોલેજ ગ્રાઉન્ડ વલસાડ ખાતે ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ

સુરત, તા.૧૦

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ની ઉજવણીના ભાગરૂપે ગુજરાત ટેનિસ બોલ ક્રિકેટ એસોસિયેશન ના નેજા હેઠળ વલસાડ ટેનિસ બોલ ક્રિકેટ એસોસિયેશન દ્વારા ઓપન ગુજરાત ટેનિસ બોલ ક્રિકેટ ટુર્નામેન્ટનું શાહ એન એચ કોમર્સ કોલેજ ગ્રાઉન્ડ વલસાડ ખાતે આયોજન કરવાં આવ્યું,

વલસાડ તાલુકા ધારાસભ્ય શ્રી ભરતભાઈ પટેલ,ગુજરાત પ્રદેશ મંત્રી શ્રીમતી સોનલબેન સોલંકી,શ્રી સાઈ ચેરિટેબલ ટ્રસ્ટ ના પ્રમુખ અને વલસાડ ટેનિસ બોલ ક્રિકેટ એસોસિયેશન પ્રમુખ શ્રી કેયુરભાઈ પટેલ,સેક્રેટરી જનરલ શ્રી નિલેશ કોસીયા,સામાજિક કાર્યકર શ્રી વિનોદભાઇ પટેલ,સી.બી.આઈ વલસાડના સાહેબ શ્રી સી.એમ.મકવાણા,સામાજિક કાર્યકર શ્રી ભરતભાઈ બલસારા દ્વારા દીપ પ્રગટાવી શ્રી ફળ વધેરી અને રીબીન કાપી ટૂર્નામેન્ટનો શુભારંભ કરવામાં આવ્યો,

અંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નું મહત્વ અને વલસાડ ટેનિસ બોલ ક્રિકેટ એસોસિયેશનના પરિચય એસોસિયેશનના સેક્રેટરી શ્રી નિલેશ કોસીયાએ આપ્યો જ્યારે કારકિર્દીના ઘડતરમાં રમત ગમત ખુબજ મહત્વ છે અને અત્યારે સરકારશ્રી દ્વારા રમત ગમત ને ખૂબ પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે જેનો લાભ લેવા ધારાસભ્ય શ્રી ભરતભાઈ પટેલ દ્વારા જણાવવામાં આવ્યું ,ગુજરાત પ્રદેશ અધ્યક્ષ (ભાજપ) શ્રીમતી સોનલ સોલંકી દ્વારા સ્પર્ધામાં ભાગ લેનાર મહિલા ખેલાડીઓને અભિનંદન સાથે મહિલા દિવસની શુભકામના પાઠવી હતી અને આજની સ્પર્ધામાં પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન કરી નારી શક્તિનો પરિચય બતાવવા જણાવ્યું હતું,

### ગેસનો પુરવઠો બંધ કરાતા

પહેલા પાનાનું ચાલુ

માત્ર ગુજરાત એવું રાજ્ય છે કે જ્યાં હોટલ-રેસ્ટોરા પાઈપ લાઇન મારફત ગેસ મેળવે છે જેથી ગુજરાતમાં પરિસ્થિતિ થોડી સારી છે, જ્યારે રાજસ્થાનમાં પણ ૧૯ કિલોના સીલીન્ડરની સપ્લાય બંધ કરી દેવામાં આવી છે અને એક બાદ એક રાજ્યોમાંથી આ પ્રકારના અહેવાલો આવી રહ્યા છે.

### પાક.માં પેટ્રોલ-ડીઝલની

પહેલા પાનાનું ચાલુ

ડોલર પ્રતિ બેરલથી વધુ થઈ ગઈ છે. આ કારણોસર આ નિર્ણયો લેવામાં આવ્યા છે.પાકિસ્તાને પેટ્રોલ અને ડીઝલની કિંમતોમાં લગભગ ૨૦%નો વધારો કર્યો છે. પેટ્રોલ અને ડીઝલની કિંમતોમાં ૫૫ રૂપિયા (પાકિસ્તાની રૂપિયો) પ્રતિ લિટર સુધીનો વધારો કરવામાં આવ્યો છે.આ વધારા પછી પાકિસ્તાનમાં પેટ્રોલની કિંમત હવે ૩૩૫.૮૬ રૂપિયા પ્રતિ લિટર થઈ ગઈ છે. જ્યારે ડીઝલ ૩૨૧.૧૭ રૂપિયા પ્રતિ લિટરના સ્તરે પહોંચી ગયું છે.

### વિપક્ષ દ્વારા ભારે

પહેલા પાનાનું ચાલુ

પરિસ્થિતિઓ અને ભારત પર તેની અસર અંગે ચર્ચાની માંગને લઈને હોબાળો કર્યો. દેશના ઉર્જા સંકટ પર ચર્ચાની માંગ કરી.

કેન્દ્રીય સંસદીય મંત્રી કિરણ રિજિજુએ કહ્યું - સ્પીકર સામેના મોશન વિપક્ષના મોશન પર ચર્ચા કરવા માટે અમે તૈયાર છીએ, તેઓ ચર્ચા કરે, પરંતુ વિપક્ષ બીજું મોશન લાવ્યો છે, જેનો વિદેશ મંત્રીએ બંને ગૃહોમાં ખૂબ સારી રીતે જવાબ આપ્યો છે. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કહ્યું - વડાપ્રધાન મોદીને બ્લેકમેઈલ કરવામાં આવી રહ્યા છે. તેમની પાસે ભારતીય જનતાના હિતો વેચવા સિવાય કોઈ વિકલ્પ નથી. મારી વાત યાદ રાખો, તેઓ સંસદમાં નહી આવે.

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કહ્યું- પશ્ચિમ એશિયામાં ચાલી રહેલું યુદ્ધ આપણી અર્થવ્યવસ્થાને ગંભીર નુકસાન પહોંચાડી રહ્યું છે, પરંતુ આપણા સમાધાનકારી વડાપ્રધાનમાં આ અંગે ચર્ચા કરવાની હિંમત નથી. શેરબજાર તુટી રહ્યું છે, ન્ના ભાવ વધી રહ્યા છે અને વૈશ્વિક ક્રૂડ ઓઇલના ભાવ ઐતિહાસિક સ્તરે પહોંચી રહ્યા છે. આની સીધી અસર સામાન્ય માણસ, ઘરેલું બજેટ અને નાના તથા મધ્યમ વ્યવસાયો પર પડી રહી છે. વડાપ્રધાન મોદીને બ્લેકમેલ કરવામાં આવી રહ્યા છે. તેમની પાસે ભારતીય જનતાના હિતો વેચવા સિવાય કોઈ વિકલ્પ નથી. મારી વાત યાદ રાખો, તેઓ સંસદમાં નહી આવે.

### મધ્ય-પૂર્વના યુદ્ધ અંગે

પહેલા પાનાનું ચાલુ

ફ્લોરિડાના ડોરલ શહેરમાં પોતાના ગોલ્ફ ક્લબમાં પત્રકારો સાથે વાત કરતા ટ્રમ્પે કહ્યું કે ઈરાનમાં યુદ્ધ શરૂ થયા પછી આ તેમની અને પુતિનની પહેલી વાતચીત હતી. આ વાતચીત એવા સમયે થઈ છે જ્યારે સમગ્ર મિડલ ઈસ્ટમાં તણાવ વધેલો છે.ઈરાનના ઉપ વિદેશ મંત્રી કાઝમ ગરીબાબાદીએ કહ્યું છે કે વર્તમાન યુદ્ધમાં ઈરાનનું પલડું ભારે છે અને અમે જ નક્કી કરીશું કે આ યુદ્ધ ક્યારે સમાપ્ત થશે.તેમણે સરકારી ટીવી પર કહ્યું કે જો અમેરિકા અને ઈઝરાયલ યુદ્ધવિરામની વાત કરે છે, તો પહેલા તેમને એ ખાતરી આપવી પડશે કે તેઓ ફરીથી હુમલો નહી કરે અને તેમની કાર્યવાહીની જવાબદારી સ્વીકારશે.

ગરીબાબાદીએ કહ્યું કે તેઓ માત્ર યુદ્ધવિરામની માગ કરે અને ઈરાન તરત માની જાય, એવું નહી થાય. તેમણે દાવો કર્યો કે અમેરિકા અને ઈઝરાયલની યોજનાઓ સફળ ન થઈ અને તેઓ પોતાનો લક્ષ્ય હાંસલ કરી શક્યા નહી.ઈરાનના નાયબ વિદેશ મંત્રીના મતે ઈરાને અમેરિકા અને ઈઝરાયલને ગંભીર નુકસાન પહોંચાડ્યું છે. તેમણે કહ્યું કે વર્તમાન યુદ્ધના કારણે દુનિયાની એનર્જી સપ્લાય અને વૈશ્વિક અર્થતંત્ર પણ પ્રભાવિત થઈ રહ્યું છે.ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થની અલ્બેનીઝે કહ્યું છે કે તેમનો દેશ ખાડી દેશો (મિડલ ઈસ્ટ)ની સુરક્ષા માટે મદદ મોકલશે. તેમણે જણાવ્યું કે રોયલ ઓસ્ટ્રેલિયન એરફોર્સનું 'ઈ-૭૭ વેજટેલ સર્વેલન્સ પ્લેન' અને સૈન્ય કર્મચારીઓને ખાડી પ્રદેશમાં મોકલવામાં આવશે.

આ વિમાન ચાર અઠવાડિયા સુધી ત્યાંના આકાશની દેખરેખ રાખશે અને હવાઈ સુરક્ષામાં મદદ કરશે. ઓસ્ટ્રેલિયા છઈ ને મિડલ રેન્જની એર-ટુ-એર મિસાઈલો પણ આપશે, જેથી દેશ પોતાની સુરક્ષા મજબૂત કરી શકે.

વડાપ્રધાન અલ્બેનીઝે કહ્યું કે આ નિર્ણય છઈના રાષ્ટ્રપતિ સાથે ફોન પર વાતચીત કર્યા બાદ લેવામાં આવ્યો છે. ઓસ્ટ્રેલિયાનું કહેવું છે કે તે ખાડી દેશોની સુરક્ષામાં સહયોગ કરવા માંગે છે.

### યુદ્ધ જલ્દી પુરુ

પહેલા પાનાનું ચાલુ

અર્થવ્યવસ્થાને ઘણું નુકસાન પહોંચાડ્યું હતું. ભારત, ચીન અને જાપાન જેવા દેશો તેમની ઊર્જા જરૂરિયાતો માટે મિડલ ઈસ્ટ પર નિર્ભર છે. તેલ સસ્તું થવાથી આ દેશોનું ઈમ્પોર્ટ બિલ ઘટશે અને મોંઘવારીને કાબૂમાં લેવામાં મદદ મળશે.

જણાવી દઈએ કે છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલા સંઘર્ષના કારણે ક્રૂડ ઓઈલના સપ્લાયમાં અવરોધ આવવાનો ડર હતો. આ જ કારણોસર કિંમતોમાં સતત ઉછાળો આવી રહ્યો હતો. સંઘર્ષની શરૂઆતથી અત્યાર સુધી તેલની કિંમતો લગભગ ૧૨૦ ડોલર સુધી પહોંચી ગઈ હતી.

### ભારે ગરમીના કારણે

પહેલા પાનાનું ચાલુ

બીજી તરફ, મધ્ય પ્રદેશમાં ઈન્દોરના દેવી અહિલ્યાબાઈ હોલ્કર એરપોર્ટ પર રનવેના એક ભાગ પર ડામરનું સ્તર રિપેરિંગ કામ દરમિયાન વધુ તાપમાનને કારણે પીગળીને ઢીલું પડી ગયું. આને કારણે બે પેસેન્જર ફ્લાઈટ્સને ભોપાલ ડાયવર્ટ કરવી પડી. હવામાન વિભાગ અનુસાર આ દિવસોમાં રાજસ્થાનના રણ પ્રદેશોમાંથી ગરમ પવનો આવી રહ્યા છે. જેની અસર મેદાની રાજ્યોમાં જોવા મળી રહી છે. પવનની દિશા ઉત્તર-પૂર્વથી હવે પશ્ચિમ અને ઉત્તર-પશ્ચિમ થઈ ગઈ છે. તેમજ, હવામાં ભેજ ખૂબ ઓછો છે. આનાથી આવનારા દિવસોમાં તાપમાન વધુ વધશે. આનાથી તડકાની તીવ્રતા પણ વધી શકે છે.

### અંકલેશ્વર પબ્લિક

પેજ-૨ પાનાનું ચાલુ

સમાજ માટે યોગદાન આપી શકે છે અને મહિલાઓએ એ જ બાબતે આગળ આવવાની જરૂર છે. સ્કુલ ના પ્રમુખ નાઝુ ફડવાલા જણાવ્યું કે આજના સમયમાં મહિલાઓ દરેક ક્ષેત્રમાં ખુબ ઝડપથી આગળ વધી રહીછે.દેશ અને સમાજના વિકાસમાં મહત્વનું યેગદાન આપી રહી છે.આજના આ આપણા વિકસીત દેશમાં મહિલાઓનું ખુબ મોટો ફાળો છે. હું આપ સવનેઆંતર રાષ્ટ્રીય મહિલા દિવસ એમને ખુબ ખુબ શુભેચ્છા પાઠવું છું.

આજના આ મહિલા દિવસ ની ઉજવણી માં શીક્ષકો દ્વારા મહિલા દિવસ ની થીમ પર સાંસ્કૃતીક કાયઁકમો નું પણ આયોજન કરવામાં આવ્યું હતું.સ્કુલ દ્વારા મિહલા દિવસ ના ભાગરુપે શિક્ષકોનું અને એકટીવ વિદ્યયાથીઁઓનું સનમ્માન પણ કરવામાં આવ્યું હતું.કાયઁકમનાં માં સ્વાગત પ્રવચન શિક્ષીકા ઈનસીયા દડાવાલા દ્વારા અને આભારવીધી શિક્ષીકા મારીયા કાનુગા દ્વારા કરવામાં આવી હતી.

### સોશિયલ મિડીયા

પેજ-૨ પાનાનું ચાલુ

સોશિયલ મિડિયા ઉભરી આવ્યું છે, પરંતુ તેનો અતિરેક વ્યક્તિના વર્તન, ધ્યાન અને જીવનશૈલી પર નકારાત્મક અસર પણ કરી શકે છે, આથી તેમણે યુવાનોને સોશિયલ મિડિયાનો ઉપયોગ કરતી વખતે સમયની મર્યાદા નક્કી કરવા, ડિજિટલ ડિટોક્સ અપનાવવા અને વાસ્તવિક જીવનમાં વધુ સક્રિય રહેવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

શ્રી તોમરે સોશિયલ મિડિયાના ઉપયોગ બાબતે માતા–પિતા અને શિક્ષકોની ભૂમિકા પણ મહત્વપૂર્ણ હોવાનું જણાવી વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન આપવાની જરૂરિયાત પર ભાર મૂકયો હતો. તેમણે કહ્યું હતું કે, પરિવાર અને શૈક્ષણિક સંસ્થાઓએ પણ યુવાનોને યોગ્ય માર્ગદર્શન આપીને તેમની ઊર્જા અને સમયને રચનાત્મક પ્રવૃત્તિઓ તરફ દોરવું પડશે. યુવાનોને સમયનું યોગ્ય સંચાલન શીખવવું આજના સમયની મહત્વપૂર્ણ જરૂરિયાત બની ગઇ છે તેમ તેમણે ઉમેર્યું હતું.

ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલા, પૂર્વ પ્રમુખો શ્રી મહેન્દ્ર કાજીવાલા અને શ્રી પ્રફુલ શાહ, ગૃપ ચેરમેન શ્રી ગિરધરગોપાલ મુંદડા, શ્રી મહેશ પમનાણી, વ્યવસાયિકો, નાગરિકો અને યુવાઓ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિશ મોદીએ મુખ્ય વક્તા શ્રી અજય તોમરનો પરિચય કરાવ્યો હતો. ચેમ્બરની ડિજિટલ માર્કેટિંગ કમિટીના કો–ચેરમેન શ્રી મંથન મદ્રાસીએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચેમ્બરની ડિજિટલ માર્કેટીંગ કમિટીના કો–ચેરપર્સન સુશ્રી વનિતા રાવતે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

### સુરતમાં આંતરરાષ્ટ્રીય

પેજ-૨ પાનાનું ચાલુ

પ્રેક્ષકોની હાજરીથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. આ અવસરે જિ.રમત વિકાસ અધિકારી શ્રી કાનુભાઈ રાઠોડ, 'માય ભારત' સુરતના ડેપ્યુટી ડાયરેક્ટર સચિન શર્મા, ખેલો ઈન્ડિયા સેન્ટરના કોચ (PCA) શ્રી દિવ્યેશ ગેડિયા, સુરત મહાનગરપાલિકાની આરોગ્ય સમિતિના ચેરમેન મનીષાબેન આહીર, રાઈફલ ક્લબના પ્રતિનિધિઓ તથા અગ્રણીઓ દુર્રિયા તાપિયા અને અમીષા જોગિયા ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનો મુખ્ય હેતુ રમતગમત દ્વારા મહિલાઓમાં ફિટનેસ, આત્મવિશ્વાસ અને સશક્તિકરણની ભાવના વિકસાવવાનો હતો. વક્તાઓએ આવી સ્પર્ધાઓથી બાળાઓ અને મહિલાઓને શારીરિક પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગ લેવાની પ્રેરણા મળે છે એવો મત વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવામાં ગૌરવ પાડયા, જૈવિક રૈયાણી, ઉજ્જવલ પરમાર, કમલ સોલંકી, રિદ્ધિ, મોહિની, સ્નેહા સોલંકી અને આયુષ સુરતીએ પાયાની ભૂમિકા ભજવી હતી.

### લાજપોરમાં

છેલ્લા પાનાનું ચાલુ

ગાળાગાળી કરી અચાનક પથ્થરમારો શરૂ કર્યો હતો, જેમાં રૂકશાનાબાનુના પતિ મોહમ્મદ આરીફને ડાબી આંખના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી અને ઘરની બારીના કાચ તૂટી ગયા હતા.

ફરિયાદ મુજબ, આરોપીઓ બળપૂર્વક ઘરમાં ઘૂસી ગયા હતા. આ દરમિયાન સમીર બાબુભાઈ ભઠીયારા નામના શખ્સે ફરિયાદી મહિલાના કપડાં ફાડી નાખી તેમની લાજ લેવાનો પ્રયત્ન કર્યો હોવાનો ગંભીર આક્ષેપ કરાયો છે. અન્ય સાસરી પક્ષના સભ્યોએ પરિવારને ઢીકમુક્કાનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. પડોશીઓએ વચ્ચે પડી મામલો શાંત પાડ્યો હતો અને ઈજાગ્રસ્તને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા હતા. પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### અડાજણમાંથી

અંગ્રેજી ભાષામાં છાપવામાં આવી નહોતી. નિયમ વિરુદ્ધ આ પ્રકારના પેકેટોનો સંગ્રહ અને વેચાણ કરવા બદલ એ.એસ.આઈ. રમેશભાઈએ ગુનો નોંધી આરોપીની અટકાયત કરી છે. હાલ આ મામલે હેડ કોન્સ્ટેબલ દિલીપભાઈ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
મંગળવાર, તા.૧૦ માર્ચ ૨૦૨૬ | E-mail : pratap_darpan@yahoo.co.in | મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

# ગુજરાત બાર કાઉન્સિલની ચૂંટણીમાં આખરે શાંતિપૂર્ણ રીતે મતગણના શરૂ

## બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ તાકીદે દરમિયાનગીરી કરતા આજે સવારથી મતગણતરી પ્રક્રિયા શરૂ કરાઈ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૧૦**

ગુજરાત બાર કાઉન્સિલની ૨૩ બેઠકો માટેની રસાકસીભરી ચૂંટણી બાદ, હાઈકોર્ટ ઓડિટોરિયમ ખાતે આખરે મતગણતરીનો પ્રારંભ થયો છે. મુખ્ય ચૂંટણી રિર્ટનિંગ ઓફિસર અને અન્ય બે અધિકારીઓએ ૧૨ જેટલા વકીલો દ્વારા અપાયેલી ધમકી અને ગેરવર્તનના આક્ષેપ સાથે ગણતરી અટકાવી દીધી હતી. આ મામલે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ આક્રમક વલણ અપનાવી ૧૨ ઉમેદવારો અને ૨ ટેકેદારોને શો-કોઝ નોટિસ ફટકારી ૭ દિવસમાં ખુલાસો માંગ્યો છે. દરમિયાન અધિકારીઓએ શાંતિપૂર્ણ માહોલ જાળવવા ઉમેદવારો પાસે લેખિત ખાતરી માંગી હતી, જે બાદ આજે મૌખિક ખાતરી મળતા ગણતરીનો પ્રારંભ થયો છે. સુરતથી પણ ઉમેદવારો ત્યાં હાજર હોવાનું જાણવા મળે છે. આ પ્રક્રિયા લાંબી ચાલવાની શક્યતા છે, જેના કારણે અંતિમ પરિણામ જાહેર થતા ૭ થી ૧૦ દિવસનો સમય લાગી શકે છે.

ગુજરાત બાર કાઉન્સિલની ૨૩ બેઠકો માટે યોજાયેલા મતદાન બાદ હવે સૌની નજર મતના પરિણામો પર ટકેલી છે. સુરતની વાત કરીએ તો સુરતમાં ૬૦% મતદાન થયું હતું. સુરતમાંથી બે મહિલા સહિત ૧૧ ઉમેદવારએ ચૂંટણી લડી હતી. સુરતમાં ૫૧૭૨ મત પડ્યા હતા, એટલે કે ત્રણ ઉમેદવારોની જીત નિશ્ચિત માનવામાં આવી રહી હોવાનું વકીલોમાં ચર્ચાઈ રહ્યું છે. વધુમાં ૫૦૦૦થી વધુ મતદાન થયું હોવાથી, જેમણે અગાઉ વકીલોના હિતમાં કામ કર્યું છે તેમને વધુ મતો મળે તેવી પૂરેપૂરી શક્યતા છે. હવે જોવાનું એ રહેશે કે મતપેટીઓ ખુલ્યા બાદ આ ૧૧ ઉમેદવારોમાંથી ક્યાં કયા ઉમેદવારના શીરે વિજયનો તાજ સજે છે.



**સુરત નંબર વન :** નવાપુરા ગોલવાડ વોર્ડ નં.૩ ખાતે બાંગ્લાદેશ ટેનામેન્ટ તરીકે જાણીતા વિસ્તારમાં, ચોરસ પેટી તેમજ કાલીપુર આંબાવાડી પાસે ગંદકીના ઢગ આંખે ઉડીને વળગી રહયા છે. માત્ર નવાપુર વિસ્તારમાં નહીં સેન્ટ્રલ ઝોન ઉપરાંત, લિંબાયત ઉધના સહિત શહેરના મોટાભાગના વિસ્તારમાં આ પ્રકારની હાલત છે. (તસવીર : હનીફ મલેક)

# ગુજરાતમાં 'દરેક ઘરમાં ચૂલો સળગે એ સરકારની પ્રાથમિકતા : ઊર્જા મંત્રી

### ગેસ પુરવઠો જળવાઈ રહે તે માટે ઉદ્યોગોમાં વપરાતા ગેસ પર ૫૦ ટકા સુધીનો કાપ મુકાયો : ઋષિકેશ પટેલ

**ગાંધીનગર,તા.૧૦**

ગુજરાતમાં ગેસ પુરવઠાને લઈને ઉદ્યોગોમાં મર્યાદા મૂકવામાં આવ્યા બાદ રાંધણ ગેસ અંગે લોકોમાં ઊભી થયેલી ચિંતાઓ વચ્ચે ઊર્જા મંત્રી ઋષિકેશ પટેલે સ્પષ્ટતા કરી છે કે સામાન્ય નાગરિકોને મળતા રાંધણ ગેસના પુરવઠામાં કોઈ તકલીફ ન થાય તે માટે સરકાર સતત પ્રયત્નશીલ છે. તેમણે જણાવ્યું કે રાજ્ય સરકાર આ મુદ્દે કેન્દ્ર સરકાર સાથે સતત સંપર્કમાં છે અને પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહી છે.

ઊર્જા મંત્રીના જણાવ્યા મુજબ હાલ ઉદ્યોગોમાં વપરાતા ગેસ પર ૫૦ ટકા સુધીનો કાપ મુકવામાં આવ્યો છે, જ્યારે ફર્ટિલાઈઝર ક્ષેત્રમાં ૪૦ ટકા સુધી ગેસ સપ્લાય ઘટાડવામાં આવ્યો છે. તેમ છતાં ઘરગથ્થુ ઉપયોગ માટેના ગેસના પુરવઠા પર કોઈ અસર ન પડે તે સરકારની પ્રાથમિકતા છે.ઋષિકેશ પટેલે વધુમાં જણાવ્યું કે રાજ્ય સરકારનું મુખ્ય ધ્યાન એ વાત પર છે કે રાજ્યના દરેક ઘરમાં ચૂલો સળગતો રહે અને લોકોને રાંધણ ગેસ માટે કોઈ મુશ્કેલી ન પડે. તેમણે એ પણ સ્પષ્ટ કર્યું કે કોમર્શિયલ ગેસ પર ખાસ કોઈ કાપ મૂકાયો નથી અને પુરવઠો જળવાઈ રહે તે માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

# યુદ્ધને પગલે સ્પીનર્સ દ્વારા સાત દિવસમાં યાર્નના ભાવમાં પ્રતિ કિલોએ રૂા.૨૦નો વધારો

## યાર્નના ભાવો ભડકે બળતા વીવર્સો પાસે ઉત્પાદન કાપ એક પાત્ર વિકલ્પ

**પ્રતાપ પ્રતિનિધિ,સુરત,તા.૧૦**

મધ્ય-પૂર્વમાં યુધ્ધની પરિસ્થિતીને પગલે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં આવેલા થયેલા વધારાને પગલે સુરતના ટેક્સટાઈલ ઉદ્યોગ ઉપર અસર વર્તાય રહી છે અને સ્પીનર્સ દ્વારા માત્ર એક અઠવાડિયામાં યાર્નના ભાવમાં પ્રતિ કિલોએ ૨૦ રૂપિયા સુધીનો વધારો ઝીંકી દીધો છે. પરિણામે વિવર્સ અઠવાડિયામાં બેથી ત્રણ દિવસ રજા રાખવાનું વિચારી રહ્યા હોવાનું જાણવા મળ્યું છે અમેરિકા, ઈઝરીયેલ અને ઈરાન વચ્ચેના યુધ્ધના પગલે આંતરરાષ્ટ્રીય માર્કેટમાં ક્રુડ ઓઈલના ભાવમાં થઈ રહેલા ધરખમ વધારાની અસર ટેક્સટાઈલ ઉદ્યોગની સમગ્ર ચેઈન ઉપર જોવા મળી રહી છે. ઉદ્યોગકારોના જણાવ્યા મુજબ ૪ માર્ચે ક્રુડ ઓઈલનો ભાવ ૭૨ ડોલર હતો જે ગત રોજ વધીને સવારે ૧૨૦ ડોલર અને સાંજે ૧૦૦ ડોલર થઈ ગયો હતો. યાર્નબનાવવા માટે ક્રુડ ઓઈલ એક મહત્વનું રો-મટિરીયલ હોવાથી યાર્નના ભાવમાં સીધી અસર જોવા મળી રહી છે. સુરત એમએમએફ ઉત્પાદનનું હબ છે અને તેમાં લાખો ટન યાર્નનો ઉપયોગ થઈ રહ્યો છે.

### જરૂરિયાત મુજબ જ યાર્ન ખરીદવું જોઈએ : અશોક જીરાવાલા

ફોગવા પ્રમુખ અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, વર્તમાન પરિસ્થિતિ જોતા ઉદ્યોગકારોએ પોતાની જરૂરિયાત મુજબ યાર્નનો જથ્થો ખરીદી કરવો જોઈએ. કારણ કે, વધુ પડતો સ્ટોક કરવાથી બજારમાં કૃત્રિમ ભાવ વધારો થઈ શકે છે. જેથી બજારમાં કૃત્રિમ ભાવ વધારો થાય નહીં અને બજાર સુચારુ રૂપે ચાલે તે માટે જરૂરિયાત જેટલો જ યાર્નનો જથ્થો ખરીદવો જોઈએ. કેટલાક સ્પિનર્સે યાર્નના સેલ બંધ કરી ઈન્ડસ્ટ્રીને બાનમાં લેવા પ્રયાસ કર્યો હોવાનો આક્ષેપ કરતા વીવર અગ્રણી મયૂર ગોળવાલાએ જણાવ્યું હતું કે, છેલ્લા અઠવાડિયાથી આંતરરાષ્ટ્રીય ક્રૂડ ઓઈલના રેટથી પોતાના યાર્ન રેટ આપવામાં આવી રહ્યાં છે. આ રેટ રેડી ડિલિવરીની શરતે અપાઈ રહ્યા છે. સ્પેશિયલ ક્વોલિટી બનાવતા વીવર્સ યાર્નના ભાવ વધારાના પ્રમાણમાં પોતાના કાપડનો ભાવ વધારી શકે છે. જ્યારે જનરલ ક્વોલિટી બનાવતા વીવર્સ ડિમાન્ડ અને સપ્લાય પર ચાલતા હોવાથી તેઓ તકલીફમાં મુકાઈ શકે છે. ત્યારે મોંઘું યાર્ન લઈ ગ્રે કાપડ બનાવવામાં પરવડે નહી તો કારખાનામાં રજા રાખવી હિતાવહ રહેશે.

# નવાપુરાના અનેક વિસ્તારમાં જાહેર માર્ગો પર ગંદકીના ઢગલા

### શેરી, મહોલ્લાઓના ખુણેખાચરે ભારે ગંદકીનું સામ્રાજ્યથી લોકો ત્રસ્ત

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૧૦**

નવાપુરા ગોલવાડ વોર્ડ નં.૩ ખાતે બાંગ્લાદેશ ટેનામેન્ટ તરીકે જાણીતા વિસ્તારમાં, ચોરસ પેટી તેમજ કાલીપુર આંબાવાડી પાસે ગંદકીના ઢગ આંખે ઉડીને વળગી રહયા છે. માત્ર નવાપુર વિસ્તારમાં નહીં સેન્ટ્રલ ઝોન ઉપરાંત, લિંબાયત ઉધના સહિત શહેરના મોટાભાગના વિસ્તારમાં આ પ્રકારની હાલત છે. ગાર્બેજ કલેકશનના સમયે લોકો કચરો તો કચરો લેવા આવતી ગાડીમાં કચરો તો નાંખે છે પરંતુ દિવસ દરમિયાન એકત્ર થતાં કચરાને લોકો સોસાયટી, શેરી મહોલ્લાના નાકે ઠાલવી રહયા હોવાનું પણ ધ્યાને આવ્યું છે. કચરા ગાડીઓ દિવસમાં એકથી વધુ વખત જે-તે વિસ્તારમાં કચરો ઉઠાવવા જાય તે જરૂરી થઈ પડ્યું છે.

વોર્ડ નં.૩ નવાપુરા ગોલવાડ ખાતે આવેલા બાંગ્લાદેશ ટેનામેન્ટ, ચોરસ પેટી તેમજ કાલીપુર આંબાવાડી પાસે ગંદકીના ઢગ જોવા મળી રહયા છે. સ્થાનિકો દ્વારા મહોલ્લાના નાકે જ મોટી માત્રામાં કચરો ઠાલવવામાં આવતો હોય ગંદકીને કારણે રોગચાળાની દહેશત પણ ઉભી થઈ છે.

# આધેડને બ્લેક મેઈલ કરી રૂા.૩૯ લાખ, પાંચ કિલો ચાંદી,૧૩૦ તોલા સોનું પડાવી લીધું

## ચૌટાબજારના આધેડને હનિટ્રેપમાં ફસાવી જંગી રકમ પડાવી લેનાર ટોળકી વિરૂદ્ધ ગુનો દાખલ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૦**

ચૌટાબજાર કાળા શ્રીપદની પોળ વિસ્તારમાં રહેતા આધેડને બે અઢી વર્ષ પહેલા ચૌટાપુલ મોટા મંદીર પાસે રહેતા મેહુલ જાડીયા, યુસુફ ચોક્સી તેમજ વિનોદ મનાનીએ બારડોલી પલસાણા હાઈવે ઉપર લઈ જઈ ત્યાં એક અજાણી યુવતીને બોલાવી આધેડનો નગ્ન વિડીયો ઉતારી લીધો હતો. જે વિડીયોને આધારે આધેડ વયના વેપારીને બ્લેકમેઈલ કરી બળાત્કારના કેસમાં ફસાવી દેવાની ધમકી આપી આધેડના પિતાની રૂ.૩૯ લાખની એફડી તોડાવી તેમજ પરિવારના ૧૩૦ તોલા દાગીના અને ૫ કિલો ચાંદી સેફમાંથી બળજબરી પુર્વક કઢાવી લેવાયા હોવા અંગેની ફરીયાદ અઠવાલાઈન્સ પોલીસ સ્ટેશનમાં ગઈકાલે નોંધાઈ હતી.

આ અંગે જાણવા મળતી વિગત અનુસાર ચોટાપુલ મોટા મંદીર પાસે રહેતા યુસુફ ચોક્સી, મેહુલ જાડીયા તેમજ રાંદેર તાડવાડી ધનલક્ષ્મી રો હાઉસમાં રહેતા વિનોદ મનાનીએ પુર્વ આયોજીત કાવત્રુ ઘડ્યું હતું. કાવત્રાના ભાગરૂપે આજથી બે અઢી વર્ષ પહેલા ચૌટાબજાર શ્રીપદની પોળ ખાતે રહેતા આધેડ વયના વેપારીને પલસાણા બારડોલી હાઈવે પર લઈ જઈ ત્યાં હની ટ્રેપ ગોઠવી યુવતીને બોલાવી આધેડનો યુવતી સાથેનો નગ્ન હાલતમાં વિડીયો ઉતારી લીધો હતો. જેને આધારે આધેડને બ્લેકમેઈલ કરી બળાત્કારના કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હતી. અવાર-નવારની ધમકીને કારણે આધેડે કંટાળી જઈ ૩૯ લાખની ફીક્સ ડીપોઝીટ તેમજ સેફમાં મુકેલા ૧૩૦ તોલા દાગીના અને ૫ કિલો ચાંદી તેમજ ચાંદીના સિક્કા મેળવી લીધા હતા. ત્યારબાદ ડુપ્લીકેટ ઘરેણા બનાવી આધેડના સેફમાં મુકાવી દેવાયા હતા. આ મામલે આધેડના પરિવારજનોને જાણ થતા ગઈકાલે અઠવાલાઈન્સ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવવામાં આવ્યો હતો.

# માંડવીની વહેર નદીમાં ન્હાવા પડેલા ચાર તણાયા : એકનું મોત

### ગરમીથી ત્રસ્ત નદીમાં ન્હાવા પડેલા ચાર પૈકીના ત્રણ યુવકોનો ઉગારો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૧૦**

સુરત જિલ્લાના માંડવી તાલુકાના મોરીઠા ગામની સીમમાં વહેર નદીમાં બનાવેલા કોઝવેમાં ગઈકાલે બપોરના સમયે ગરમીથી રાહત મેળવવા માટે ન્હાવા પડેલા ચાર મિત્રો પૈકી રીન્કેશન ઉમેદ ચૌધરી ઉ.વ.૨૦ કે જેને તરતા આવડતુ ન હોય ઉંડા પાણીમાં ડુબી જતા તેનું મોત નિપજ્યું હતું. બનાવની જાણ માંડવી પોલીસને થતા પોલીસે અકસ્માત મોત નોંધી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

માંડવી પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર માંડવી અરેઠના ડુંગરી ફળીયું ખોડાઆંબા ગામમાં રહેતો રીન્કેશ ઉમેદભાઈ ચૌધરી ઉ.વ.૨૦ ગઈકાલે બપોરે સવા ત્રણ વાગ્યાની આસપાસ તેના મિત્ર સુનિલ નગીન ચૌધરી, પ્રિન્સલ ચૌધરી તથા મયુર ધારાસિંગ વસાવા તેમજ મેહુલકુમાર ગામીત અને પાર્ત નટરવરભાઈ ગામીત સાથે વહેર નદીમાં કોઝવેના પાણીમાં ન્હાવા માટે ગયા હતા. દરમિયાન ન્હાતા સમયે રીન્કેશને તરતા આવડતું ન હોય તે આકસ્મિક ડુબી જતા મોતને ભેટ્યો હતો. યુવાન પુત્રના મોતને લઈ પરિવારજનો શોકમાં ગરકાવ થઈ ગયા હતા. આ અંગે માંડવી પોલીસે નોંધ લીધી હતી.

# ઉમરા સ્થિત પાસપોર્ટ કચેરીને બોમ્બથી ઉડાવી દેવા ફરી ધમકી

## પોલીસ, ડોગ સ્કવોર્ડ, બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડ દ્વારા તપાસ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૧૦**

સુરતના પીપલોદ વિસ્તારમાં આવેલી મુખ્ય પાસપોર્ટ ઓફિસને વહેલી સવારે ઈ-મેઈલ દ્વારા બોમ્બથી ઉડાવી દેવાની ગંભીર ધમકી મળતા સમગ્ર સરકારી તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. સત્તાવાર માહિતી મુજબ, પાસપોર્ટ ઓફિસના સત્તાવાર આઈડી પર વહેલી સવારે આ ધમકીભર્યો મેઈલ મળ્યો હતો, જેમાં ઓફિસને વિસ્ફોટકોથી ઉડાવી દેવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આ મેઈલ મળતાની સાથે જ સુરક્ષાના ભાગરૂપે કચેરીના તમામ કર્મચારીઓ અને અરજદારોને તાત્કાલિક બહાર કાઢી બિલ્ડિંગ ખાલી કરાવવામાં આવ્યું હતું, જેના કારણે આસપાસના વિસ્તારમાં પણ ભયનો માહોલ જોવા મળ્યો હતો.

ધમકીની જાણ થતાં જ ઉમરા પોલીસનો કાફલો, બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ અને ડોગ સ્કવોડની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને સમગ્ર બિલ્ડિંગમાં સઘન ચેકિંગ હાથ ધર્યું હતું. આ વખતે ધમકીભર્યો મેઈલ ગુજરાતી અને અંગ્રેજી એમ બંને ભાષામાં હોવાથી સાયબર ક્રાઈમની ટીમે પણ આ મામલે તપાસ તેજ કરી છે. પોલીસ દ્વારા આઈપી એડ્રેસના આધારે મોકલનાર શખ્સને ટ્રેસ કરવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

રાજયમાં ફરી એકવાર પાસપોર્ટ ઓફિસ, પોસ્ટ ઓફિસ, યુનિવર્સિટીને બોમ્બથી ઉડાવી દેવાનો ધમકીભર્યો મેઈલ મળ્યો છે. આજે ) વડોદરાની પારૂલ યુનિવર્સિટી, ભાવનગરમાં હેડ પોસ્ટ ઓફિસમાં આવેલા પાસપોર્ટ વિભાગ અને સુરત, જૂનાગઢમાં પોસ્ટ ઓફિસને બોમ્બથી ઉડાવી દેવાનો ધમકીભર્યો મેઈલ મળતા દોડધામ મચી છે.

તો રાજકોટ પાસપોર્ટ-પોસ્ટ ઓફિસ અને અમદાવાદ પાસપોર્ટ ઓફિસને પણ બોમ્બથી ઉડાવવાની ધમકી મળી છે.

બોમ્બ-ડોગ સ્કવોડ અને સ્થાનિક પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને સંકુલને ખાલી કરાવી ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે.



ભારત અને ન્યુઝિલેન્ડ વચ્ચે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં યોજાયેલી ટી-૨૦ ફાઈનલ મેચમાં શાહી વસ્ત્રો ધારણ કરીને જોવા ગયેલા દિપક ઈજારદારની આ તસ્વીર છે.

# લાજપોરમાં કૌટુંબિક વિવાદમાં વાત વણસતા મારામારી, પથ્થરમારો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૦**

ચોર્યાસી તાલુકાના લાજપોર ગામમાં કૌટુંબિક વિખવાદે હિંસક સ્વરૂપ ધારણ કર્યું છે. નાઝનગર વિસ્તારમાં રહેતા ૪૮ વર્ષીય રૂકશાનાબાનુ મંસૂરીએ સલાબતપુરા ખાતે રહેતા તેમના પુત્ર અબરારના સાસરી પક્ષના સભ્યો વિરુદ્ધ ગંભીર આક્ષેપો સાથે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

ગત ૫ માર્ચ ૨૦૨૬ના રોજ રાત્રિના સમયે રૂકશાનાબાનુના પુત્ર અબરારના સાસરી પક્ષના લોકો બે રિક્ષામાં સવાર થઈને લાજપોર ખાતેના તેમના ઘરે ધસી આવ્યા હતા. ઘરની બહાર

અનુસંધાન પાના ૭ પર

# ઘોડદોડ રોડની ઓઝેડ હાઉસની ઓફિસનો સોદો કરી છેતરપિંડી

## આરોપીએ સમાધાન પેટે આપેલા ચેક રિટર્ન થતા મામલો પોલીસમાં

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૧૦**

શહેરના અડાજણ વિસ્તારમાં રહેતા કન્સ્ટ્રક્શન વ્યવસાયી યશ યોગેશકુમાર ખન્નાએ અઠવા લાઈબ્રેરી સામે આવેલી મિલકતના સોદામાં થયેલી રૂપિયા ૩૦ લાખની છેતરપિંડી અંગે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

પોલીસ સૂત્રોએ જણાવ્યા મુજબ આરોપી હોઝેફા ઈશાકભાઈ ચેચતવાલા (હુશેની બીલ્ડીંગ બીજો માળ રૂમ નંબર એકત્રીસ ઉમરખાડી જેલ રોડ ડોંગરી મંબઈ નવ મહારા જી. મુંબઈ સિટી)એ ઘોડદોડ રોડ પર સ્થિત 'ઓઝેડ હાઉસ' (OZ House) બિલ્ડિંગમાં પાંચમા માળે આવેલી ઓફિસ નંબર ૫૦૧ અને ૫૦૨નો વેચાણ કરાર જુલાઈ ૨૦૨૪માં ફરિયાદી સાથે કર્યો હતો. જોકે, આરોપીએ આ જ મિલકત અન્ય વ્યક્તિને વેચી મારી હતી. વિવાદ સર્જાતા સમાધાન પેટે આરોપીએ ફરિયાદીને ૮૦ લાખ ચૂકવવાનું નક્કી કર્યું હતું અને તેના બદલામાં સુરક્ષા માટે રૂપિયા ૧૦-૧૦ લાખના ૮ ચેક આપ્યા હતા.

આરોપીએ આપેલા ચેકમાંથી રૂપિયા ૫૦ લાખના ચેક પાસ થયા હતા, પરંતુ બાકીના રૂપિયા ૩૦ લાખના ત્રણ ચેક બેંકમાંથી રિટર્ન થયા હતા.ફરિયાદીએ વારંવાર ઉઘરાણી કરવા છતાં આરોપીએ બાકીની રકમ ચૂકવી નહોતી અને વિશ્વાસઘાત કર્યો હતો. આ મામલે પોલીસ ઈન્સ્પેક્ટર એમ.એન. જાડેજાએ ગુનો નોંધી પોલીસે વધુ તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળી રહ્યું છે.

# સુરતમાં ગરમીનું યલો એલર્ટ બપોરે ૧૨ વાગે પારો ૩૭ ડિગ્રી

### સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં કાળઝાળ ગરમી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૧૦**

શહેરમાં ગરમીની શરૂઆત થઈ ગઈ છે ત્યારે આગામી બે દિવસ દરમિયાન સુરત સહિત દ.ગુજરાતમાં વાતાવરણ વિભાગ દ્વારા ગરમીનું યલો એલર્ટ આપવામાં આવ્યું છે. દરમિયાન ગઈકાલે મહત્તમ તાપમાનનો પારો ૪૦ સેલ્સિયસ ડિગ્રી પર પહોંચી ગયો હતો. દરમિયાન આજે બપોરે ૧૨ વાગતા જ મહત્તમ તાપમાનનો પારો ૩૭ સેલ્સિયસ ડિગ્રી પર પહોંચી ગયો હતો. સુર્યકિરણોની તિવ્રતા વધવા સાથે આજે હવામાં ભેજનું પ્રમાણ ઓછુ રહેતા લુનો સામનો શહેરીજનોએ કરવો પડ્યો હતો.

હવામાન વિભાગ પાસેથી મળતી વિગત અનુસાર આજથી બે દિવસ દરમિયાન ગરમીનું યલો એલર્ટ જાહેર કરાયું છે. મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીને આંબે તેવી પણ શક્યતા છે દરમિયાન ગઈકાલે મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી નોંધાવા સાથે સાંજ પડતા જ ભારે ઉકળાટ અને બફારાનો સામનો કરવો પડયો હતો. આજે બપોરે ૧૨ વાગતા જ મહત્તમ તાપમાનનો પારો ૩૭ સેલ્સિયસ ડિગ્રી પર પહોંચી ગયો હતો.

# અડાજણમાંથી પ્રતિબંધિત સિગારેટનો જથ્થો પકડાયો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૦**

શહેરના અડાજણ વિસ્તારમાં ગંગેશ્વર મંદિર રોડ પર આવેલી એક દુકાનમાં પ્રતિબંધિત અને ગેરકાયદેસર સિગારેટનું વેચાણ કરતા ઈસમને પોલીસે ઝડપી પાડ્યો છે.

અડાજણના બોસ્ટન ટી સેન્ટરની સામે આવેલી દુકાનમાં પ્રીત દીપકભાઈ સોની (ઉંમર ૨૩, રહે. ગોપીપુરા) નામનો યુવક નિયમોનું ઉલ્લંઘન કરી સિગારેટનું વેચાણ કરતો હતો. પોલીસ તપાસ દરમિયાન તેની પાસેથી 'એસ્સે લાઈટ્સ' અને 'દ્રાજુમ બ્લેક ક્લોવ' કંપનીના કુલ ૬૦ નંગ સિગારેટના પેકેટો મળી આવ્યા હતા, જેની કિંમત ૩,૬૦૦/- આંકવામાં આવી છે.

આ સિગારેટના પેકેટો પર નિયમ મુજબ કેન્સરની જાગૃતિ ફેલાવતી કોઈ છબી, સ્કલ-ક્રોસબોન કે શારીરિક નુકસાન અંગેની ચેતવણી ભારતીય કે

અનુસંધાન પાના ૭ પર